


અમદાવાદના ત્રીજા અખિલ હિંદ ફોટો પ્રદર્શનમાં રૌપ્યપદક મેળવનાર કૃતિ

ગોપકુમાર : ફોટો : પી. આર. સિંહ

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

તંત્રી · બચુભાઈ રાવત

૧૯૪૬

૨૭૫


આ અંક

રવિશંકર રાવળ



ગૌમુખનું સૌન્દર્ય (પિછવાઈનું ચિત્રકામ–એક પ્રાચીન કળા) નકલ ઉતારનાર: જગુભાઈ શાહ

પિછવાઈ એટલે વૈષ્ણવ મંદિરમાં ઠાકોરજીની પાછળ શોભા આપવા માટે રાખવામાં આવતો ચીતરાએલો પટ. વૈષ્ણવી સંપ્રદાયની પૂજામાં કળાના જે વિવિધ પ્રકારોને સ્થાન આપવામાં આવ્યું છે તે પૈકી આ પિછવાઈ પણ સુંદર ચિત્રકારીનો નમૂનો હોય છે. સૂરતના કલારસિક ગૃહસ્થ શ્રી કંચનલાલ ગાગાવાળાના ઘરમાં ત્રણ પેઢીથી ઘરના ઠાકોરજી માટે સંગ્રહાએલી લગભગ ૫૦૦ વર્ષ જૂની પિછવાઇમાંના એક વેંત જેટલા ભાગમાંથી આ ઉપર આપેલી ગાયોનાં ચિત્રો ઉતારી લેવામાં આવ્યાં છે. એટલા એ ટુકડામાં, ગાયોની મોટી અશરાફ આંખોમાં જે સજીવતા ને સૌન્દર્ય ઊભરાતાં લાગે છે તે પરથી એ આખી યે પિછવાઈની કારીગરી કેટલી ઉત્કૃષ્ટ હશે તેનો ખ્યાલ આવશે. એ મૂળ પિછવાઈ લગભગ છ ફૂટ ઊંચી અને ચાર ફૂટ પહોળી છે. તેમાં વૃક્ષો, મંદિરો, પશુઓ અને પ્રાણીઓનાં ચિત્રોથી આસપાસનો દેખાવ ભરી દેવામાં આવ્યો છે, અને વચલા ગાળામાં કદંબ વૃક્ષની નીચે બંસીધર કૃષ્ણની બે આકૃતિઓ ચીતરેલી છે. પણ ખાસ કરીને તો એમાંનું ગાયોનું ધણ ચીતરતાં કલાકારની પીંછીએ જે વિવિધ વળાંકો અને સુંદર મરોડથી શીંગાળી છોગાળી ગાયો ચીતરી છે તેમાં રહેલો ગૌપ્રેમ ને ગૌમુખનું ગમતાળુ સૌન્દર્ય આપણા દિલને આકર્ષી લે છે. ક્યાંકક્યાંક ગૌરવભર્યાં માનવપાત્રો પણ છે. આ સાથેનાં સાદાં આલેખનો પણ એ બંનેનો ખ્યાલ આપશે. એ આખી પિછવાઈનું ચિત્ર પાછલા પૃઠામાંની ચિત્રપ્લેટમાં આપેલું છે — ર.





નવેમ્બર ૧૯૪૯

કુમાર

અંક ૨૭૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો તથા પ્રકીર્ણ

ગ્રાહકોને


કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર અમદાવાદ વાર્ષિક લવાજમ રૂ. ૬; પરદેશમાં રૂ. ૭-૮-૦ અથવા ૧૨ શિલિંગ. છુટક નકલના દસ આના.

જાહેરખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ કંપની, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ–૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.

માનવી શું કરી શકે

	ચોખા	એકર દીઠ રતલ	ઘઉં	એકર દીઠ રતલ
હિંદુસ્તાન		૧૩૩૬		૫૯૧
ઇંગ્લાંડ				૧૯૬૧
જાપાન		૩૨૩૨		૧૩૯૮
ઇજીપ્ત		૨૬૧૦		૧૮૬૯
ઇટાલિ		૩૫૦૦		૮૦૦
ચીન		૨૫૦૦		૧૦૫૦



આપણી માફકજ ચીન અને ઇજીપ્ત જૂના જમાનાથી ખેડાય છે છતાં આપણી એકર દીઠ ઉપજ તેનાથી અરધી છે

જમીનનો ઉપયોગ



ચાલુ પડતર ૮.૯ %
૪૫૦ લાખ એકર



જંગલો ૧૩.૩ %
૬૮૦ લાખ એકર



ખેડી ન શકાય તેવી ૧૬.૯ %
૮૭૦ લાખ એકર



ખેડી શકાય તેવી પડતર ૧૯.૧ %
૯૮૦ લાખ એકર



વાવેતર ૪૧.૮ %
૨૧૪૦ લાખ એકર

આપણો પછાત પાક અને એળે જતી ધરતી

આપણો દેશ આવડો મોટો વિશાળ હોવા છતાં રાજ્યસત્તાની ઈરાદાપૂર્વક અવગણના ને પ્રજાની અજ્ઞાનમૂલક બેદરકારીને પરિણામે જગતના બીજા દેશોના પ્રમાણમાં આપણી જમીન પાસેથી આપણે કેટલો ઓછો પાક પામીએ છીએ તેના અસરકારક આલેખ ડાબી બાજુના ચિત્રમાં આપેલા છે. એક ચીન સિવાય ઈંગ્લંડ, જાપાન, ઇજિપ્ત ને ઈટાલી જે કદમાં હિંદ કરતાં અત્યંત નાના છે તેના ઘઉં-ચોખાના પાક એકર દીઠ કેટલા રતલ ઊતરે છે તે જુઓ અને હિંદ કેટલું પાછળ છે તે સરખાવો. એજ ચિત્રની નીચે દર્શાવ્યા પ્રમાણે ચીન અને ઇજિપ્ત આપણા જેવા જ પુરાણા દેશ હોવા છતાં તેમના પાક આપણા કરતાં બમણા ઊતરે છે અને આપણો ખેડૂત દાઢીએ હાથ દઈને બેઠો છે. આ પછાત દશાનું કારણ શું? એક કારણ જમણી બાજુના ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે એ છે કે આપણા દેશની સમગ્ર જમીનનો આપણે પૂરેપૂરો ઉપયોગ કરતા નથી. આપણી કુલ જમીનમાંથી માત્ર ૪૧.૮ ટકા જમીનમાં જ આપણે વાવેતર કરીએ છીએ અને બાકીના ૫૮ ટકામાંથી જંગલોના ૧૩ ટકા બાદ જતાં ૪૫ ટકા જેટલી જમીન અણખેડ અને પડતર રહે છે. આપણી એળે જતી એ અરધોઅરધ ધરતીનો યથાર્થ ઉપયોગ આપણે કરતા થવું જોઇએ, એ આ આલેખનો બોધપાઠ છે. (ચી. ન. વિદ્યાવિહારના સૌજન્યથી)

વેળુકણ


• શિખરિણી •

અમે કાંઠે ઊભા ખડક ખમતા સિન્ધુજળની
ખફા, યોદ્ધા શા ના કરત પરવા શત્રુદળની;
ઝિંકાતા ઘા છોને, સ્થલ નિયતથી ના જ ડગવું,
ચહે આપત્તિમાં અધિક ઉલટું ધૈર્ય ચગવું.

અમે કાંઠે ઊભા અડીખમ સમા, સ્વસ્થ થઈને,
મિલાવી હાથો ને પરસપરને સાથ દઈને;
અમારો ના તૂટ્યો ગઢ, અજિત એ આખર લગી
રહ્યો, ને સિંધુનાં પશુબળ ગયાં છેક જ ફગી.

છતાં સામાદિથી અમ મહીં કર્યાં છિદ્ર, તહીંથી
પ્રવેશીને વ્હોળા જળકણ થયા ફોડી મહીંથી;
અમે આજે આંહીં તટ પર પડ્યા વેળુકણ થૈ,
રહ્યા ચંપાઈ યે રિપુપદ તળે. આશ પણ ર્‌હૈઃ
અમે બેઠા થાશું, હજીય ખડકો કો દિ’ બનશું,
અને સિન્ધુ આડા ફરી શરીરના કોટ ચણશું.

દેવજી રા. મોઢા



જ્વલંત આ જીવન યજ્ઞવેદિ,
એમાં જલી ભવ્ય જરી થવું હવિ,
ને રક્ષવી અંતર, ભસ્મશાન્તિ !

દેશળજી પરમાર

દૂરથી આવે કોઇનું ગાણું

દૂરથી આવે કોઇનું ગાણું,
સ્મરણના શત દીવડે, ધૂસર
ટમકી ઊઠયું સાંજનું ટાણું.
રજની દિનની, નજરને તીર
સુભગ મિલન વેળા,
શીતલ પવન, જલ થલ સહુ
મૌનમાં ડૂબેલાં :
શાન્ત હૃદય-બીન પે કોણે ત્યાં
જગવ્યું ગીત પુરાણું ? . . . દૂરથી૦
આજની ભૂમિએ અતીત મધુર
આવિયો વિધુર વેશે,
નીલકમલની પાંખડી ધરતો
શિથિલ રે મુજ કેશે :
પાંપણનાં જલમાંહ્ય તથાપિ
ઊછળે સુખ અજાણ્યું . . . દૂરથી૦
ભાંગેલ ઘટમાં આજ લગી રહ્યો
કેમ કરી જનમારો ?
જૂઠા કસબનો ઝળકતો છોડી
સાથ અને સથવારો;
દૂરને મુલક, અદીઠને બલ
ઉર ખેંચાય રે છાનું . . . દૂરથી૦

રાજેન્દ્ર શાહ

અગ્નિને

હે અગ્નિ, આવ્યો તું, ભલે જ આવ્યો !

ઈચ્છા ઘણી યે તુજ પાસ આવવા
ઘણા ય તે કાળ થકી હતી મને;
પરન્તુ ભીરુ પગ ચાલતા ન’તા.
આવ્યો સ્વયમ્ તું: મુજ સ્વાગતમ્ તને !

રે, શાન્તિ ના મધ્યમ જીવને આ !

કથીર જો હોશું, અને બળી જશું
તો શી જ ચિન્તા ? નહિ તો જલી જઇ
એ અગ્નિમાંહી, નવલા સ્વરૂપે,
જન્મે નવા, નીકળશું થઈ હેમા !

પ્રજારામ રાવળ

નૈવેદ્ય

કોઈ ધરે તુલસીપત્ર, કોઈ કનકફૂલ;
કોઈ ધરે હીરા મોતી, કોઈ મણિ અમૂલ. કોઇ૦

કોઈ ધરે હસ્તિ વાજી, કોઈ રથ અતૂલ;
કોઈ ધરે રત્નજડિત નવલ ધોરી ઝૂલ—કોઈ૦

કોઈ ધરે દીપક કોટિ, કોઈ કમલફૂલ;
કોઈ ધરે અગરૂચારૂ, કોઈ તો પટકૂલ—કોઇ૦

કોઇ ધરે જીવન આખું, કોઈ મુઠી તાંદુલ;
હું તો ઊભું તારે દ્વારે મુક્ત ગીતચંડુલ—કોઈ૦

રતિલાલ છાયા

'કુમાર'ના સુપરિચિત **શ્રી શરદીન્દુ વંદ્યોપાધ્યાય**ની નવી જ બંગાળી વાર્તા

અ નુ વા દ ક · ર મ ણિ ક મે ઘા ણી

આ ☜ અને ☞ તે

વાળુ પતાવી ત્રણે મિત્રો દીવાનખાનામાં આડા પડયાપડયા વાતો કરતા હતા. ત્રણે ય ઉંમરે ચાળીસ લગભગના હતા. વિનોદ દાક્તર હતો. છેલ્લા એક દાયકાથી એ દાક્તરી કરે છે ને સારી પેઠે જામી પણ ગયો છે. અતુલ ને શરત વકીલ છે. અતુલ અલિપુરમાં અને શરત કલકત્તા હાઇકોર્ટમાં પ્રૅક્ટીસ કરે છે. એમણે પણ પોતાના ધંધામાં નામના મેળવી છે. આજે પત્નીને કંઈક વ્રત હોઇને એ પ્રસંગે શરતે બંને મિત્રોને આમંત્રણ આપ્યું છે.

વિવિધ વાતોમાંથી સહુ પોતપોતાના વ્યવસાય-જીવનના અનુભવોની વાતે ચડી ગયા. તકિયા પર કોણી ટેકવી, આંખો મીંચી અતુલ હોકાની નળીમાંથી સુગંધિત ધુમાડાનો એક લાંબો દમ ખેંચતાં બોલ્યો, 'જેમજેમ આ ધંધામાં ઊંડો ઊતરતો જાઉં છું તેમતેમ લાગે છે કે દુનિયામાંથી દયા, માયા, ધર્મ બધું જ જાણે પરવારી ગયું છે. માત્ર સ્વાર્થ, કુટિલતા, બીજાનું હોઈયાં કરી જવાની વૃત્તિ જ બધે દેખાય છે. વધુ સમય આ ધંધામાં રહ્યે કદાચ ન્યાયઅન્યાયનો ભેદ મનમાંથી ભુંસાઇ જશે એમ લાગે છે. માત્ર કઇ રીતે મુકદ્દમો જીતવો એ એક જ વાત સહુથી મોટી લાગે છે.'

કંઈક વિચારતાં વિચારતાં શરતે કહ્યું, 'એ ખરૂં છે. અદાલતમાં માનવ-પ્રકૃતિની કાળી બાજુ જ વધુ દેખાય છે. એ સારી હોઇ શકે તે તેની ઊજળી બાજુ જાણ્યા વિના બરાબર લાગતું નથી. ઠગ શોધવા જતાં જાણે ગામ આખું ઉજ્જડ થઈ જશે એમ લાગે છે.'

અતુલે કહ્યું, 'ફક્ત એવું લાગે છે એમ નહિ, એ જ ખરૂં છે. તમે શું માનો છો એ નથી જાણતો, પણ હું તો માનું જ છું કે કૃતજ્ઞતા નામના જે સદ્‌ગુણને કાવ્ય અને નવલકથામાં ગાવામાં આવે છે, એ દુનિયામાંથી તદ્દન નાબૂદ થઈ ગયો છે—'

વિનોદ હસતોહસતો બોલ્યો, 'તમે બધા નાહક 'સિનિક' થઇ ગયા છો. માનવી પરનો વિશ્વાસ ગુમાવવો યોગ્ય નથી. એમાં આપણું જ નુકસાન છે.'

અતુલે કહ્યું, 'લાભ-નુકસાનની તો કંઇ ખબર નથી; પણ જે જોયું છે, જાણ્યું છે એની જ વાત કરૂં. કૃતજ્ઞતાનાં દર્શન નથી થયાં એનો હવે અફસોસ પણ નથી થતો. પ્રાચીન કાળનો ઐરાવત—દસ સૂંઢાળો હાથી હવે નથી રહ્યો એનો શોક કરવો જેમ નકામો છે એ જ રીતે ! નક્કર સત્યને સહજપણે સ્વીકારી લેવું જ રહે છે.'

ઓચિંતો શરત બોલી ઊઠયો, 'એક વાત યાદ આવી જાય છે. એવું તો ઘણી યે વાર થયું છે, કે જેના પર ઉપકાર કર્યો હોય એ જ એવો દગો આપે કે બસ. પણ આ એક પ્રસંગ તો કેમે કર્યો નથી ભુલાતો.' ને થોડીવાર રહીને એ બોલ્યો, 'વચ્ચે હું ખરાબ ચરિત્રનો ગણાયો હતો એ તો તમે સાંભળ્યું હશે ?'

અતુલે કહ્યું, 'હા, સાંભળ્યું હતું ખરૂં. કોક કહેતું હતું કે હમણાં તો શરતબાબુ ખૂબ ઊડે છે. મેં કહેલું કે હમણાં તો ઊડવાનો જ જમાનો છે, એમાં શરત ખોટું શું કરે છે? પૈસા હોય તો તું યે ઊડને ?'

વિનોદ હસીને બોલ્યો, 'મારે કાને પણ વાત આવી હતી. કહેનારનું નામ નહિ આપું, પણ એવું તો આબાદ વર્ણન કરેલું કે વાત ન માનવી એ આકરૂં હતું. છતાં યે—'

તમારા બે અને મારી પત્ની સિવાય બીજા કોઇકે જ એ વાત સાચી માનવાની ના પાડી હશે. એટલે સુધી કે કેટલાક ધંધાદારી મિત્રો પણ 'મઝા' માણવાને લોભે મારી સાથે વધુ ભળવા લાગ્યા હતા! એ બધા વિચારતા હશે કે ચાલો, એક માલદાર સરદાર મળ્યો છે.'

'પણ થયું હતું શું ?' અતુલે પૂછ્યું.

શરતે હસીને કહ્યું, 'એક જણ ઉપર ઉપકાર કરેલો. વાત સાવ સાધારણ છે. સાંભળશો તો હસશો. અતુલ, તું તો પેલા નિતાઇને ઓળખે છે. અલીપુરમાં પ્રૅક્ટીસ કરે છે. જુનિયર વકીલ. દૂરના સંબંધે મારો સગો થાય છે. એ નિતાઈની સ્થિતિ પહેલાં સારી હતી. એનો બાપ મોટા પગારની નોકરી કરતો. પણ એના અવસાન પછી એ લોકોની માઠી દશા બેઠી. ઘરમાં રળી શકે તેવા માણસોમાં એક નિતાઈ એકલો જ. એણે ત્યારે વકીલાત તાજી જ શરૂ કરેલી, એટલે આર્થિક સ્થિતિ કેવી હોય એ કલ્પી શકશો.

સગો હોવા છતાં યે એ લોકોને અમારી સાથે ઝાઝો સંબંધ ન હતો. ક્યારેક વિવાહ જેવા ખાસ પ્રસંગે ભેગા મળતા એટલું જ. ત્રણેક વર્ષ પહેલાં મારી બહેન શાન્તાના દીકરાના અન્નપ્રાશન ટાણે ગએલો, ત્યાં નિતાઈ સાથે ભેટો થઇ ગયો. ઘણા દિવસથી મળ્યો નહોતો. ઓચિન્તો એ મળી જતાં હું ચમકી ઊઠયો. એના મોં પર એની સ્થિતિની—એની દરિદ્રતાની છાપ દેખાઈ આવતી હતી. દેખાવે, રૂપેરંગે એ સોહામણો હતો—છતાં ખરાબ આર્થિક સ્થિતિએ એના મોં પર જાણે કાળો પડદો પાડી દીધો હતો. આંખોમાં સદા યે એક ત્રસ્ત સંકોચનો ભાવ (જાણે સહુથી કંઈક શરમજનક વાત એ છુપાવવા માગતો ન હોય તેવો) હતો.

એણે આવીને મને પ્રણામ કર્યાં. મેં પૂછ્યું, કેમ છો ? જવાબ મળ્યો, ઠીક છું. મેં પૂછ્યું, વકીલાત કેવીક ચાલે છે ?

મનમાં બહુ અનુતાપ થયો. સગો ભલેને દૂરનો રહ્યો, પણ સગો તો છે જ ને ? મેં ધાર્યું હોત તો હું એને માટે કંઈ કરી ન શકત શું ? સંસારયુદ્ધમાં એ અભિમન્યુની જેમ એકલો લડાઇ કરતાં કેટલે ય સ્થળે ઘવાયો જખમાયો હતો, અને હું મારા કાર્યમાં એવો મસ્ત હતો કે એની તરફ ફરીને જરાવાર જોવાની યે ફુરસદ નહોતો લેતો.

અને મેં મનોમન નક્કી કર્યું કે એને માટે કંઈક કરવું જ. પણ એ પૂર્વે એને સહુથી વધુ મુશ્કેલી શી છે એ જાણવી જરૂરી હતી. આવેશમાં આવી ઉપકાર કરવા જતાં એની મુશ્કેલી વધારી ન મુકાય એ જોવાનું હતું. માનઆબરૂ એવાં ને એવાં રાખી, એને ને એના કુટુંબને ખરેખરી મદદ થાય તેવું કંઈક મારે કરવું હતું.

ત્યાં બીજું કોઇ ન હતું. કુશળતાથી એને પૂછવાનું મેં શરૂ કર્યું. ફોસલાવીફોસલાવીને બેચાર પ્રશ્નો પૂછતાં એણે એની ખરાબ આર્થિક હાલતની વાત જાહેર કરી. ખૂબ જોર કરીને જે વાત એ દાબી રાખતો હતો તે અચાનક એના મોંમાંથી નીકળી ગઇ. આખરે એ બોલ્યો: બીજું તો કંઇ નહિ શરત'દા; અસીલો તો અવારનવાર મળી રહે છે. કામ પણ ખાસ મોળું કરૂં છું એવું નથી. પણ એક વસ્તુને અભાવે

બધું યે એળે જાય છે. કાયદાપોથીઓ નથી. તમે જ કહોને, પોતાની કાયદાપોથી વિના વકીલાત કેમ કરી શકાય? પ્રત્યેક રૂલીંગ માટે જો બાર લાયબ્રેરીમાં દોડવું પડે તો વકીલાત કરવી એ વિડમ્બના જ કહેવાય ને? જે અસીલો એકવાર આવે છે તે મારી હાલત જોઇ બીજી વાર મારી પાસે આવતા નથી. તમને વધુ શું કહું? એક સારો એવો સિવિલપ્રોસીજર ખરીદવાની યે મારી શક્તિ નથી. એકીસાથે ત્રીસપાંત્રીસ રૂપિયા ક્યાંથી ખર્ચું? પેટમાં યે કંઈક નાખવું પડે ને?

મેં કહ્યું, લૉ બુક્સ મળશે, પછી તો બરાબર ચલાવી શકીશ ને?

અધીર થઇને એ બોલ્યો: એવું લાગે તો છે. છતાં કહી ન શકું. કરમમાં જ જો કઠણાઈ માંડી હોય તો . . .

મેં કહ્યું: વારૂ, કઈકઇ ચોપડીઓ જોઇએ તેનું લિસ્ટ કરીને મને આપજે. હું મોકલી આપીશ. એ સાંભળી એની આંખમાં આંસુ આવી ગયાં. રડુંરડું થતો એ બોલ્યો, શરતદા, તમારો ઉપકાર કદી યે નહિ ભૂલું.

વળતે દિવસે નિતાઇ તરફથી એક મોટું લિસ્ટ હાજર થયું! મેં એ બુકસેલરને મોકલીને સૂચના આપી કે બધી ચોપડીઓ નિતાઇને મોકલી આપી બિલ મારે નામે બનાવે. લગભગ આઠસોએક રૂપિયા-નું બીલ થએલું!

એ પછી બીજાં કામકાજમાં નિતાઇની વાત સાવ ભૂલી જ ગયો હતો. ઓચિંતું પખવાડિયા પછી યાદ આવ્યું કે નિતાઈ તરફથી પેલી ચોપડીઓની કંઈ પહોંચ તો આવી નથી. ફોન કર્યો તો એ લોકોએ કહ્યું કે પુસ્તકો તો ઘણા દિવસ પહેલાં ગયાં છે અને નિતાઈના હાથની પહોંચ પણ એનો માણસ આવીને બતાવી ગયો.

વિચાર્યું કે શું થયું? નિતાઇએ કાગળ તો નક્કી લખ્યો જ હશે. ટપાલમાં ગોટાળો થયો કે શું? જે હોય તે નિતાઈને પુસ્તકો પહોંચી ગયાં, પછી નાહક ચિંતા શા માટે કરવી?

એ પછી બે'ક મહિના બાદ મારા કાને મારા વિરુદ્ધની વાતોનાં છાનગપતિયાં પડવા લાગ્યાં. ત્રાંસી નજરે થતા ઈશારા યે જોયા. પહેલાં તો એ પર ધ્યાન જ ન આપ્યું; પણ ઉત્તરોત્તર એ બધું વધતું જતું જોયું. ને એક દિવસે તો મારી પત્નીએ હસતાંહસતાં કહ્યું યે ખરૂં, કે સાંભળ્યું છે કે તમે આ ઉમરે હવે પેલી બાજુ જવાનું શરૂ કર્યું છે!

'તેં ક્યાંથી સાંભળ્યું?'

'આજે સાંજે હીરાબાબુની વહુ બેસવા આ-વ્યાં હતાં. ખૂબખૂ બસહાનુભૂતિ બતાવીગયાં.'

મેં નિર્ણય કર્યો કે આ વાતનું મૂળ શોધવું જ. ઉપેક્ષા કર્યે નહિ ચાલે. મનમાં ને મનમાં હું રોષે બળવા લાગ્યો. મારે કોઈની સાતપાંચ તો હતી નહિ. ને જાણીજોઇને કોઈનું બગાડ્યું હોય એવું યે યાદ નહોતું આવતું. છતાં મારે નામે આવું જૂઠું કલંક મૂકનારને શો ફાયદો હશે?

બીજે દિવસે જોગાનજોગ નિતાઇનો ભેટો થઈ ગયો. તે દહાડા બાદ એ નહોતો જ મળ્યો. ફુટપાથ પર ચાલ્યો જતો હતો. મને સામે જોતાં જ ભૂતને જોઇને ચમક્યો હોય તેમ એ ચમક્યો. ને પછી, હું કંઇ બોલું એ પહેલાં તો એ મારી સામેથી ક્યાંનો ક્યાં ચાલ્યો ગયો! કંઈ જ સમજવું બાકી ન રહ્યું. હૃદયમાં જાણે આગ ઊઠી. ખૂબી તો જુઓ! જ્યાં સુધી તેના પર મેં કંઈ જ ઉપકાર નહોતો કર્યો, ત્યાં સુધી મારે વિષે કદીયે એ સારૂંનરસું કંઇ જ નહોતો બોલ્યો. મારે વિષે સંપૂર્ણ ઉદાસીન, નિર્લિપ્ત હતો. પરંતુ જેવો મેં એના પર આ-ટલો ઉપકાર કર્યો કે તુરત મારી વગોવણી કરવાનું એણે શરૂ કરી દીધું!

આ કામનો કરનાર નિતાઈજ છે એ વિષે શંકા ન રહી છતાં સાક્ષાત પ્રમાણ વિના માત્ર એના વિચિત્ર વર્તન પરથી જ એને દોષિત માનવો એ બરાબર ન હતું. એથી મેં રીતસરની તપાસ આરંભી.

ખબર પડી કે આ વાત વિષે કેશવ મિત્તર નામે એક છોકરડો વકીલ બહુ ઉત્સાહી હતો. એને એક દિ બાર લાયબ્રેરીમાં પકડ્યો. બીજા ઘણા ત્યાં હતા. મેં પૂછ્યું, કેમ? કામકાજ તો સારૂં છેને? વકીલાત કરવા નીકળ્યો છો, પણ પીનલકોડનાં છેલ્લાં પાનાં જોયાં નથી કે શું?

એણે આભા જેવા બનીને કહ્યું: 'શું...શું...શું કહો છો?'

મેં કહ્યું, 'કહું છું કે મારી જે બદનામી કરતો ફરે છે એનું શું પરિણામ હોઇ શકે તે જાણે છે? કદિ વિચારી જોયું છે?'

એને પૂરો રેચ લાગ્યો. એ બોલ્યો, 'તે હું શું કરૂં? તમારો સગો જ કહેતો હોયતો પછી મારો શો દોષ? મેં તો કાંઈ નજરોનજર જોયુંનથી.'

એને એક બાજુ લઈ જઈ મેં પૂછ્યું, 'તને કોણે કહ્યું?'

'નિતાઇએ!'

'એમ ને એમ જ કહેતો હતો કે કોઇ ખાસ પ્રસંગોપાત?'



એણે કહ્યું. 'નિતાઇ મારો મિત્ર છે. બેત્રણ મહિના અગાઉ હું એને ત્યાં ગએલો, ને જોયું તો તમે એને ઘણાં પુસ્તકો ભેટ મોકલેલાં; —મારી સામે જ માણસ એ આપી ગએલો. નિતાઇએ હસીને કહેલું કે તમે એનું મોં બંધ કરવા માટે જ આમ . . . . . .'

વાત પૂરેપૂરી સમજાઈ ગઈ. કેશવને કંઈ વધુ કહી શકયો નહિ. નિતાઇ વિષે વિચાર કરતો કરતો હું પાછો ફર્યો."

ઘણીવાર સુધી ત્રણે મિત્રો ચૂપ રહ્યા. આખરે એક નિશ્વાસ મૂકી વિનોદ બોલ્યો, 'હઁ; દુનિયામાં ભાતભાતનાં માણસ છે! હું યે મારો એક અનુભવ કહું, સાંભળો. ઘણો વખત થઇ ગયો એ વાતને. ત્યારે મારા દવાખાનાની શરૂઆત જ હતી.

મછુવા બજ્જર અને બાદુડબગાનને નાકે મેં નાનું દવાખાનું ખોલ્યું હતું. રહેવાનું દવાખાના ઉપર જ રાખેલું. ત્યારે હું પરણ્યો ન હતો.

દવાખાનું સારૂં ચાલતું હતું. એવે સમયે એક દિવસ મારવાડીઓ સાથે મુસલમાનોને કંઈ ઝગડો થયો. વાત નહિ, ચિત નહિ ને હિન્દુ-મુસલમાનોએ એક દિ સવારે ઊઠીને એકબીજા પર આક્રમણ શરૂ કરી દીધું. લાઠી, છરા વગેરેનો ઉપયોગ છૂટથી થવા લાગ્યો.

એ ભયંકરતાનું સવિસ્તર વર્ણન કરવાની કંઇ જરૂર નથી. તમે પણ એ વખતે કલકત્તામાં જ હતા, એટલે થોડુંઘણું જોયું—જાણ્યું હશે જ. મારા દવાખાનાની સામે જ ત્રણ ખૂન થઇ ગયાં. આંખોઆંખ જોયું, છતાં કંઇ કરી ન શકયો. આખો લત્તો જ મુસલમાનોનો. હું હિંદુ. એવી સ્થિતિમાં મારા હિંદુત્વનું પ્રદર્શન ન કરવામાં જ સલામતી હતી.

છતાં મેં દવાખાનું ખુલ્લું રાખી મુસલમાન તેમજ હિંદુઓને વિનામૂલ્યે પાટાપીંડી કરવાનું ને દવાદારૂ આપવાનું સાહસ કરેલું. એમ ન કરત તો મારી જાતને જ હું મોં દેખાડવા લાયક ન રહેત.

એ લત્તામાં નૂરમિયા નામનો એક ગુંડો હતો. પોલીસથી માંડીને શેરીનાં કૂતરાંબિલાડાં પણ એને ઓળખતાં એમ કહી શકાય. ગજબનો ભયંકર ગુંડો હતો એ. કદાચ આખા કલકત્તામાં એની જોડી ન જડે. ખુલ્લે આમ કોકેનનો વેપાર કરતો, છતાં કોઇની તાકાત ન હતી કે જઇને એ નૂરમિયાને પકડાવી દે.

હુલ્લડ વખતે એ મારા દવાખાનાની પાસેની જ એક ગલીમાં છુપાઇને બેસતો. રસ્તો વેરાન જોઈ, કોઇ એકલદોકલ હિંદુ ત્યાંથી પસાર થતો દેખાતાં એ હાથેક લાંબો છરો લઇ, બિલ્લી પગે એની પાછળ પહોંચી વાંસામાં કે પેટમાં તે પરોવી દેતો. છરો માર્યા ભેગો જ એ અદૃશ્ય બની જતો! એ પછી થોડીવાર ચીસાચીસ, હો હા, પોલીસની સીટી, ઍમ્બ્યુલન્સ આવવાનો અવાજ. અને જખમાએલ વ્યક્તિ સ્થાનાન્તર થતાં ફરી બધું ચૂપચાપ—સુમસામ.

એ રીતે કેટલાંક અણધાર્યાં ખૂન થયા પછી એ માર્ગે લોકોની આવજા એકદમ બંધ થઈ ગઇ. નૂરમિયા એની ગલીમાં ઉભડક પગે બેઠો છે, પણ કોઇ શિકાર નજરે ચડતો નથી જ્યારે આવે છે ત્યારે લાઠી—તલવારથી સજ્જ ટોળાબંધ શિકારી રૂપે જ આવે છે. એ સમયે નૂરમિયા અને એના સહધર્મીઓ પોતપોતાના સ્થાને લપાઈ જતા ને ટોળું ચાલ્યા ગયા બાદ પાછા બહાર દેખાતા.

એ રીતે બે દિવસ ગયા. હુલ્લડ ચાલતું જ હતું. દૂરથી એની હોહા ને પડકારા સંભળાતા હતા. છતાં અમારો લત્તો એકદમ શાન્ત હતો. નૂરમિયાના હાથને કંઈ જ કામ નહોતું. હું પણ એ દિવસ સાંજ આખી ઘરમાં બારીએ બેસી મૂંગોમૂંગો મારગ તરફ જોઇ રહ્યો હતો. એવામાં ફુટપાથ ઉપર ખટ ખટ ખટાક સાંભળતાં ડોકિયું કરી જોયું તો ભારે ચાખડી પગમાં પહેરેલો એક ઉત્તર હિંદુસ્તાની ભૈયો ધમધમ કરતો ચાલ્યો આવે છે. એણે શરીરે અંગુછા જેવું કપડું વીંટયું હતું, ને વિશાળ કપાળમાં મોટું ત્રિપુંડ તાણ્યું હતું. માથે વાવટાની જેમ મોટી ચોટલી ફરકતી હતી. એને જોતાં જ મને ફાળ પડી કે અરે રે! હમણાં જ પેલો નૂરમિયા દોઢ ફૂટનો છરો લઇને આવ્યો જાણવો!

ને એમ જ થયું. એ ભૈયો મારા ઘર પાસે પહોંચ્યો—ન પહોંચ્યો ત્યાં તો નૂરમિયા પાછળથી વાઘની જેમ એના પર કૂદ્યો. એની બીજી પળમાં તો એક જબ્બર કાંડ થઈ ગયો. ત્રિપુંડધારી ભૈયાએ એકાએક એના શરીરે વીંટાળેલા વસ્ત્ર નીચેથી બે હાથ બહાર કાઢ્યા. એ બે હાથમાં હતા બે છરા! નૂરમિયાના હાથમાંની છરી હાથમાં જ રહી ગઈ. ભૈયાએ વીજળી વેગે એક છરો એની છાતીમાં અને એક છરો એના પેટમાં ઘોંચી દીધો! ને પછી જેમ આવ્યો હતો એમજ અંગુછો વીંટાળી, શાન્તિથી નિર્ભયપણે પાછો ચાલ્યો ગયો

નૂરમિયા પગથી પર પડયોપડયો ચીસો નાખવા લાગ્યો, ને પછી ઢસડાતોઢસડાતો મારા દવાખાનાના બારણા પાસે આવી ઊંધે મોંએ પટકાઇ પડયો. એના લોહીથી બારણું, ઉંબરો, બધું ખરડાઇ ગયું.

હું ને મારો કૉમ્પાઉન્ડર એને ઉપાડીને અંદર લઈ આવ્યા. મનમાં તો થતું'તું કે ભલે ત્યાં પડયો પડયો જ મરતો દીકરો! જેવાં કરમ તેવાં ફળ! એ કાદવકીચડમાં મોંભર પડયોપડયો ભલે એનાં પાપનું પ્રાયશ્ચિત્ત કરતો! પણ દાક્તર થઇને હું એમ કરી ન શકયો.

જખમ તપાસીને જોયું તો છાતીનો ઘા ખાસ ભયંકર ન હતો, પણ પેટનો ઘા ચિંતાજનક હતો. પ્રાથમિક ઉપચારો કર્યા પછી ઍમ્બ્યુલન્સને ફોન કરવા જતો હતો, ત્યાં નૂરમિયાએ મારા તરફ આંખ માંડી તુટક સ્વરે કહ્યું, 'ડાગદર સાહબ!'

હું એની નજીક જતાં એ બોલ્યો, 'જાન બચાવી દો. આપને લાખ રૂપિયા આપીશ.'

રોષે ભરાઇને મેં કહ્યું 'એની જ તો મહેનત કરૂં છું, ભાઈ! મેડિકલ કૉલેજમાં જા. જો કદાચ ત્યાં બચી જવાય તો.'

નૂરમિયા આજીજી કરતો બોલ્યો, 'મેડિયા કૉલેજમાં ન મોકલશો, બાબુ! હિંદુ ડાગદર ઝેર આપીને મારી નાખશે'

જરા મોં બગાડી મેં કહ્યું, 'એ તો સાચું જ છે! મેડિયા કૉલેજના દાક્તરો પણ બધાં તારા જેવા જ ખરા ને?! પણ હું યે શું તને ઝેર ન આપી શકું? હું યે હિંદુ જ છું ને!'

'આપ અયસા કામ નહિ કિજીયેગા.' કહી નૂરમિયાં બેભાન થઈ ગયો. એટલું બધું લોહી વહી ગએલું કે વધુ બોલવા એ અસમર્થ હતો.

મેં પણ વિચાર્યું, સ્થાનફેર કરવા જતાં કદાચ રસ્તામાં જ મરી જશે. નિરૂપાય બની, ઇસ્પીતાલે ખબર આપી, મારે ત્યાં જ રાખ્યો.

માનવીના મન જેવી અજબ ચીજ દુનિયામાં કદાચ બીજી નથી. જે માણસ માટે મારા મનમાં ધિક્કાર અને ઘૃણાનો પાર ન હતો, જેને મેં નજરોનજર ત્રણચાર ખૂન કરતાં જોયો હતો, એને જ રાતદિવસના ઉજાગરા ખેંચી હું શા માટે જીવાડવા મથતો હતો, શા માટે મેં એને સાજો કર્યો, તે આજે પણ હું નથી કળી શકયો. મારૂં મન જ્યારે એને ઝેર આપવા ઇચ્છતું હતું ત્યારે જ હું શા માટે એને બે દાણાનો રસ પાતો હતો? પૂરેપૂરી બેભાનાવસ્થામાં જ્યારે એ બકતો હતો કે 'મારો મારો, હિંદુકો મારો!' ત્યારે હું એને માથે આઇસબૅગ ફેરવતો હતો! માનવીના માનસ વિષે ગમે તેટલી ચર્ચા કરો; કદાચ આનો કોઈ યે ખુલાસો પણ કરી શકશો. અમારો દાક્તરોનો સંબંધ પણ સ્થૂળ શરીર સાથે જ છે. એથી મારે માટે તો આ એક પ્રશ્ન જ રહ્યો છે.

જે દિવસે એને પહેલી વાર તાવ ઉતર્યો એ દિવસે પથારીમાંથી ઊઠીને બેસી, પહેલી જ વાત એણે આ કરી: મને થોડુંક કોકેન આપોને!

મેં હસીને ના પાડી. (અનુસંધાન આગળ પાન- ૨૫૨મે)

કલાનાં રૂપરહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવતી લેખમાળા

ચિત્ર-વિજ્ઞાન

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીના મૂળ પરથી અનુવાદક સૌ. અપર્ણાબેન ત્રિવેદી

છંદલીલા--Rhythm

ચિત્રરચનાનો શ્રેષ્ઠ હેતુ અને આદર્શ તો છે રૂપના છંદનું અથવા છંદગતિનું સુંદર નિરૂપણ કરવું તે. આ છંદગતિ અથવા છંદલીલા–Rhythm–ખરેખર શું છે તે શબ્દોમાં વર્ણવી બતાવવું બહુ મુશ્કેલ છે. ચીન અને જાપાનમાં તો આ Rhythm–છંદલીલા–ચિત્રની બહુ જ જરૂરી વિશિષ્ટતા ગણાય છે. આ છંદલીલા એ જાણે રૂપની નાડીના ધબકાર જેવી છે. સંગીત અને નૃત્યકળામાં તો એ Rhythm–છંદગતિનાં રૂપ અને અસ્તિત્વ આપણે સહેલાઈથી સમજી શકીએ છીએ. પણ ચિત્રમાં છંદગતિ અનુભવવી જરા અઘરી છે. ગતિ તો હોય, પણ માત્ર નક્કી કરેલા–બાંધ્યા રસ્તે જ જે આવજા કરે એ ગતિને 'છંદ' ન કહી શકાય. છંદ તો વિવિધવિચિત્ર પ્રકારના ભંગિ, મરોડ, હાવભાવથી, નાનામોટા તાલ વડે અને વચ્ચેવચ્ચે વિરામ લઇને પોતાનો પ્રકાશ કરે છે. ઘણીવાર આપણે છંદનું રૂપ સમજાવવા ઘડિયાળના લોલકનો દાખલો આપીએ છીએ. પણ ઘડિયાળના લોલકનો છંદ એ તો યંત્રનો એકધારો છંદ છે. એમાં વિવિધતાને–વિચિત્રતાને કે નવીનતાને અવકાશ નથી. છંદનું ઉત્તમ રૂપ તો પ્રકાશ પામે છે યતિ અથવા વિરામની મદદથી. વિવિધ પ્રકારના છંદ અને વિવિધ તાળની ગતિ તથા વિરામના સંમિશ્રણથી ઉચ્ચ શ્રેણીનો અને સૂક્ષ્મ આસ્વાદવાળો છંદ રચી શકાય છે. છંદમાં તો અમુક એવી આકર્ષણ કરવાની શક્તિ રહેલી હોય છે કે માણસો આપોઆપ તેનું અનુકરણ કરવા લલચાઈ જાય છે,—જેમ કોઈ ઉત્તમ સગીતના છંદમાં શ્રોતાઓ લીન બનીને ડોલવા માંડે છે, અથવા તો શ્રેષ્ઠ નૃત્યના તાલની સાથોસાથ આપણા પગ આપમેળે જ નાચી ઊઠે છે તેમ.

કવિતા અને ચિત્રમાં છંદની આ ગતિ-લીલા પ્રત્યક્ષરીતે બતાવવી અશક્ય છે, કારણ કે કવિતા અને ચિત્રનાં વિષય–વસ્તુ હાલીચાલી શકતા નથી. એને તો કાગળ અથવા ફલકની જ મર્યાદામાં, સ્થિર અને ગતિહીન અક્ષરો અથવા રેખાઓ રૂપે લિપિબદ્ધ કરી દીધાં હોય છે. ચિત્રમાં ગતિ બતાવવાનો ફક્ત એક જ ઉપાય છે—વળાંકા લેતી રેખાઓના સમૂહની મદદ લેવી તે. (જુઓ આકૃતિ ૬૧ થી ૬૭). વળાંકાભરી રેખાઓના ઉત્થાન-પતનથી જ—ઊંચાનીચા હીલોળાથી જ ગતિ અથવા ગમનનો આભાસ આપી શકાય છે. જોકે સીધી રેખાના અમુક પ્રકારના અવલંબન વડે પણ ગતિનો ભાવ સમજાવી શકાય છે (આકૃતિ ૬૨). ચિત્ર નં. ૭૦ તથા ૭૧'માં કમળના મૃણાલની લાવણ્યમય વાંકી રેખાઓમાં ગતિનું ચિત્ર કેવું સહેલાઈથી ખીલી ઊઠ્યું છે! એ વાંકી રેખાના પ્રત્યેક વળાંકમાં એક નિશ્ચિત 'સંયમિત' ભંગિ (મરોડ) છે. આ 'સંયમિત' મરોડ જ છંદની સૃષ્ટિ ખડી કરે છે. ગતિ જો અસંયમિત હોય તો તેનાથી છંદ સારો ખીલવી શકાતો નથી. એટલે યતિ અથવા સંયમ એ છંદની જરૂરી પ્રાણશક્તિ જેવો છે. ઉદ્દામ, ઉછાંછળી ગતિમાં છંદ પ્રકાશી શકતો નથી.

ચિત્રોમાંની રેખાઓમાં રહેલા જુદાજુદા મરોડની ગતિમાં એક નિયમ રહેલો હોય છે એ નિયમને શોધીને તેને જો યતિ વડે બાંધી શકીએ, તો પછી સમગ્ર રેખાવલિ છંદમાં નાચી ઊઠે. સંયમના બંધનમાં બદ્ધ થવાથી તેના હાડોહાડમાં પ્રાણ વ્યાપી જઇને તે જીવંત બની જાય છે. અજંતાનાં ભીંતચિત્રોમાં, કે સાંચી, અમરાવતી યા મથુરાનાં શિલ્પોમાંની પત્થરની ડિઝાઇનોમાં કમળના મૃણાલની છંદલીલાનાં અત્યંત સુમધુર ઉદાહરણો મળી આવી છે ચિત્ર૭૦–૭૧.

ઘડિયાળના લોલકના ગમનાગમનના માર્ગને (ચિત્ર નં. ૬૮) જો રેખાની ભાષામાં રૂપ આપી શકાય તો એક અખંડ વાંકી રેખાનો તરંગ મૂર્તિમાન થાય. એવા છંદવાળી વાંકી રેખા જોવાથી આંખ તૃપ્ત થાય છે. રેખાતરંગના એવા એકધારા છંદમાં ને એકસરખા માપમાં પણ છંદલીલાના અમુક રસનો અનુભવ મેળવી આંખ તૃપ્તિ પામે છે. સાપની ચંચલ, શીઘ્ર ગતિલીલામાં આપણને એ પ્રકારના છંદરસનો આભાસ થાય છે (ચિત્ર ૬૯). સમુદ્રના તરંગોના એક ઉપર એક ચાલ્યા આવતા નિરવચ્છિન્ન હીલોળાના એકધારા મધુર રસનો આસ્વાદ આપણા મનને દોલાયમાન કરે છે. (ચિત્ર નં ૬૩). ચીન–જાપાનના ચિત્રકારો સમુદ્રની આ લહરીમાળાની અદ્‌ભુત ગતિલીલા અને તેના ઉત્થાન-પતનના ચેતનાભર્યા ધબકારને અદ્‌ભુત રેખારસમાં જીવન્ત કરવાની કલામાં સિદ્ધહસ્ત છે. જગવિખ્યાત જાપાની ચિત્રકાર હોકુસાઈનું સુપ્રસિદ્ધ 'સમુદ્ર તરંગ'નું ચિત્ર આનું સરસ દૃષ્ટાંત છે. (ચિત્ર૭૨). 'કુમાર'ના ૨૫૮મા અંકની ચિત્રપ્લેટ તરીકે એ આવી ગયું.

આકાશ, ક્ષેત્ર, ભૂમિ, સ્થાન, વિસ્તાર—Space.


રેખાને પ્રસારવા માટે સ્થાન અથવા ક્ષેત્ર જોઇએ. જો ક્ષેત્ર ન હોય તો રેખાનું અસ્તિત્વ પણ ન હોઇ શકે. પટભૂમિ વગર ચિત્રાંકન ન થઇ શકે. પ્રસાર કરવાનો આ ગુણ, વિસ્તૃત કરવાની આ જરૂરિયાત, તે જ આકાશને, ક્ષેત્રને, પટભૂમિને વિસ્તાર (Space) આપે છે. રેખા વડે–ખાસ કરી સીધી રેખા વડે વિસ્તૃતિનો આભાસ થાય છે. આ આકાશ, આ વિસ્તૃતિ, આ ક્ષેત્ર (Space) એ જ વિવિધ વસ્તુઓને ઊભા રહેવાનું સ્થાન છે અને તેની ગતિ તથા ગમનાગમનનો માર્ગ છે.

આ વિસ્તૃતિ ત્રણ પ્રકારની છે : (૧) લંબાઈ, (૨) પહોળાઈ અને (૩) ગભીરતા અથવા ઊંડાણ કે દૂરત્વ. ચિત્રના કાગળ ઉપર તો માત્ર બે જ પ્રકારનાં ક્ષેત્ર શક્ય હોય છે : લંબાઈ અને પહોળાઇ. એ બે પ્રકારમાં ત્રીજી જાતનો–એટલે કે ઊંડાણનો, ગભીરતાનો, દૂરત્વનો આભાસ કરાવવો એ ચિત્રકારનો મુખ્ય હેતુ હોય છે. આ ત્રણ પ્રકારના ગુણને લીધે જ કોઈ પણ કલ્પિત ચિત્ર સત્ય કે અસલ દૃશ્યની આબેહૂબ છાપ મન પર પાડે છે. સપાટ કાગળ ઉપરનું, માત્ર લંબાઈ અને પહોળાઇનાં બે જ પરિમાણવાળું સમતલ ચિત્ર, છાયા અને પ્રકાશના ત્રીજા પરિમાણની મદદ વડે ઘનત્વ અથવા દૂરત્વ પામે છે, અને જાણે પટભૂમિનો ત્યાગ કરીને ઉપર ઉપસી આવતું ન હોય એમ આંખને લાગે છે. આવા ઘન પરિમાણવાળી માયાસૃષ્ટિનું નામ ચિત્ર.

નિપુણ ચિત્રકાર રેખાના વિન્યાસની કુશળતાથી તથા પ્રકાશનો મેળ સાધીને કોઇ પણ જીવંત મૂર્તિના શરીરની સ્થૂલતા (Solidity), ઘનતા, માંસલતા અને તેના ગોળ રૂપનો આભાસ આપે છે. પહેલાં જે પટભૂમિની સાથે લિપ્ત—સમતલ હતું તે આ રેખા અથવા છાયા-પ્રકાશના સંયોગથી ઘનતા કે ગોળ રૂપ ધારણ કરે છે, અને જાણે સજીવ કે સત્ય હોય એવી ભ્રમણામાં આપણને નાખે છે. પહેલાં જેમાં માત્ર લંબાઈ અને પહોળાઈ જ હતી, તે ઊંડાણ અને ગભીરતા–ઘનતા પ્રાપ્ત કરે છે. દૃશ્યચિત્રોમાં આ ઘનમાન અથવા ઊંડાણનો—દૂરત્વનો આભાસ આપવો બહુ જરૂરી છે. જોવાનું દૃશ્ય આંખની સામે સીધું ખૂબ દૂર સુધી ફેલાએલું છે એવો આભાસ આપ્યા વગર દૃશ્યચિત્ર સત્ય હોય એવું લાગતું નથી. આવી વિસ્તૃતિ અથવા વિસ્તારની માયાસૃષ્ટિ રચ્યા વગર દૃશ્યચિત્ર ફલક ઉપર સત્ય કે સજીવ થઈ ઊઠતું



વળાંકા લેતી રેખાઓના સમૂહથી ચિત્રમાં જે ગતિ લાવવામાં આવે છે અને જુદાજુદા મરોડની એ ગતિમાં વ્યાપી રહેલા નિયમને કારણે સમગ્ર રેખાવલિ જે છંદમાં નાચી ઊઠે છે એનાં સુંદર ઉદાહરણો અજંતા (ડાબીબાજુ), અમરાવતી (નીચે) વગેરેનાં કમળનાં સુશોભનોની સુમધુર છંદલીલામાં મળી આવે છે.



←૭૦

૭૧→




નથી. આવી વિસ્તૃતિ આપવાના અનેક ઉપાયો અને પદ્ધતિઓ છે: એક તો એ કે દૂરની વસ્તુને આકારમાં નાની કરી બતાવવાથી તે વસ્તુ દૂર હોવાનો ભાસ થાય છે. બીજું, દૂરની વસ્તુને અસ્પષ્ટ કરી આછી ચીતરવાથી પણ દૂરત્વનો આભાસ આપી શકાય છે.

પશ્ચિમ દેશની ચિત્રપદ્ધતિમાં, સાધારણરીતે પ્રકાશ ને છાયાની મદદ વડે વસ્તુને ઘનત્વ આપીને ઉઠાવ લાવવાની પ્રવૃત્તિ વધારે જેવામાં આવે છે. એટલે પશ્ચિમનાં ચિત્રોમાં છાયા અને પ્રકાશ એ ચિત્રપદ્ધતિનાં મુખ્ય અંગ ગણાય છે. ત્યાંના કલાકારો છાયા-પ્રકાશ વિના ચિત્રરચનાની કલ્પના પણ કરી શકતા નથી. જ્યારે પૂર્વ દેશના કલાકારો એ રીતે, પ્રકાશ ને છાયા દ્વારા, ઊંડાણ (depth) કે ઉઠાવ (relief)ની મદદથી, વાસ્તવિક સૃષ્ટિ રચવી એ ચિત્રનો હેતુ ગણતા નથી. સાધારણરીતે, પૂર્વનાં ચિત્રોમાં વાસ્તવિકતા લાવવા માટે છાયા-પ્રકાશનો કોઈ પ્રયત્ન હોતો નથી. એટલે જ ઘણીવાર ચીન, જાપાન ને હિંદના ચિત્રો છાયા પ્રકાશ વિનાનાં, સીધી સપાટ જમીન સાથે સલગ્ન થએલાં, ઊંચાણનીચાણના આભાસ વગરનાં ચપટ (flat) હોય છે. પૂર્વના કલાકારોનું એવું માનવું છે કે ચિત્રનું ચિત્રત્વ વાસ્તવિકતાની માયાસૃષ્ટિ વડે ખરાબ ન કરવું જોઈએ. વળી પ્રકાશ ને છાયાનાં ઉજ્જ્વલતા તથા અંધકાર ચિત્રમાં લાવવાથી રેખા ઢંકાઈ જાય છે—રેખાના ખરા રસનો આસ્વાદ ને ગુણનો વિચાર પામવાનો અવકાશ જ રહેતો નથી. આથી, પશ્ચિમનાં ચિત્રોમાં પ્રકાશ અને છાયાનું પ્રાધાન્ય હોય છે, જ્યારે પૂર્વનાં ચિત્રોમાં રેખાનું.


દૃશ્યચિત્ર (landscape painting)માં અથવા તો કથા–ચિત્ર (narrative painting)માં, જ્યાં પાછળની પટભૂમિમાં રહેલી વસ્તુ કે વ્યક્તિ દર્શાવવાની હોય ત્યાં, પૂર્વના કલાકારો એક નવી પદ્ધતિ વડે દૂરત્વનો ઉલ્લેખ કરે છે. જે વસ્તુ જેટલી પાછળ હોય છે તેને તેટલું ઊંચે ચિત્રમાં સ્થાન આપવામાં આવે છે. ધારો કે એક માણસની પાછળ એક વૃક્ષ છે અને તેની પાછળ એક ઘર કે મંદિર છે (ચિત્ર નં. ૭૩), તો ચિત્રપટમાં માણસનું સ્થાન સૌથી નીચું રહેશે, તેથી ઊંચે રહેશે વૃક્ષ, અને તેની યે ઉપર મંદિર. ચીનનાં દૃશ્યચિત્રોમાં તો આ પદ્ધતિનાં ઘણાં દૃષ્ટાંતો મળી આવે છે ભારતનાં જુદાજુદા યુગના અનેકવિધ શિલાપટોમાં આ પદ્ધતિના પ્રયોગનાં અનેક દૃષ્ટાંતો છે. (ચાલુ)

નીચે: ચિત્ર ૭૨, ~~ડાબી~~ જમણી બાજુ: ચિત્ર ૭૩





રશિયાના જેમ લેનિન ને હિંદના ગાંધીજી, તેવા ચીનના પ્રથમ ક્રાન્તિકારી રાષ્ટ્ર પુરુષ ને નૂતન ચીનના આદ્ય સર્જક



ડૉ. સુન-યાત-સેન

પોતાની સૈકાઘેરી ઊંઘ ખંખેરીને આધુનિક જગત જોડે કદમ મિલાવતા થઈ ગએલા આજના નૂતન ચીનના મૂળ સર્જક ને ચીની પ્રજાસત્તાકના જનક સુન-યાત-સેનનો જન્મ ઇ. ૧૮૭૦ના નવેમ્બરની ૧૨મી તારીખે દરિયાકિનારે આવેલા એક ચીની ગામડાના એક ખેડૂત કુટુંબમાં થયો હતો. મંચુવંશી રાજકર્તાઓની સત્તાનો અંત આવ્યાને ત્યારે ત્રણ વર્ષ થયાં હતાં, પરંતુ ચીનની ભલીભોળી રાંકડી પ્રજાનાં દુઃખોનો અંત તોયે નજરે પડતો નહોતો. ચીની પ્રજાના ઇતિહાસમાં કોઇ કાળે નહિ એટલું બધું કષ્ટ પ્રજા ભોગવી રહી હતી. નાના સરદારો ને હાકેમો એક બાજુએ જ્યારે વિવિધ રીતે પ્રજાને રંજાડવામાં મશગૂલ હતા, ત્યારે બીજી બાજુએ જાપાન અને બીજા પશ્ચિમી દેશો એ વિશાળ દેશનાં ફડચાડિયાં કરી એના રસકસ ચૂસી જવામાં મશગૂલ હતાં. દેશની જે બૂરી વલે થઈ રહી હતી તે જોનારો ને સમજનારો બુદ્ધિશાળી લોકોનો નાનકડો વર્ગ જોકે અસંતોષથી ધીકી રહ્યો હતો, પણ ઉપાય શો લેવો તેની સૂઝ નહિ પડવાથી મનમાં ને મનમાં સમસમીને એ બેસી રહ્યો હતો. ચીનની પ્રજાને આ બેહાલીમાંથી છૂટવા માટે કોઈ સમર્થ નેતાની જરૂર હતી. સુન-યાત-સેન એ નેતાપદ ધારણ કરે એવું જાણે કાળ-પુરુષનું નિર્માણ હતું.

સુન કેમ જાણે બંડ કરવાને જ જન્મ્યો ન હોય, તેમ નાનપણથી જ કોઇને ગાંઠતો નહોતો અને કોઇનો ગાંજ્યો જતો નહોતો. નિશાળમાં પણ એને વારંવાર શિક્ષકના હાથનો માર ખાવો પડતો, પણ એની એને પરવા નહોતી. પરંતુ એના દિલમાં નાનપણથી જ પીડિતોને માટે અનુકંપા ભરી હતી. એમનો તારણહાર થવાને જ અવતર્યો હોય તેવું નાનપણથી એનું વર્તન હતું. ઠાઠમાઠથી રહેતા ને ગરીબ ખેડૂત પ્રજા પર રૉફ ચલાવતા, તેમની સલામો ઝીલતા ધનિકો પર એને જેમ ખૂબ તિરસ્કાર હતો, તેમ એને સરકારી અમલદારો પર પણ ખૂબ ચીઢ હતી. એની ઓળખાણવાળા ગરીબ, સાદા, મહેનતુ, પ્રામાણિક ખેડૂતો પાસેથી જે ગેરવાજબી કરવેરા એ જોરજુલમથી ઉઘરાવી જતા ને તેથી ખેડૂતોને જે હેરાનગતિ ભોગવવી પડતી તે જોઇને સુનનો રોષ માતો જ નહોતો.

તેજસ્વી કલ્પના, સાહસિક સ્વભાવ અને દુખિયાં પ્રત્યેની અપાર અનુકંપા લઇને સુન જગતમાં અવતર્યો હતો. એની ઉમર વધવાની સાથે એના આ ગુણો પણ વધવા લાગ્યા. કુટુંબનું રૂઢ પ્રણાલિકાબદ્ધ જીવન આ વ્યોમવિહારીને પાંજરા જેવું લાગતું હતું. એટલે તેર વર્ષની ઉમરે, માતાપિતાનો વિરોધ છતાં એ હોનોલુલુ જવા ઊપડચો. ત્યાં એનો એક મોટો ભાઈ ખેતી કરી ખાતો હતો. સુન એ ભાઈની સાથે રહેવા ગયો અને ત્યાંની નવી દુનિયામાં એણે નવું જીવન આરંભ્યું.

પહેલાં તો એણે ભાઇને એના કામમાં મદદ કરવાનું માથે લીધું. ખેતીની પેદાશનું વેચાણ કરવામાં એ મદદરૂપ થઈ પડતો. પણ એની તીક્ષ્ણ બુદ્ધિ આવાં કામોમાં ક્યાં સુધી પરોવાઇ રહે ? એ હાવાઇ યુનિવર્સિટીનો વિદ્યાર્થી બન્યો. એ સાથે જ એણે પહેલો ધડાકો એ કર્યો કે વંશપરંપરાથી ચાલ્યો આવતો કુળધર્મ છોડીને એણે ખ્રિસ્તી ધર્મ અંગીકાર્યો. એનો ભાઇ આથી બહુ દુઃખી થઇ ગયો. પશ્ચિમની લોભામણી સંસ્કૃતિ આ મનસ્વી છોકરાને કોણ જાણે ક્યાં યે તાણી જશે, એ બીકે એણે એનું ભણવાનું છોડાવી ઘેર રવાના કરી દીધો.

૧૮૮૪માં, ચૌદ વર્ષની ઉમરે, સુન ફરી પાછો પિતૃભૂમિમાં આવી પડયો. પણ એનો તરવરિયો સ્વભાવ એને ત્યાં ઠરવા દે એવો નહોતો. સામાન્ય જનોને ચિંતા કરાવે એવા ભયંકર મનોરથો એના ચિત્તમાં ત્યારે ઘૂમતા હતા. એવા ચઢતા યૌવનના ઉધમાતમાં એણે એક દિવસ એ ગામના મહાપ્રતાપી મનાતા ગ્રામદેવતા 'પેઇ તી'નું અપમાન કરી નાખ્યું. ગામલોકો અને ખુદ એનાં સગાંવહાલાંને સુદ્ધાં આ દેવ પર ભારે આસ્થા હતી. પણ ખ્રિસ્તી ધર્મભાવના અને પશ્ચિમની કેળવણીનો સ્પર્શ પામેલા આ અવિવેકી કિશોરને મન આ આસ્થા તે કેવળ અજ્ઞાનીઓનો વહેમ હતો. એક દિવસ રોષમાં ને રોષમાં એ પહોંચી ગયો આ દેવના મંદિરે, ને મૂર્તિના ગાલ પર એટલા જોરથી તમાચો ખેંચી કાઢચો કે એની પોતાની આંગળી ઊતરી ગઇ. પણ સુનભાઇથી હવે ત્યાં એક ઘડી પણ થોભાય તેમ નહોતું. થોભે તો લોકો એનો ટોટો ફીસી નાખે એમ હતા. એટલે ભાઈસાહેબ ત્યાંથી એવા ભાગ્યા કે છેક હૉંગકૉંગ આવીને શ્વાસ ખાધો !

રાજકારણમાં સુનને રસ પડવા માંડચો હોય તો તે હૉંગકૉંગ આવ્યા પછી. ૧૮૮૫માં, બિલકુલ લડચા વગર ફ્રાન્સને એમ ને એમ આનામ પ્રાંત સોંપી દેવાની ચીનના રાજકર્તાઓને ફરજ પડી હતી તેથી દેશની આખી પ્રજા ખળભળી ઊઠી હતી. ઘેર ઘેર એ વિષે ફરિયાદો સંભળાતી હતી. એ સાંભળીને સુનના મનમાં પહેલી વાર આ વિચાર ઊગ્યો કે ક્રાન્તિ વિના ચીનનો છુટકારો થવાનો નથી.

પણ રાજસત્તા આપખુદ હોય એવા કાળમાં ક્રાન્તિકારી પક્ષની રચના કરવી એ સહેલું કામ નહોતું. ચીનની રાજસત્તા પરદેશીઓ સાથેના સંબંધમાં પોતાની નબળાઇનું ફાવે એટલું પ્રદર્શન કરતી, પણ બિનહથિયારી પ્રજાની આકાંક્ષાઓને કચડી નાખવામાં તો તે પાછું વાળીને જુએ એવી નહોતી. એટલે પહેલેથી જ સાવધાનીથી કામ લેવાની જરૂર હતી. સુને નિશ્ચય કરી લીધો કે પોતે દાક્તરીનો અભ્યાસ કરવો. યેઈલ-ઇન-ચાઇના નામના હૉંગકૉંગના અમેરિકન તબીબી વિદ્યાલયમાં એ ભણવા ગયો ને ૧૮૯૨માં ડૉક્ટરની ડિગ્રી મેળવી. તરત જ એણે કૅન્ટનમાં દવાની દુકાન કાઢી અને પોતાના ઘરાકોને એણે દવાની ભેગા પોતાના રાજકીય વિચારો પણ પહોંચતા કરવા માંડચા. તબીબી વિદ્યાલયમાં પણ એ સખણો રહ્યો નહોતો. 'ચાર બહારવટિયા'ને નામે પંકાતી એની ને એના ત્રણ સાથીદારોની ટોળકીએ વિદ્યાર્થીઓને પોતાના રાજકીય વિચારોથી પ્રભાવિત કરવામાં કશી જ બાકી મેલી નહોતી.

બે વર્ષ રહીને ચીનને એક બીજો આઘાત જીરવવાનો આવ્યો. ખોબા શા જાપાને આવડા (અનુસંધાન આગળ પાન ૨૫૧મે)

આગ્રા અને સિક્રી

પૂરી થતી પ્રવાસ-મંજરીનો છેલ્લો હપ્તો



લેખક

રવિશંકર રાવળ

આગ્રાનું આમંત્રણ તો વર્ષોનું ઊભું હતું. ડૉ. કાન્તિલાલ પંડ્યા ત્યાંની સેન્ટ જૉન્સ કૉલેજમાં નીમાયા ત્યારથી જ ગુજરાતની ધ્વજ આગળ ફરકતી રાખી છે, અને ગુજરાતના અનેક મિત્રોએ તેમની હોંસીલી મેમાનીનો સ્વાદ લીધો છે. ગુજરાતના આ કર્તવ્યનિષ્ઠ મૃદુમનોહર પ્રકૃતિના વિદ્વાનની પ્રતિભા ને વિદ્યાનો લાભ ગુજરાતને નસીબે જ ઓછો; નહિતો જેમનાં જ્ઞાન અને સૌજન્યથી યુ.પી.ના અનેક કાર્યકર્તા મુગ્ધ બનેલા છે તેમનાં વ્યાખ્યાનોનો લાભ પણ આપણી યુનિવર્સિટી ન લઇ શકે એ કેટલું શરમજનક છે?

પણ કાન્તિભાઈ પોતે જીવતું ગુજરાત છે. આગ્રામાં બેઠાબેઠા યે એ પત્રવ્યવહારથી કંઈક મિત્રો તેમજ સામયિકોને પોતાની કલમથી પોતાના હૃદયની હૂંફ ને રસ આપ્યા જ કરે છે. રજાઓમાં આવે ત્યારે બધાં જ મિત્રમંડળોમાં ફરે ને બધી નવાજૂની લેતાંદેતાં આનંદ ને પ્રેમની હવા સ્ફુરાવે. દિલ્હી–મથુરા સુધી જનાર પરિચિત જન તેમને મળ્યા વિના કેમજ રહી શકે? અને અનિવાર્ય કારણો ન હોય તો કાન્તિભાઇ પણ તેને માફી આપે નહિ એવા છે.

હિંદુસ્તાનના ગણ્યાગાંઠ્યા અગ્રગણ્ય પ્રમુખ વૈજ્ઞાનિકોમાં એમનું સ્થાન છે અને આગ્રાની સેન્ટ જૉન્સ કૉલેજના વિજ્ઞાન વિભાગના તેઓ અધિષ્ઠાતા છે. બાગ મુઝફ્ફરખાંમાં તેમનું નિવાસસ્થાન છે. ઘરને બ રણે પાટિયું હતું ને ત્યાં જ તેમનો અડીખમ બુઢ્ઢો રસોઇયો વાટ જોતો ઊભો હતો. અમને પોણા કલાક જેટલું મોડું થયું હતું એટલે તેઓ કૉલેજનો સમય સાચવવા નીકળી ગયા હતા. પણ અમારા માટે મુકામ કરવાનો ઓરડો તથા બીજી વ્યવસ્થા તૈયાર હતાં.

ડૉ. કાન્તિભાઇ મધ્ય વયમાં જ જીવનસાથીનો વિયોગ પામ્યા છતાં પોતાની બે સુપુત્રીઓનાં સંગોપન ને વિદ્યાભ્યાસમાં ધ્યાન આપતા જે શાન્ત, એકાગ્ર, વિદ્યારત જીવન ગુજારે છે તે એક વિરલ દૃષ્ટાન્ત રૂપ છે. એમનાં મોટાં પુત્રી એ એમ.એસસી.નો અભ્યાસ પૂરો કરી હમણાં જ સંસારની દીક્ષા લીધી છે, ને નાનાં પુત્રી રજનીબેન એ જ રીતે અભ્યાસમાં આગળ વધી રહ્યાં છે.

જમીપરવારી હું કૉલેજે જઈ કાન્તિભાઇને મળ્યો. તેમણે તુરત આગ્રા જોવાનું પ્રોગ્રામ ઘડી આપ્યું અને કલાકો પર ટાંગો ઠરાવી સ્ટેશન, લાલકિલ્લો ને તાજમહાલ જોવ ની ગોઠવણ સાધી લીધી.

લાલ કિલ્લો એટલે આગ્રામાં જહાંગીર બાદશાહે બંધાવેલા મહેલો. એને લગતાં ચિત્રો અને વર્ણનો ઘણાં પુસ્તકોમાં આવી ગયાં છે, પણ એના વિસ્તારો અને મકાનોનો પરસ્પરનો સંબંધ તો નજરે જોવાથી જ સમજાય છે. મેં તો એ સ્થળો બીજીવાર જોયાં. આ બધાં સ્થળો જોવા જનારા તે સમયના ઇતિહાસ અને લોકજીવનથી વાકેફગાર હોય તો એ દૃશ્યોમાંથી ઘણો રસ અને અનુભૂત મેળવી શકે તેમજ એ કાળનાં કળાકૌશલની કદર કરી શકે. એટલું તો ખરૂં કે આજની યાંત્રિક શક્તિઓ ને બીજાં સાધનો છતાં એવાં પ્રભાવપૂર્ણ બાંધકામ આજની પ્રજા સર્જી શકી નથી. સાથે ભોમિયો હોય તો અજાણ્યાને બધું ક્રમસર જોવા-જાણવાનું મળે છે. આ ભોમિયો તવારીખો અને બનાવોનો એવો તો મસાલો કરે છે કે અભ્યાસીને તો કંટાળો આવે, પણ કંઈ જ ન જાણનારાંને તો એથી આકર્ષણ થાય છે.

તાજમહાલ ઉપર અનેક જણે કાવ્યમય પ્રશસ્તિઓ લખી છે, અને હજી કેટલાયે સમય સુધી તે જગતનું આકર્ષણ રહેશે. પણ હવે ધીરેધીરે જીવનદૃષ્ટિ બદલાતી જાય છે તેમતેમ આવાં દૃશ્યોમાં માનવ પ્રજાની બાલિશ ઊર્મિલતા લેખાય તો નવાઇ નહિ.

સિક્રી

બીજા દિવસની સવારે ફતેહપુર સિક્રી જવાનું ઠરાવ્યું હતું. સિક્રી આગ્રાથી વીસેક માઇલ છે. શાહાનશાહ અકબરે તે એક ટેકરી ઉપર ખાસ શૉખથી બંધાવેલું નજીકમાં જ તેના ગુરુ શેખ ચિશ્તીની કબર છે. સિક્રી જવા આગ્રાથી સવારે દસ વાગ્યે ઊપડતી લોકલ પસંદ કરવામાં આવે છે. સિક્રી સ્ટેશને ઊતરી બધા મુસાફરો ચાલતા જ સામે દેખાતી ટેકરી ચડે છે. પ્રથમ તો કાંઈ જ દેખાતું નથી; પણ ભવ્યમનોહર બુલંદ દરવાજામાં પ્રવેશ કર્યાં પછી લાલ પત્થરની ઇમારતો જે એક પછી એક ચોક પાડતી ઊભેલી નજરે પડે છે તેનું દૃશ્ય કોઇ જાદુઈ નગરી જેવું લાગે છે. લગભગ બધું સ્થાપત્ય રાજપુત ઢબનું છે. લાલ કિલ્લાના રાજમહેલો કરતાં અહીં કળાકારીગરીનું વૈવિધ્ય ઘણું છે. બેચાર કલાક એના વિસ્તારોમાં ફરનારને મુઘલ જાહોજલાલીનો આછોપાતળો ખ્યાલ મળી જાય છે. એ મહેલોમાં રંગીન પડદાઓ નંખાતા. ભીંત પર મોટાં ચિત્રો હતાં. બેમૂલ ગાલીચા અને રત્નજડિત સ્તંભો વગેરેની શોભા ઉપરાંત રંગબેરંગી ચુંદડીઓ વાળી બાંદીઓ, તલવારો અને વિવિધ શસ્ત્રોથી સુસજ્જિત યોદ્ધાઓ, અશ્વો અને હાથીઓ, તથા નીચેના માર્ગો પર પથરાઈ રહેલી ઉત્તમોત્તમ માલની દુકાનો અને તેની વચ્ચે અમીર ઉમરાવોની થતી આવજા વગેરેથી જે ભવ્ય ચિત્ર સર્જાતું હશે તે તો મુઘલ સમયનાં જૂનાં ચિત્રો જોઇએ ત્યારે જ સમજાય છે. એ બધી સજીવ સૃષ્ટિ આજે ન હોવા છતાં પણ સિક્રી સ્થાપત્યકળાના અનેક શણગાર અને નમૂનાઓથી શ્રેષ્ઠ સ્થાને જ વિરાજતું લાગે છે. વિધિની વિચિત્રતા એ કે આવી નગરીમાં અકબરશાહે બે જ વર્ષ વાસ કર્યો, અને પછી ખાલી કરી તેને તજી દીધી. એમાં કોઈ તેના ગુરુનું કારણ બતાવે છે. પણ ઇજનેરો કહે છે કે ત્યાં પાણીની જોઇએ તેવી સગવડ થઈ શકી નહિ. અને આજે પણ ત્યાં પીવાનું પાણી બહુ દુર્મિલ છે. બપોરના જોઇ રહ્યા પછી ત્યાં રહેવ નું મન થાય નહિ. ટેકરી નીચે ભૂખડું સિક્રી ગામ છે ત્યાં આગ્રાની બસો ઊભી હોય છે. ખાવામાં સીંગ કે ચણા મળે છે તે વડે કેટલાક જેવીતેવી ભૂખ મારે છે. બસ આગ્રા પહોંચતાં સુધીમાં જે બેચાર ગામડાં વટાવે છે, તે જોતાં ગ્લાનિ થાય છે કે જ્યાં એક વખત મુઘલ બાદશાહતની ઝાકમઝોળ હતી ત્યાં આજે કેટલી કંગાલિયતના પોપડા બાઝી ગયા છે! માત્ર વેપારી લત્તા, સરકારી ઑફિસો ને શાળાકૉલેજોને બાદ કરો તો સારૂં ઘર કે પૂરાં વસ્ત્રોવાળાં માનવી જ જોવા ન મળે. ભિખારાં, ફકીરો અને મજૂરોની, કે ખડખડપાંચમ ટાંગાવાળાની જ દુનિયા બધે દેખાય.

શ્રીરામ શર્મા

સાંજે અમે પાછા ફર્યાં ત્યાં કાન્તિભાઇએ શ્રીરામ શર્માનો સંદેશો વંચાવ્યો. હિન્દી માસિક 'વિશાલ ભારત'ના નિવૃત્ત તંત્રી શ્રીરામ શર્મા 'કુમાર'ના વાચકોને તેમની શિકારકથાઓથી જાણીતા છે. તેઓ તાજેતરમાં બે વર્ષની જેલમાંથી છૂટીને ઘેર આવ્યા હતા તેની

મને ખબર હતી ને તેમના નિવાસસ્થાનનો પત્તો મેળવવા મેં કાન્તિભાઈને વિનંતિ કરી હતી. શર્માજીએ પોતાના પુત્ર સાથે ચિઠ્ઠી મોકલેલી કે પોતાનો પગ પાક્યો હોવાથી જાતે આવી શકયા નથી, પણ અમે તેમને ઘેર મળીએ એવી તીવ્ર ઈચ્છા તેમણે દર્શાવી હતી.

રાજમંડીની એક ગલીના સાદા મકાનના ઓટલા પાસે જઈ અમે ઊભા રહ્યા ત્યાં તો શર્માજી જાતે જ બારણું ઉઘાડી બહાર આવ્યા. પગે મોટો પાટો હતો. પણ એ કેટલા બદલાઈ ગયા હતા! ત્રણ વર્ષ પર મેં કલકત્તામાં 'વિશાલ ભારત' ઑફિસમાં તેમને જોએલા ત્યારે ગુચ્છાદાર કાળી મૂછો અને પહેલવાની શરીરવાળા, ભડાકાથી વાતો કરતા, તેજીલા આદમી જોએલા. તેને સ્થાને આજે નરમ દિલના ખેતર લાગતા શ્રીરામ શર્માને જોઈ મને લાગી આવ્યું. બાથ ભરી અમે ભેટ્યા, અને અંદરના ખંડમાં જમીન પર મોટી પથારી નાખી હતી તે પર વેરવિખેર પડેલી ચોપડીઓની વચ્ચે જગ્યા કરી અમે બેઠા.


એમની કથા ટૂંકમાં જ જાણી શક્યો. ૧૯૪૨ની લોકક્રાન્તિમાં તેમને છૂપી હીલચાલોના એક નેતા ગણી સરકારે જેલ ભેગા કરી દીધા હતા અને તેમના પર ઘણા ગુનાઓનો આરોપ મૂકી ફાંસીની સજા ઠરાવાઈ હતી, પણ પુરાવાઓને અભાવે તેમ બની શક્યું નહિ. દરમ્યાન તેમના કુટુંબને હેરાન-પરેશાન કરવામાં પોલીસે બાકી રાખી ન હતી. શોખથી ભેગી કરેલી તેમની ચુનંદી રાઈફલો ઉઠાવી ગયા હતા. તેમની ગેરહાજરીમાં તેમનો મોટો પુત્ર ગુજરી ગયો હતો અને નાનો અઢારેક વર્ષનો જુવાન હતો તેને ખૂબ સતાવી સતાવી તંગ કરી નાખ્યો હતો. તેના પિતા પરના આરોપો સાચા હોવાનું તેની પાસેથી કઢાવવામાં નિષ્ફળ થતાં અંતે તેને છોડી દીધો, પણ અત્યંત બેહાલ કરીને. પણ તેણે બાપનું બિરદ સાચવ્યું હતું.


એટલી વાત ખરી, કે શર્માજીએ કલકત્તાથી દિલ્હી સુધી બહુ વગદાર મિત્રમંડળ જમાવ્યું છે. ક્રાન્તિ દરમ્યાન તેમની અસર ઘણી પહોંચી હશે અને તેથી જ પોલીસને તેમનો ડર લાગ્યો હશે. તેઓ આગ્રા યુનિવર્સિટીના એમ. એ. છે અને સ્વેચ્છાએ પત્રકારત્વના ધંધામાં પડ્યા છે. આ વખતે પણ તેમની પાસે બે વર્ષ ચાલે એટલું લેખનકાર્ય આવી પડ્યું હતું. ફેનર બ્રોકવે જેવા પરદેશી પત્રકારો અને બીજા અગ્રણી દેશનેતાઓ સાથે તેમને અંગત નાતા છે. ગાંધીજી પાસે તો તે ઘણી વાર મહીનાઓ સુધી રહ્યા છે જંગલ અને શિકાર તથા ખેતી અને પશુધન ઉપર તે નિષ્ણાતના જેવી માહિતી ધરાવે છે. ૧૯૩૬–૩૭નાં કૉંગ્રેસ પ્રધાનપદાં વખતે તેઓ કૉંગ્રેસ સેક્રેટેરિયેટમાં ગ્રામસુધારણા વિભાગના અગ્રણીપદે હતા. મારા ઉપર તો તેમણે બહુ સ્નેહ વર્ષાવ્યો; અને જ્યારે જાણ્યું કે હું કુટુંબ સાથે પ્રવાસમાં નીકળ્યો છું, ત્યારે તો અત્યંત બહોંસ કરીને વળતા દિવસે તેમને ત્યાં જમવાનું કબૂલાવીને જ રજા આપી.

રાત્રે મોડે સુધી કાન્તિભાઈ પાસે બેસી ગુજરાતની નવાજૂની ચર્ચી. સાહિત્ય, સમાજ, રાષ્ટ્રપ્રવૃત્તિ, બધું જાણવાની તેમની તીવ્રેચ્છા તો તેમના ખંડમાં પડેલાં ગુજરાતી સામયિકો અને પુસ્તકો જ કહી આપે. પત્રવ્યવહાર પણ તેમનો બહુ બહોળો અને નિયમિત. ગુજરાત તેમના હૃદયમાં એક દિવ્ય જ્યોતની જેમ જલતું દેખાય છે. સાચા અને ખમીરવંતા ગુજરાતીઓ કેવા હોય તેનો ખ્યાલ પરદેશીઓને આપવો હોય તો હું તો કાન્તિભાઈને પ્રતિનિધિ ઠરાવું.

સેન્ટ જૉન્સ કૉલેજ

બીજે દિવસે શ્રીરામ શર્માને ત્યાં જમવા જતાં પહેલાં કાન્તિભાઈ સાથે સેન્ટ જૉન્સ કૉલેજ જોઈ. દૂરદૂરના પશ્ચિમ દેશોથી અહીં આવીને મિશનરીઓએ એકાગ્રતા, ખંત અને વગથી જે અદ્ભુત સંસ્થાઓ ઊભી કરી છે તેમાં આ સંસ્થા એક નમૂનો છે. યુરોપિયન પ્રિન્સિપાલે તેનું બાંધકામ સુંદર હિંદી ઢબમાં કરવાનો આગ્રહ રાખી તેને બહુ મનોહર રૂપ આપ્યું છે. મિશનરી પ્રોફેસરોએ આ દેશના પતિત ક્રિશ્ચિયનોને આવી કૉલેજ દ્વારા શિષ્ટ નાગરિકો બનાવ્યા છે, અને તેમના શિક્ષણની સફળતા તથા શ્રેષ્ઠતા તો એ જ હકીકત પુરવાર કરે છે કે આજે સનાતની હિંદુઓ પણ પોતાના તરુણોને આ જ કૉલેજમાં ભરતી કરે છે. કૉલેજની સગવડ અને શિસ્ત તો ખરેખર મુગ્ધકર હતાં, પણ તે ઉપરાંત તેના સંચાલક મિશનરીઓએ કૉલેજના ભોંતળિયામાં પ્રાર્થના માટે જે નિજમંદિર બનાવેલું છે તે જોઈને તો લાગ્યું કે આપણી બીજી શિક્ષણ-સંસ્થાઓમાં જે ખૂટે છે તે ત્યાં હતું. આંતરિક શાન્તિ અને સ્વસ્થતા તેમજ પવિત્ર પ્રેરણા મેળવવાને કોઈ એક શાન્ત, નીરવ અને ભવ્ય જગ્યા જે ક્યાંય નથી હોતી તે મેં નીચેના એ નાનકડા ખંડમાં જોઈ. મિશનરીઓમાં ચિત્રોનો શોખ પણ સારો ખીલેલો હોય છે. મૂળ તો તેઓ ધાર્મિક ને પવિત્ર ચિત્રોનો આદર કરનારા; (અનુ૦ આગળ પાન ૨૫૪મે)





(૧) ડૉ. કાન્તિલાલ પંડ્યા; (૨) શ્રીરામ શર્મા-આગ્રામાં; (૩) શ્રીરામ શર્મા કલકત્તામાં હતા ત્યારે (સ્કેચ અને ફોટો : ર. મ. રા.)

ડૉ. સુન-યાત-સેન (અનુસંધાન પાછળના પાન ૨૪૮થી)

મોટા મુલકને કોરિયામાં, શરમથી ભોંયમાં માથું ઘાલવું પડે એવી જબ્બર શિકસ્ત આપી. ચીનની અભણ અજ્ઞાન પ્રજાને તો દેશના કયા ભાગમાં શું બની રહ્યું છે તેની ખબર પણ પડતી નહિ. પણ દેશનો બુદ્ધિમાન વર્ગ કંઈ અજાણ નહોતો રહ્યો. એ વર્ગમાંથી કૅન્ટન ખાતે એક ક્રાન્તિકારી સરકાર રચાઈ; પણ કાચી તૈયારીના એ બળવાને ચીની સરકારની ફોજે ચપટીમાં ચોળી નાખ્યો.

ડૉ. સુન સમજી ગયા કે દેશમાં રહીને ક્રાન્તિની તૈયારી થાય એમ નથી. એ હોનોલુલુ પાછા ફર્યા. ત્યાં રહીને એમણે યુનિવર્સિટીના પોતાના જૂના મંડળને એકઠું કર્યું અને 'સીંગ ચુંગ હુઇ' (પુનરુત્થાન પામતું ચીન) નામના રાજકીય મંડળની રચના કરી. રાજસત્તાનો દંડ દેનારો હાથ હોનોલુલુ સુધી પહોંચે એમ નહોતો. ધીરેધીરે બધાંને ખાતરી થવા લાગી કે દરિયાપારના મુલકોમાં વસતા ચીનાઓ તરફથી જ ક્રાન્તિ માટે નાણાં ને માણસો મળી શકે એમ છે. બીજે વર્ષે આ મંડળે એક ડગલું આગળ ભર્યું. મંડળની મુખ્ય કચેરી હૉંગકૉંગમાં લઇ જવામાં આવી. મુક્ત ચીનનો રાષ્ટ્રધ્વજ પહેલવહેલો ત્યાં જ તૈયાર થયો. સ્વચ્છ નીલા આકાશમાં તપતા સૂર્યનું ચિત્ર એ પર અંકિત થયું. પવિત્રતા ને તેજસ્વિતાનાં એ પ્રતીકો હતાં. આજે પણ પોતાની સ્વતંત્રતા અને અધિકારોની રક્ષા માટે ચીનવાસીઓ એ જ રાષ્ટ્રધ્વજ હેઠળ ઝૂઝે છે. ૧૮૯૫માં હૉંગકૉંગમાં સ્થાપવામાં આવેલા આ મથકેથી ક્રાન્તિની તૈયારીઓ હવે એવા તો વેગથી ચાલવા માંડી કે દોઢ દાયકાની અવધમાં તો રેલનાં પાણીની જેમ ક્રાન્તિની ભાવના દેશ આખામાં ફરી વળી.

ડૉ. સુને હવે હોનોલુલુ છોડયું અને પરિભ્રમણની સીમાઓ વિસ્તારી. પહેલાં એ અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો-યુનાઇટેડ સ્ટેટ્સમાં ગયા અને ત્યાંથી ઈંગ્લંડ ગયા. રશિયાને જેમ કોક વિરલ લેનિન મળ્યો હતો, હિંદને જેમ કોક વિરલ ગાંધીજી મળ્યા છે તેમ ચીનને ડૉ. સુન-યાત-સેન જેવો વિરલ નેતા મળ્યો. લેનિન અને ગાંધીજીની પેઠે સ્વપ્નદ્રષ્ટા અને વાસ્તવવાદીનો વિલક્ષણ યોગ ડૉ. સુનના વ્યક્તિત્વમાં પણ થયો હતો. જેના રાજમાં સંપૂર્ણ ન્યાય, સંપૂર્ણ માનવતા અને સંપૂર્ણ સંતોષ પ્રવર્તતાં હોય એવી લોકોની રચેલી સરકારનું સ્વપ્ન ડૉ. સુનને લાધ્યું હતું. પણ એમણે એ પણ જોઈ લીધું હતું કે વિદેશી સત્તાઓના ઘૃણાસ્પદ આધિપત્યને ચીન ફગાવી દે અને તેમના બરોબરિયા હોવાનો દાવો કરે તે પહેલાં જાપાને કર્યું હતું તેમ પશ્ચિમની રાજરમતના દાવ ચીને પણ શીખી લેવા પડશે. એટલે વિદેશી મૂડી, વિદેશી નિષ્ણાતો ને વિદેશી વૈજ્ઞાનિકોની ચીનને તૈયાર કરવાની દૃષ્ટિથી આયાત થવી જોઇએ એમ એ માનતા હતા. અમેરિકા અને ઈંગ્લંડ કનેથી આ પ્રકારની મદદ મેળવવા માટે એમણે એ દેશોનો પ્રવાસ આદર્યો. પણ એમની પ્રવૃત્તિ તે વખતે કંઈ છાની રહી નહોતી. ચીનની રાજસત્તા અદમ્ય નિશ્ચયબળવાળા આ ભયંકર પુરુષની ક્રાન્તિકારી પ્રવૃત્તિઓથી થથરી રહી હતી ને કોઈપણ ઉપાયે એનો કાંટો દૂર થતો હોય તો તેમ કરવા રાજી હતી.

એટલે ડૉ. સુન લંડન પહોંચ્યા કે તરત જ ચીનના એલચીખાતાએ એમના અપહરણનું કાવતરું ગોઠવી એમને કેદ કર્યા. આ કેદમાંથી છૂટવા ડૉ. સુને બહુ ફાંફાં માર્યાં, પણ એકે ઉપાય જડયો નહિ. પણ એ રોમાંચક પ્રસંગમાં ઈશ્વરે જાણે એમની કે પછી ચીનસમસ્તના પીડિતોની પ્રાર્થના સાંભળી હોય તેમ, એલચીખાતાના એક પોર્ટરનું હૈયું આ મહાપુરુષનું દુઃખ જોઈને દ્રવી ઊઠયું. એણે ડૉ. સુનના એક વારના શિક્ષક સર જેમ્સ કેન્ટલીને ડૉ. સુનના ગુપ્ત કારાવાસની વાત પહોંચાડી. બીજે દિવસે સવારે તો લંડનના એકએક સમાચારપત્રમાં ભલકા જેવડા અક્ષરે આ જ મુખ્ય સમાચાર છપાયા! ઈંગ્લંડની પરદેશ કચેરીએ ડૉ. સુનને તત્કાલ છોડાવી દીધા. ૪૯, પોર્ટલેન્ડ પ્લેઈસની એ નાનકડી ઓરડી, જેમાં ડૉ. સુનની છૂપી અટકાયત થઇ હતી તેને એ વિલક્ષણ પ્રસંગની સ્મૃતિ રૂપે હજી પણ જેમની તેમ જાળવવામાં આવી છે.

એ પછી ચીનમાં એવા બનાવો બનવા માંડયા કે ડૉ. સુનને પાછા ફરવાની જરૂર પડી. ખોટું બહાનું કાઢીને જર્મન નૌકાદળે ચીઆઓ-ચૌનો ૧૮૯૭માં કબજો લીધો, ને બીજી પશ્ચિમી સત્તાઓએ પણ પોતપોતાનાં અધિકારક્ષેત્રો જમાવવા માંડયાં; એટલે પાછા ફર્યા સિવાય છુટકો જ નહોતો. પણ ચીનમાં રહેવાથી પકડાઇ જવાનું જોખમ હતું, એટલે એમણે જાપાન જઇને ત્યાંની યુનિવર્સિટીઓમાં ભણતા ચીનના વિદ્યાર્થીઓમાં કામ કરવા માંડયું. થાક, કંટાળો કે હાર એટલે શું, તેની ચીનના આ ખંતીલા ઉદ્ધારકને ખબર જ નહોતી. ઉત્સાહ ને સ્ફૂર્તિનો એ અવતાર હતો. જે પરિસ્થિતિ સાથે એને પ્રસંગ પાડવાનો હતો તે જોતાં ભાવી ચીનનું એણે કલ્પેલું ચિત્ર ઘણાને દિવાસ્વપ્ન જેવું જ લાગતું. પણ ડૉ. સુનની વાણીમાં કંઈ એવો જાદુ હતો, કંઇ એવું નિષ્ઠાનું બળ હતું કે સાંભળનારને મન એ સ્વપ્ન સત્ય બની જતું. જગતની મહાસત્તાઓમાં આજે ચીનની ગણના થાય છે તે ડૉ. સુનની અવિશ્રાન્ત ક્રાન્તિસાધનાને જ આભારી છે.

વર્ષો સુધી વિદ્યાર્થીઓમાં એમણે કામ કર્યું; જાપાન, હૉંગકૉંગ ને આનામ વચ્ચે કેટલા યે આંટાફેરા કર્યા; મંડળો સ્થાપ્યાં, આદેશો આપ્યા, મંત્રણાઓ કરી, યોજનાઓ ઘડી, પ્રોત્સાહન આપ્યું. ૧૯૦૨માં કૅન્ટનમાં, અને ૧૯૦૪માં હુનાનમાં ક્રાન્તિકારી દળો ઊલળ્યાં પણ ખરાં. પરંતુ રાજસત્તાએ એમને તરત જ દબાવી દીધાં. જાપાન પણ હવે ચેતી ગયું. ચીનને ઓળવી લેવાની જાપાનની મુરાદોમાં ડૉ. સુનની પ્રવૃત્તિ આડખીલી રૂપ હતી. એટલે એણે ચીની વિદ્યાર્થીઓને હેરાન કરવા માંડયા. ડૉ. સુને જોયું કે હવે જાપાનમાં રહેવામાં સાર નથી. એમાં જાનનું જોખમ પણ છે. એટલે એમણે પોતાનું મથક આનામ ખાતે આણ્યું. ૧૯૦૭ અને ૧૯૦૮માં ક્રાન્તિના વિશેષ પ્રયત્નો થયા, પણ એ ય નિષ્ફળ ગયા. ૧૯૦૯માં નાણાં એકઠાં કરવા માટે ડૉ. સુને વળી યુરોપયાત્રા આરંભી. નાણાં વિના ચાલે તેમ નહોતું. ડૉ. સુનનો કાર્યક્રમ કંઇ ગાંધીજીની માફક અહિંસાત્મક કાર્યક્રમ નહોતો. એટલે શસ્ત્રસરંજામ ને સૈનિકો મેળવવા માટે નાણાંની પુષ્કળ જરૂર હતી. જેમની કને નાણાં હતાં તેમને ડૉ. સુનમાં વિશ્વાસ નહોતો. હેરાનગતિ, ત્રાસ ને કષ્ટનો કંઈ પાર નહોતો. ને છતાં સુન-યાત-સેનની શ્રદ્ધા કદી જ ડગી નહિ. આશાથી, શ્રદ્ધાથી, ખંતથી, એ મંડયા જ રહ્યા.

ક્રાન્તિના છૂટાછવાયા પ્રયત્નો તો થતા જ રહેતા હતા અને મંચુ અમીરજાદાઓનાં અકળ રીતે ખૂનો પણ થતાં રહેતાં હતાં. લોકજીભે ક્રાન્તિની વાત રમતી થઈ ગઈ હતી. ચીનના સમ્રાટે આ બધાથી ભડકી જઇને નવા સૈન્ય માટેની ભરતી શરૂ કરી. પણ એમાં ય ક્રાન્તિવાદીઓ જ જઇને જોડાયા! ૧૯૧૦માં આ જ સૈન્યે કૅન્ટનની લડાઈ શરૂ કરી, પણ એમાં નિષ્ફળતા મળી. ૧૯૧૧ના માર્ચમાં ક્રાન્તિકારી પક્ષના ૭૨ બત્રીશલક્ષણા જુવાનો લડતાંલડતાં પડયા. 'પીળાં ફૂલની ટેકરીઓ'ને નામે વિખ્યાત સ્થળમાં એ વીરોની કબરોની યાત્રાએ હજી પણ કૃતજ્ઞ દેશવાસીઓ જાય છે. (અનુસંધાન આગળ પાન ૨૫૫મે)

આ અને તે (અનુસંધાન પાછળના પાન ૨૪૫થી)

એ પછી રોજ કોકેન માટે એ આજીજીઓ કર્યા કરતો, ને હું ના પાડચા કરતો. હું ન આપતો તે ન જ આપતો.

એક દિવસે એણે કહ્યું, 'ડાગદર સાહબ, દસ હજાર રૂપા દૂંગા. એક પુડિયા કોકિન દીજીયે.'

મેં કહ્યું 'એ તો દઉં, પણ તારી પાસે રૂપિયા કયાં?'

એણે કહ્યું, 'ઇમાન કસમ, ભેજ દૂંગા.'

મેં કહ્યું, 'બહુ થયું હવે, રસિકતા ન કર. જાણી લે કે હું તને એક રતીભાર કોકિન એક લાખ રૂપિયાના બદલામાં પણ નહિ આપું.'

વળી એક દિવસ એ કોકેન ખાવા માટે અધીરો થઈ ગયો. ખૂબ જ કરગર્યો. મેં એને કહ્યું, 'અચ્છા નૂરમિયા, મેં તો તને સગી આંખે ત્રણ ખૂન કરતાં જોયો છે, હવે જો હું જ તને પોલીસમાં પકડાવી દઉં તો?

એ હસીને બોલ્યો,'કંઈ નહિ થાય. મારી પાસે સાબિતી મોજૂદ છે.'

'કઇ રીતે?' મેં પૂછ્યું.

એણે કહ્યું, 'હુલ્લડ વેળા હું હાજતમાં હતો. ન માનતા હો તો થાણામાં જઇ જોઈ આવો. ત્યાં મારા અંગુઠાની છાપ સુદ્ધાં પડી છે!'

એની શયતાનિયત જોઈ હું ચમકયો. પોતાનો મજબૂત બચાવ તૈયાર કરીને, બધી પાકી તૈયારી પછી જ એ હુલ્લડમાં ઝંપલાવે છે!

એ પછી એક દિવસ (ત્યારે યે એના શરીરમાં પૂરી શક્તિ નહોતી આવી. મેં એનું પ્રેત જેવું હતું) મેં એને કહ્યું,'તારો જખમ મટી ગયો છે. હવે તું ઈચ્છે તો જઈ શકે છે.'

એ કંઈ જ બોલ્યા વિના ઊઠીને ઊભો થઇ ધીરેધીરે ચાલતો બહાર ગયો. જતી વેળા નીચો વળી મને એક સલામ કરતો ગયો.

લગભગ ત્રણેક મહિના સુધી એ ન દેખાયો. એક દિવસ મેં મારા કૉમ્પાઉન્ડરને પૂછ્યું, 'પેલો નૂરમિયા પાછો દેખાયો નહિ.'

કૉમ્પાઉન્ડર તમારા જેવો 'સિનિક' હતો. એણે કહ્યું, 'હવે શા માટે આવે? તમે શું એ લાખ રૂપિયા દેવા આવશે એમ માનતા હતા? સ્વપ્ને ય આશા ન રાખશો. ઉલટાનો લાગ જોઇને તમારૂં જ ખૂન કરી નાખે તો નવાઈ ન પામું.'

વાત સાવ નાખી દેવા જેવી ન લાગી. નરહત્યારા એ ગુંડાનો જીવ બચાવવા બદલ હું પસ્તાવા લાગ્યો.

એ જ દિવસે બપોર વેળા હું એકલો બેઠો હતો. એકાએક નૂરમિયા આવીને ઊભો રહ્યો. હવે એ માંદલો ન હતો. પડછંદ, કદાવર, લાલ ઘુમ્મ બદન વાળો, એક લાંબી મોટી સલામ કરી એ બોલ્યો,'હજુર!'

મેં કહ્યું, 'કેમ નૂરમિયા? શા ખબર છે? પેલા લાખ રૂપિયા લાવ્યો કે શું?'

એણે લુંગીની અંદરથી એક મોટું નોટનું બંડલ કાઢી કહ્યું, 'માલિક, લાખ રૂપિયા આપવાની તો મારી તાકાત નથી; પણ આ પાંચ હજાર લાવ્યો છું. એ સ્વીકારી મને ઋણમુક્ત કરો.'

હું અવાક્ થઇ ગયો. કહ્યું, 'એ પાંચ હજારને હું શું કરૂં?'

એણે કહ્યું 'હજુર, એ મારૂં નજરાણું છે. ઈમાનથી કહું છું કે આથી વધુ દેવાની મારી તાકાત નથી.'

મેં હસીને કહ્યું, 'નૂરમિયા, તું શું એમ ધારે છે કે મેં રૂપિયાના લોભે તારો જીવ બચાવ્યો હતો?' એ ચૂપ રહ્યો.

મેં ફરી કહ્યું,'તારા કોકેનના વેચાણના, લોકોનાં લોહીના શોષણના રૂપિયા તું જ પાછા લઈ જા. મને એ ન ખપે. તારા જેવાનો જીવ બચાવી મેં જે પાપ કર્યું છે એની સજા ભગવાન મને દેશે.'

રૂપિયા આપવા માટે એણે ખૂબખૂબ પ્રયત્નો કર્યાં, પણ મેં ન જ લીધા. એણે ઘણી યે કાકલુદી-વીનવણી કરી પણ હું અચળ રહ્યો, ત્યારે એ નોટનું બંડલ ઉપાડી, એક રીતે રોષે ભરાઇ પાછો ચાલ્યો ગયો.

સાત દિવસ બાદ ફરીથી આવીને એણે કહ્યું, 'માલિક, તમે હિંદુ થઇને જાણીબૂઝીને મારા જેવા દુશ્મનનો જીવ બચાવ્યો એ વાત હું કેમેય ભૂલી નથી શકતો. વારૂ, રૂપિયા તમે ન લેશો. મને તમારો ગુલામ બનાવીને રાખો. જેમ હુકમ કરશો એમ કરીશ.'

મને એક સરસ વિચાર સૂઝી આવ્યો. મેં કહ્યું, 'જેમ કહીશ એમ કરીશ? ખરૂં કહે છે?'

એ બોલ્યો, 'જાન કબૂલ, ઈમાન કબૂલ.—એમ જ કરીશ—તમે કહેશો એમ જ કરીશ.'

મેં ફરી કહ્યું, 'નૂરમિયા, બરાબર વિચારીને કહેજે. આવેશમાં કે ઉત્સાહમાં આવીને ઇમાનના નામે જેમતેમ ન બોલી બેસતો.'

એ જરા અચકાઇને બોલ્યો 'મારો ધર્મ નહિ છોડી શકું. બીજું જે કંઈ કહેશો એ કરીશ,—ખુદા કસમ.'

મેં કહ્યું, 'ના, ધર્મ તારે નહિ છોડવો પડે, પણ આ તો એથી યે વધુ આકરૂં છે, નૂરમિયાં!'

એ બોલ્યો, 'ભલે હોય. તમે ફરમાવોને!'

મેં કહ્યું, 'વારૂ. હું ફરમાવું છું. તારે કોકેન છોડવું પડશે. કોકેનનો ધંધો છોડવો પડશે. ને છોડવી પડશે આ ગુંડાગીરી. બોલ કરી શકીશ?'

સાંભળતાંવેંત એ પત્થર જેવો બની ગયો! એ પછી ધીરેધીરે ખુરસી પર બેસી ગયો. ઘણીવાર સુધી કપાળે હાથ દઇને એ શું વિચારતો હતો એ તો એ જ જાણે. આખરે એક મોટો ઊંડો નિશ્વાસ નાખી એ બોલ્યો, 'બાબુજી, તમે મારી દુનિયા છીનવી લીધી. બહુ સારૂં, એમ જ થશે. કોકેન મૂકીશ, એ ધંધો મૂકીશ, આ ગુંડાગીરી પણ મૂકીશ. પણ એમાં તમને શો ફાયદો થયો, માલિક?'

એને ખભે હાથ મૂકી મેં કહ્યું, 'જો તું ખરેખાત એ મૂકી શકીશ, તો મને શો લાભ થયો એ એક દિવસ તને કહીશ.'

ગુંડાગીરી એણે સરળતાપૂર્વક છોડી દીધી. પણ કોકેન છોડવા જતાં એણે કેવુંકેવું વેઠયું એ વર્ણવવું અસંભવિત છે. પ્રથમ પ્રથમ તો રોજ સાંજે આવી મારા પગ પાસે એ માથું પછાડતો. કોકેનની ભૂખ કેવી પૈશાચિક ભૂખ છે એ કોકેન ન ખાનાર નહિ સમજી શકે. રોજ મારા પગ પાસે માથું ઘસતોઘસતો કહેતો, માલિક, એકવાર હુકમ આપો—એકવાર—એક જ વાર રજા આપો. સોયની અણી પર આવે એટલું જ ખાઇશ. વધુ નહિ ખાઉં. કયારેક કયારેક તો મને એવી દયા ઉપજતી કે મહાપરાણે હું મનને સખત કરતો.

પણ ગજબનું મનોબળ હતું એ ગુંડાનું. બીજો કોઇ હોત તો ક્યારનો યે પ્રતિજ્ઞા તોડી ચૂક્યો હોત. પણ નૂરમિયા બુલડૉગની જેમ એની વાતને વળગી રહ્યો હતો.

કોકેનની ભૂખને જીતતાં એને પૂરૂં એક વર્ષ લાગ્યું. છેલ્લે દિવસે આવી એ મારે પગે બાઝી પડચો, ને બોલ્યો, 'માલિક, આજે સમજાયું કે શા માટે તમે મને કોકેન છોડવા કહ્યું હતું. તમે માનવી નથી, પીર નબી છો, પીર નબી!'

હવે એ નૂરમિયાએ બીડી-તમાકુની દુકાન માંડી છે.

'કયારેક સવારમાં વહેલા મારે દવાખાને આવી ચડશો તો તમે એને સૌ પ્રથમ આવીને મને સલામ ભરતો જોશો.'

નવી સાવરણીથી ચોખ્ખું વળાય ખરૂં; પણ ખુણાખાંચરા સાફ કરવા સારૂ તો જૂની જ જોઇએ.

'બૅંક' એનું નામ કે જ્યાંથી તમને પૈસા ધીરવામાં આવે—પણ તે એવી પાકી ખાતરી કરી લીધા પછી કે તમને તેની 'ખરી' જરૂર નથી!

પ્રાચીન નાટ્યશાસ્ત્ર

અને તેની અનુષંગી કલાઓ (નૃત્ય અભિનય આદિ)નો પરિચય આપતી લેખમાળા

[૩]

નાટ્યના પ્રકારો

પ્રાચીન કાળમાં અસ્તિત્વ ધરાવતા નૃત્ય અને નાટ્યના અનેક પ્રકારો તો આજ લુપ્ત થઈ ગયા છે, પણ તે કાળનો નાટ્યકલાવૈભવ જાણવા જેવો છે.

પ્રાચીન કાળમાં નાટકનું સાચું નામ 'રૂપક હતું. 'નાટક' તો રૂપકનો માત્ર એક પ્રકાર હતો.

નાટ્યના રૂપક ને ઉપરૂપક એવા બે ભેદ હતા. તેમાં રૂપકના દસ અને ઉપરૂપકના અઢાર પ્રકાર હતા. તે આ પ્રમાણે:

રૂપકના પ્રકારો: (૧) નાટક, (૨) પ્રકરણ, (૩) ભાણ, (૪) વ્યાયોગ, (૫) સમવકાર, (૬) ડિમ, (૭) ઈહામૃગ, (૮) અંક, (૯) વીથિ અને (૧૦) પ્રહસન.

ઉપરૂપકના પ્રકારો: (૧) નાટિકા, (૨) ત્રોટક, (૩) ગોષ્ઠિ, (૪) સટ્ટક, (૫) નાટ્યરાસક, (૬) પ્રસ્થાન, (૭) ઉલ્લાપ્ય, (૮) કાવ્ય, (૯) પ્રેક્ષક, (૧૦) રાસક, (૧૧) સંલાપક, (૧૨) શ્રી ગદિત, (૧૩) શિલ્પક, (૧૪) વિલાસિકા, (૧૫) દુર્મિલ્લકા, (૧૬) પ્રકરણિકા, (૧૭) હલ્લીશ અને (૧૮) ભાણિકા.

રૂપકનાં દસ પ્રકારનાં લક્ષણો આ પ્રમાણે છે:

નાટક: રૂપકોમાં નાટક મુખ્ય છે. તેની કથા કોઈ સત્ય ઘટના પર રચાએલી હોવી જોઈએ છે. તેનો નાયક રાજા કે દૈવી પુરુષ હોય છે. શૃંગાર અને વીર રસ તેના મુખ્ય રસ છે. 'શાકુંતલ,' 'મુદ્રારાક્ષસ,' 'વેણીસંહાર' વગેરે આ પંક્તિમાં આવે છે.

પ્રકરણ: પ્રકરણનું વસ્તુ કવિકલ્પિત હોય છે અને તે સામાજિક કે પ્રેમ વિષય પર રચાએલું હોય છે. તેનો નાયક રાજાથી ઊતરતા વર્ગનો,—એટલે કે મંત્રી બ્રાહ્મણ કે પ્રતિષ્ઠિત ધનિક વૈશ્ય હોય છે. પ્રકરણ બે ભાગમાં વહેંચાએલું છે: શુદ્ધ અને સંકીર્ણ. શુદ્ધ પ્રકરણની નાયિકા વેશ્યા અને સંકીર્ણ પ્રકરણની નાયિકા કુલીન સ્ત્રી હોય છે. 'મૃચ્છકટિક' અને 'માલતીમાધવ' એ વર્ગનાં છે.

ભાણ: એ એક અંકનું હોય છે. તેનો હેતુ મનોરંજનનો હોય છે. તેના પ્રારંભ તથા અંતમાં સંગીત અવશ્ય હોય છે અને એક જ પાત્ર ઘણી ચેષ્ટાઓનું અનુકરણ કરે છે. તેમાં ઉઘાડો શૃંગાર આવે છે. 'લીલા,' 'મધુર,' તથા 'શારદાતિલકમ્'નામના ગ્રંથો આ કોટિમાં આવે.

વ્યાયોગ પણ એક અંકનું રૂપક છે, અને તેનો ઉદ્દેશ યુદ્ધવર્ણન હોય છે. તેનો નાયક અર્જુન જેવો વીર પુરુષ હોય છે. 'જામદગ્ન્ય-જય,' 'સૌગંધિકાહરણ,' 'ધનંજય-વિજય' આદિ આ પ્રકારનાં છે.

સમવકાર: ત્રણ અંકનું રૂપક છે. દેવદાનવ વચ્ચેની સ્પર્ધા ને યુદ્ધ તેનો વિષય છે. તે વીરરસ પ્રધાન અને યુદ્ધવર્ણનયુક્ત હોવું જોઇએ. મહર્ષિ ભરતે નાટ્યોત્પત્તિ બાદ પહેલવહેલો ભજવી બતાવેલો 'સમુદ્ર-મંથન' નામનો પ્રયોગ આ વર્ગનો હતો.

ડિમ: ચાર અંકનું વીર તથા ભયાનક રસપ્રધાન રૂપક છે. દેવ અથવા અસુર તેનો નાયક હોય છે.

ઈહામૃગ: પ્રેમ કે કૌતુકવર્ણનના વિષયવાળું ચાર અંકી રૂપક છે. તેના નાયક દેવદેવી હોય છે. 'કુસુમશેખરવિજય' એનું દૃષ્ટાંત છે.

અંક: કરુણરસપ્રધાન, પ્રસિદ્ધ પૌરાણિક વસ્તુનું એક અંકી રૂપક તે અંક કહેવાય છે. જેમકે 'શર્મિષ્ઠા યયાતિ.'

પ્રહસન: હાસ્યરસપ્રધાન એકઅંકી રૂપક. તેનો ઉદ્દેશ સમાજમાં પ્રચલિત વિષમતાઓ પર કટાક્ષ કરી તેને દૂર કરવાનો હોય છે. 'હાસ્યાર્ણવ,' 'કૌતુકસર્વસ્ય' ને 'ધૂર્તસમાગમ' વગેરે આ જાતનાં છે.

ઉપરૂપકોના વિવિધ પ્રકારોનાં લક્ષણ ટૂંકમાં નીચે પ્રમાણે છે:

નાટિકા: શૃંગારરસ પ્રધાન હોય છે. તેનું બંધારણ સંગીત પર રચાએલું હોય છે. શ્રીહર્ષનું 'રત્નાવલિ' નાટક આ વર્ગનું છે.

ત્રોટક: આ પણ સંગીતપ્રધાન હોય છે. તે પાંચ, સાત, આઠ કે નવ અંકનું હોય છે ને તેનો વિષય પાર્થિવ કે સ્વર્ગીય હોય છે. 'વિક્રમોર્વશીય'ને કેટલાક આ વર્ગનું ગણે છે.

ગોષ્ઠિ: એક અંકી હોય છે. તેમાં નવદસ પુરુષપાત્રો ને પાંચછ સ્ત્રીપાત્રો હોવાં જોઈએ. 'રૈવત-મદનિકા' આ જાતનું છે.

સટ્ટક: એમાં આશ્ચર્યકારક કથાને પ્રાકૃત ભાષામાં રજૂ કરવામાં આવે છે. જેમકે 'કર્પૂરમંજરી.'

નાટ્યરાસક: એ પ્રેમ અને કૌતુકપ્રધાન એક અંકી ઉપરૂપક હોય છે. તેમાં અથથી ઇતિ સુધી નૃત્ય અને સંગીત રહેલું હોય છે. 'નર્મવતી' અને 'વિલાસવતી' આ લક્ષણવાળાં છે.

પ્રસ્થાન: નાટ્યરાસક જેવું જ સંગીતયુક્ત દ્વીઅંકી ઉપરૂપક છે. તેનાં પાત્રો હીન અને નીચલા વર્ગનાં હોય છે.

ઉલ્લાપ્ય: પ્રેમ અને હાસ્યવિષય યુક્ત એક અંકી ઉપરૂપક હોય છે. 'દેવી-મહાદેવ' આ શ્રેણીમાં આવે છે.

કાવ્ય: સંગીતની બહુલતાવાળું, પ્રેમવર્ણનથી યુક્ત એક અંકી ઉપરૂપક હોય છે. 'યાદવોદય'નો આ વર્ગમાં સમાવેશ થાય છે.

પ્રેક્ષક: વીરરસપ્રધાન એક અંકી ઉપરૂપક છે. તેનો નાયક અધમ કોટિનો હોય છે. જેમકે 'વાલીવધ'.

રાસક: હાસ્યરસ-ઉદ્દીપક એક અંકી ઉપરૂપક. તેમાં બુદ્ધિમાન નાયક-નાયિકા તથા બીજાં ત્રણ મૂર્ખ નટપાત્રો થઇ પાંચ નટો જ હોય છે. 'મેનકાહીન' આ પ્રકારનું છે.

સંલાપક: ચાર અંકી હોય છે. તેનો નાયક પ્રચલિત ધર્મની વિરુદ્ધ મતનો હોવો જોઇએ. 'માયાકાલાપિક' આ જાતનું છે.

શ્રી ગદિત: સંગીતપ્રધાન એક અંકી ઉપરૂપક હોય છે. તેની નાયિકા લક્ષ્મી હોય છે. 'ક્રીડારસાતલ' આ પ્રકારનું છે.

શિલ્પક: માયાવી કે આશ્ચર્યકારક ઘટનાના વિષયવાળું ચાર અંકી ઉપરૂપક. તેનું રંગસ્થળ સ્મશાન હોય છે. તેનો નાયક બ્રાહ્મણ ને પ્રતિનાયક ચાંડાલ હોય છે. 'કનકવતી-માધવ' આ પંક્તિનું છે.

વિલાસિકા: પ્રેમ અને કૌતુક વિષયનું એક અંકી ઉપરૂપક છે.

દુર્મલ્લિકા: એ હાસ્યરસપ્રધાન ચાર અંકી ઉપરૂપક હોય છે. 'બિન્દુમતિ' આ પ્રકારનું છે.

પ્રકરણિકા: એ 'નાટિકા'ને મળતું હોય છે.

હલ્લીશ: અથથી ઇતિ સુધી સંગીત અને નૃત્યવાળું એક અંકી ઉપરૂપક છે. તે એક પુરુષ અને આઠદસ સ્ત્રીઓથી ભજવાય છે. 'કેલિરૈવતક' આ પ્રકારનું છે.

ભાણિકા: હાસ્યરસયુક્ત એક અંકી ઉપરૂપક દા. ત. 'કામદત્તા'.

નાટ્યના આ વિવિધ પ્રકારોમાંથી હાલ તો 'રૂપક' પ્રકારના 'નાટક' અને 'પ્રકરણ' બે, તેમજ ઉપરૂપક પ્રકારની 'નાટિકા' એમ ત્રણ પ્રકારો જ ઉપલબ્ધ રહ્યા છે.

ભરતનાટ્યશાસ્ત્રમાં ઉપરૂપકોનું વર્ણન નથી; તેથી તે પાછળના કાળમાં પ્રચલિત થયાં હશે તેવું અનુમાન કરી શકાય છે. નાટ્ય-

કલાની અગાઉ કેટલી ખીલવણી થઇ હશે તેનો કંઈક ખ્યાલ નાટ્યપ્રકારોની આ વિવિધતા જોઇને આવે છે. પ્રાચીન કાળના આ નાટ્યવૈભવનું હાલ તો સ્મરણ જ કરવું રહ્યું તે કાળમાં વિદ્યાભ્યાસ સાથે સંગીત, નૃત્ય, અભિનય વગેરે કલાવિષયોની પણ તાલીમ આપવામાં આવતી હોવાના અનેક ઉલ્લેખો સંસ્કૃત સાહિત્યમાંથી મળી રહે છે. ગુપ્ત વાસ દરમ્યાન અર્જુન વિરાટ નગરમાં રાજકુમારી ઉત્તરાને નૃત્યની તાલીમ આપતો હોવાની વાત મહાભારતમાં આવે છે. આથી અર્જુન નૃત્યકલામાં પણ કુશળ હોવાનું જાણી શકાય છે.

અગાઉ સંગીત, નૃત્ય, અભિનય વગેરે નાટ્ય વિષયોના શિક્ષણ માટે નાટ્યશાળાઓ બંધાતી અને રાજા જ તેનો નિભાવ કરતો. મહોત્સવો તેમ જ લગ્નાદિ માંગલિક પ્રસંગોમાં નાટ્યપ્રયોગો એક અંગ રૂપ ગણાતા. નાટ્યકારો ઉપરાંત પ્રતિષ્ઠિત કુળનાં સ્ત્રીપુરુષો તેમજ રાજવંશીઓ પણ તેમાં ભાગ લેતા

નાટ્યશાળાના અધ્યાપક નાટ્યાચાર્ય કહેવાતા ને રાજા તેમજ પ્રજામાં તેમનું બહુમાન થતું. નાટ્યાચાર્યનું પદ મેળવવા તેમને અનેક પ્રકારની સિદ્ધિઓ મેળવવી પડતી. પરંતુ કાળે કરીને રુચિવિકારને કારણે તેમની 'નટ' નામની હલકી જાતિમાં પડતી થઇ અને નાટ્યકલાનો તેઓ ભરણપોષણના સાધન તરીકે ઉપયોગ કરવા લાગ્યા. ઉત્તમ અભિરુચિની પડતીની સાથે ભવાઈ વગેરે હલકી જાતના અશ્લિલ પ્રયોગો પ્રચારમાં આવ્યા અને તેની સાથે પ્રાચીન શુદ્ધ નાટ્યકલા ધીમેધીમે વિલુપ્ત થતી ગઇ.

('નાટ્યતત્ત્વ'ને આધારે) **યોગેન્દ્ર પ્રિયદર્શી**

આગ્રા અને સિક્રી (અનુસંધાન પાછળના પાન ૨૫૦થી)

પણ હવે તો તેઓએ હિંદી કળાનાં સારાં ચિત્રો અને આલ્બમોને પણ આદર આપવા માંડયો છે.

અમે વિજ્ઞાનવિભાગમાં ગયા ત્યાં વનસ્પતિશાસ્ત્ર ને જીવશાસ્ત્રના પ્રાધ્યાપક પ્રો. મુખરજી સાથે કાન્તિભાઇએ પિછાન કરાવી; તે સાથે તેમનો હૉર્ટિકલ્ચર શૉખ પણ પ્રદર્શિત કર્યો. તેમણે પોતાના નાના બગીચામાંથી સુંદર ફૂલોનો એક ગુચ્છ મને તૈયાર કરી આપ્યો, તેમાં એમણે જે ખૂબીથી રંગોનો મેળ કર્યો તે પરથી તે કલાકાર પણ હોવા જોઇએ એમ મેં સહજ પકડી પાડયું; અને ખરેખર તે ચિત્રો પણ દોરતા ને કલાકારોની કૃતિઓ પણ સંઘરતા.એમણે ભાવપૂર્વક સાંજે પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું અને સાથે જ કોઇ અજબ વસ્તુ મને બતાવવાનું વચન આપ્યું.

એ દિવસના બપોર શ્રીરામ શર્માને ત્યાં વીતાવી. તે દિવસે એમને ૫૦ વર્ષ પૂરાં થયાં તેનો ઘરમાં ઉમંગ હતો. તેમનાં પત્નીએ જાતજાતની રસોઈ બનાવી હતી. આસપાસનાં ગુજરાતી પડોશીઓએ તો તેમને ડરાવ્યાં હતાં કે ગુજરાતના બ્રાહ્મણો યુ પી.ના બ્રાહ્મણોને ત્યાં જમશે નહિ. એ જાણ્યું ત્યારે મને ભારે ખેદ થયો કે કાળજૂના ભેદોમાંના આવા સાદા ભેદો પણ હજી ભૂંસાતા નથી. એમનાં પત્ની બહુ સુશિક્ષિત નહોતાં, પણ તેમની બધી વિધિમાં તેમનો અતિથિપ્રેમ ઉભરાઈ જતો હતો. ખરેખર એ એક રસલ્હાણ હતી. બહુ લાગણીભર્યે હૃદયે અમે છૂટા પડયા. ઘેર આવી સામાન બાંધી તૈયાર રાખ્યો અને પછી કાન્તિભાઇ સાથે પ્રો. મુખરજીને ત્યાં ગયા.

સ્વામી બાગ

તેમણે પણ ચાનું સ્વાગત ભારે ઠાઠથી તૈયાર રાખ્યું હતું. જલદી પતાવી અમે તેમણે કહેલા સ્થળે જવા નીકળ્યા. એ હતો 'સ્વામી બાગ.'આગ્રાની દેશખ્યાત સંસ્થા દયાળબાગ વાળા રાધાસ્વામી સંપ્રદાયના મૂળ પુરુષની જ્યાં સમાધિ છે તેને સ્વામીબાગ કહે છે. કેટલાક અસલ મતવાળા સેવકોએ ત્યાં લાખો રૂપિયા ખર્ચીને મંદિર કરવા માંડયું છે. પૈસા કેમ વાપરવા તે માટે મતભેદ હોઇ શકે; પરંતુ મેં ત્યાં જે જોયું તેનું વર્ણન શબ્દોથી કરવું જ મુશ્કેલ છે. દસપંદર વર્ષ થયાં એ મંદિર બંધાયાં કરે છે. એકલો આરસ જ બધે વપરાય છે. પણ આપણા દેશની અવદશા એ છે કે ઘણા ધાર્મિક માણસો પણ યુરોપી કારીગરને જ શ્રેષ્ઠ ગણીને તેને કામ સોંપે છે, તેમ અહીં પણ એક ડચ ઈજનેરના હાથમાં બાંધકામ સોંપાયું છે. એક હિંદી સંતની સમાધિ ઉપર તેણે ઊંચા આયોનિક ગ્રીક ઘાટના થાંભલા ને અર્ધગોળ રોમન કમાનો નાખી મંદિરની રચના કરી છે! એ જોઈ, પહેલાં તો મારો જીવ બેસી ગયો. પણ પ્રો. મુખરજી કહે કે હવે એ ભૂલી જાઓ અને ઠેકઠેકાણે મૂકેલી આરસની કોતરણી ભરેલી તકતીઓ જુઓ. એની નકશી અને રૂપાળાં ફૂલપાનના લૂમખા ને લૂમખા જોઇ આંખ ઠરી જ ગઈ! જાણે પથ્થરમાંથી જ સીધી ઊગી નીકળી હોય એવી એ લટકતી કે ગુંચળાં વળતી વેલો જોતાં હાથટાંકણાનો ચમત્કાર જ લાગે; અને તે કામ પણ આજના જમાનામાં હિંદુસ્તાની સલાટોએ કરેલું! ભૂતકાળનું હિંદી શિલ્પનું ગૌરવ આ જીવતા કારીગરોમાં હજી છે એ હકીકત જાણી મ ઊંડો શ્વાસ લીધો અને એમને નજરે પણ જોયા. આસપાસના માંડવા નીચે તૈયાર થતી તકતીઓ અને તે પર એકચિત્તે હાથ ચલાવતા એ જયપુરી સલાટો જોતાં જાણે તે દેવના પુત્રો હોય એવો ચમત્કાર કરતા લાગ્યા! દર વરસે જૂના જાય છે તો નવા આવે છે. આખો રાજપૂતાના એનાથી ભરચક્ક છે. અફસોસ, કે એ વખતે મારી પાસે કૅમેરા ન હતો; સમય પણ ન હતો. રામ રામ રામ રામ! હિંદના શિલ્પીઓ, તમારું સ્થાન માત્ર તકતીઓ ભરવાનું જ?

સ્ટેશને જવાની ઉતાવળ હતી એટલે આગ્રા જંક્શન તરફ રવાના થયા. કાન્તિભાઈ અને રજનીબહેને આગ્રામાં ગુજરાત બનાવ્યું હતું પણ ટ્રેઈનમાં પાછું અટુલાપણું લાગ્યું. બીજે દિવસે દસવાગ્યે અજમેરમાં ગાડી બદલવાની હતી. સવારે ફુલેરા જંક્શનથી એકબે ટિકિટ અને કોચ એકઝામીનરો તેમના કોઈ મિત્ર પાસે આવી બેઠા. તેમાં ચાલુ રાજકીય બાબતો પર ખૂબ ચર્ચાઓ થવા લાગી. કૉંગ્રેસ માટે એમાં જાતજાતની વાતો થઈ. છેવટે એક કાળો પણ સુંદર ક્રિશ્ચિયન બોલી ઊઠયો: 'યારો; દેખો તો, કૈસા બનાવ હોતા હૈ! તુમને યે માવીલીંકરકા નામ કભી સુનાથા? કહાંસે વો આ કે ઈસ્પીકર કી ચૅરમેં બેઠા? ઔર કયા નેક આદમી હૈ!' હું સમજ્યો કે એ તાજેતરમાં જ વડી ધારાસભાના સ્પીકરપદે નીમાએલા આપણા દાદાસાહેબ માવલંકર માટે કહે છે. એથી મનમાં મને આનંદ થયો કે યોગ્યતાની છાપ છેક દૂરની આમજનતા સુધી પણ કેવી પડે છે!

અજમેરમાં ગાડી ખાલી કરી અને આવતી મેઇલમાં અમારૂં રીઝર્વેશન થયું છે કે નહિ તેની તપાસ કરવા જતાં જણાયું કે અમ રૂ નામઠામ જ ત્યાં ન હતું! આગ્રાથી તેમને ખબર જ મળ્યા ન હતા. શું થાય? મેઇલ આવ્યો. એમાં જગ્યા જ ન હતી. આખરે છેલ્લી ઘડીએ તેમાં સ્ત્રીઓના કમ્પાર્ટમેન્ટમાં જગ્યા જોઈ કુટુંબનાં માણસોને તેમાં ગોઠવી હું બાજુના ડબામાં ચડી બેઠો અને પાંચ જ મિનિટમાં ટ્રેઇન ઊપડી. એટલી ઘડીની મૂંઝવણ પછી આખરે અમદાવાદને પંથે ચડયા તેની ખૂબ નીરાંત અનુભવી. (સંપૂર્ણ)

મધુ: બા, તેં માલતીને તો મોટું બરફીનું ઢેફું આપ્યું!

બા: પણ બેટા, માલતી તારા કરતાં મોટી છે ને?

મધુ: અને તું એને એમ બધું વધારે ને વધારે આપ્યા જ કરે એટલે તો પછી એ મોટી જ રહેવાની ને!

ડૉ. સુન-યાત-સેન (અનુસંધાન પાછળના પાન ૨૫૧થી)

પણ એ નિષ્ફળતા છેલ્લી જ હતી. ડૉ સુન તો યુરોપમાં જ હતા ને ૧૯૧૧ના ઑક્ટોબરમાં રાજસત્તા સામે મોટું બંડ સળગી ઊઠ્યું. એને પ્રેરનારાં તાત્કાલિક કારણોની વીગતમાં અહીં નહિ ઊતરીએ. ક્રાન્તિકારીઓને દોરી શકે તેવો કોઈ નેતા તે વખતે જડતો નહોતો, તો નેતા એમણે ઉપજાવી લીધો. એક સેનાનાયકને સૂતો ઉઠાડીને તેને નેતા બનવાની ફરજ પાડવામાં આવી. એની નામની નેતાગીરી હેઠળ પચાસ દિવસની અવધમાં ક્રાન્તિકારીઓએ ચૌદ પ્રાન્તો સર કરી લીધા ! આથી ગભરાઇ ઊઠેલી રાજસત્તાએ યુઆન-શિહ-કઇની સરદારી હેઠળ એક બળવાન સૈન્ય ક્રાન્તિકારોને ભીડાવવા મોકલ્યું. એ સૈન્યે અણકેળવાએલા ક્રાન્તિદળના ભુક્કા કાઢી નાખ્યા હોત; પણ ચીનનું નસીબ પાધરૂં હશે તે ડૉ. સુન આ બંડની વાત સાંભળીને હતાવળા ઉતાવળા ચીન આવી પહોંચ્યા. શાંગહાઈ ઊતર્યાં પછી તેમણે ચીની પ્રજાસત્તાકના પ્રમુખ થવાનું કહેણ તો સ્વીકાર્યું, પણ ચીનની પ્રજા હજી એમને પૂરી ઓળખતી થઇ નહોતી. વળી યુઆન-શિહ-કઈ એક બળવાન સૈન્યને મોખરે ઊભો હતો. એટલે ડૉ. સુન સમજી ગયા કે ક્રાન્તિને સફળ બનાવવી હશે તો પોતાના જીવનભરના પ્રતિપક્ષીની મહત્ત્વાકાંક્ષાને સતેજ કરીને એને એના સૈન્ય સહિત પોતાના પક્ષમાં ભેળવી લેવો પડશે. ચીનના ઉદ્ધારનો જ મંત્ર રટ્યા કરતા, અદ્ભુત આત્મવિલોપનના આ અવતારે પોતે પ્રમુખ થવાનું માંડી વાળી યુઆનને નૂતન ચીની પ્રજાસત્તાકના પ્રમુખ થવા કહેવડાવ્યું. જાણે એની રાહ જોઇને જ બેઠો હોય તેમ, મહત્ત્વાકાંક્ષી યુઆને એ સ્વીકારી લેવામાં જરા ય વાર ન લગાડી અને ક્રાન્તિને પૂરો સાથ આપવાની શરત મંજૂર રાખી. એણે ચીનના સમ્રાટને ગાદીત્યાગ કરવાની શિખામણ આપી, જે સ્વીકાર્યાં વિના તે બાપડાનો છૂટકો જ નહોતો. ચીનના સમ્રાટે ગાદીત્યાગ કર્યો, ડૉ. સુનનું સ્વપ્ન ફળ્યું, ચીની પ્રજાસત્તાકનો જન્મ થયો, રાજ્યની માલિક રૈયત બની.

પણ હજી તો ઘણું કરવાનું બાકી હતું. અથવા હવે જ બધું કરવાનું હતું. 'લોકોની પાર્લમેન્ટ' નામની સંસ્થા ઊભી કરીને યુઆનને પ્રજાસત્તાકનો પહેલો પ્રમુખ ચૂંટવામાં આવ્યો. 'પુનરૂત્થાન પામતું ચીન' નામનું જે મંડળ ડૉ. સુને અગાઉ સ્થાપ્યું હતું અને જે પાછળથી 'ચાઇના લીગ' બન્યું હતું તેને જ પુંનર્વ્યવસ્થિત કરી તેને 'કુઓમિન્તાન્ગ' અથવા 'રાષ્ટ્રીય પ્રજાપક્ષ' એવું નામ આપવામાં આવ્યું ને એ પક્ષે સત્તાનાં સૂત્રો ધારણ કર્યાં, અને નિર્મોહી, નિઃસ્પૃહી ડૉ. સુન એમાં પોતાને માટે ઊંચું સ્થાન મેળવવાની કશી જ તજવીજ કર્યાં વિના શાંતિથી જાપાન પહોંચી ગયા. લોકોનું રાજ થયું એટલે શું સોડ તાણીને સૂઈ જવું ? એમને તો બીજા સુધરેલા દેશો પાસેથી ઘણુંઘણું શીખી લઇને પોતાના દેશને ઊંચે આણવો હતો.

ઈ. ૧૯૧૪ના નવેમ્બરની ૨૫મીએ બનેલા એક બનાવને આપણે અત્રે નોંધવો જોઇએ. ડૉ. સુનના જીવનની એ એક મહત્ત્વની ઘટના હતી. તે દિવસે એમણે ચીની ક્રાન્તિને અનેક રીતે સહાય કરનાર અને પોતાના પરમ મિત્ર ચાર્લી સુંગની બીજી પુત્રી ચીંગ લીંગ સાથે લગ્ન કર્યું. એ નાની હતી અને ડૉ. સુન એને ત્યાં જતા ત્યારથી તે એમને ઓળખતી હતી. તેમના વ્યક્તિત્વ અને પ્રવૃત્તિથી એ મુગ્ધ બની રહી હતી. ડૉ. સુન એની કલ્પનાનો વીર હતો. એટલે એની મોટી બહેન એઈ લીંગ, જે ડૉ. સુનની સેક્રેટરી બની હતી તેણે જ્યારે લગ્નને કારણે એ સ્થાન છોડયું ત્યારે ચીંગ લીંગે એ સંભાળી લીધું. સેક્રેટરી તરીકે ડૉ. સુનની પ્રવૃત્તિઓ સાથે એ તદાકાર બની ગઈ,—એટલી બધી કે તેને ઝાઝું સમજાવવું પણ પડતું નહિ. ડૉ. સુનનું સ્વપ્ન એણે પોતાનું કર્યું ને અહોરાત્ર ચીન, ચીન કરતા આ ક્રાન્તિનાયકની સેવાશુશ્રૂષા એ એનું પરમ કર્તવ્ય થઈ પડ્યું. ડૉ. સુન એને પિતાતુલ્ય હતા છતાં એમની સાથે લગ્ન કરવાનો એણે નિશ્ચય કરી લીધો. કોઈપણ હિસાબે એને તો આ મહાપુરુષને જીવાડવો હતો, આરામ આપવો હતો ને એમ કરીને ક્રાન્તિની જ્યોત જલતી રાખવી હતી. માતાપિતાએ અને સમાજે એનો પુષ્કળ વિરોધ કર્યો. ડૉ. સુનની કારકીર્દિ ને વૃદ્ધાવસ્થા બંને ચીંગ લીંગના ભાવિને કઈ પળે કઈ ગર્તામાં હડસેલી દે તે કહેવાય તેમ નહોતું. છતાં ચીંગ લીંગ અડગ જ રહી ને આ વીરની સેવામાં જીવન સમર્પી દીધું.

હજી એક નવી મુશ્કેલી બાકી હશે તે ચીનના નવા સંજોગોમાંથી જ ઊભી થઈ. ડૉ. સુનની ગેરહાજરીનો લાભ લઇને યુઆને સમ્રાટપદ ધારણ કરવાની પેરવી કરવા માંડી. એણે એવો વિચાર ફેલાવવા માંડ્યો કે ચીનને પ્રજાસત્તાક તંત્ર પ્રતિકૂળ છે; ત્યાં તો રાજસત્તાક તંત્ર જ અનુકૂળ છે. ૧૯૧૩માં એણે 'રાષ્ટ્રીય પ્રજાપક્ષ'નું વિસર્જન કર્યું ને ૧૯૧૫ના ડીસેમ્બરમાં પોતે ગોઠવી કાઢેલી ચૂંટણીમાં બહુમતી પાસે રાજાશાહીને પક્ષે મત અપાવ્યો ને પોતે રાજા બની બેઠો પણ ક્રાન્તિકારી પક્ષે વર્ષો સુધી જે મહેનત ઉઠાવેલી ને કષ્ટ સહન કરેલાં તે કંઇ 'રાજા બદલવા' માટે નહિ જ ! તરત દક્ષિણ ચીનમાં મોટો બળવો ફાટી નીકળ્યો ને યુઆનની હામ ભાગી ગઈ. ૧૯૧૬ના માર્ચમાં એણે રાજપદનો ત્યાગ કર્યો, પછી માંદો પડ્યો અને હાથે કરીને નિષ્ફળતા તથા ગૌરવભંગ વહોરીને ગુજરી ગયો.


તોપણ ચીનની યાતનાનો અંત ન આવ્યો. યુઆનના મૃત્યુ પછી બીજા અનેક રાજાઓ ફૂટી નીકળ્યા ને અંદરઅંદર લડવા લાગ્યા. યુઆનના જીવતાં તો સરદારો દબાયાચંપાયા રહેતા હતા, પણ એના મૃત્યુથી એમને પોતાની આકાંક્ષાનો માર્ગ ચોખ્ખો થએલો લાગ્યો. એમના સૈનિકોએ પ્રજાને ત્રાહ્યત્રાહ્ય પોકરાવી.

ડૉ. સુન પાછા ફર્યાં અને કૅન્ટનમાં રહીને ક્રાન્તિકારી પક્ષને ફરી સંગઠિત કર્યો. ૧૯૩૧માં એમણે કૅન્ટનમાં ક્રાન્તિકારી સરકાર સ્થાપી ને પોતાને અસાધારણ પ્રમુખ તરીકે જાહેર કર્યાં. ચીની સમાજને સામ્યવાદ અનુકૂળ હોવાનો પોતાનો મત ન હોવા છતાં એનાં કેટલાંક અંગો એમને ગમતાં હતાં. એટલે એમણે રશિયા સાથે પણ મૈત્રી સાધી અને તેની મદદથી પક્ષમાં બળ પૂર્યું. આમવર્ગોમાં ક્રાન્તિની ભાવનાનો ફેલાવો કરવાને રશિયન સહાયકોએ (ખાસ કરીને બોરોડીને) ડૉ. સુનને પોતાના સિદ્ધાંતો, મંતવ્યો વગેરે લખી કાઢવાની સૂચના કરી, જેને પરિણામે 'સાન મિન ચુ ઇ' અર્થાત્ 'રાષ્ટ્રના ત્રણ સિદ્ધાન્તો' નામનું સુપ્રસિદ્ધ શાસ્ત્રવચન ડૉ. સુને બહાર પાડ્યું. ચીની પ્રજા આજે એનો બાઈબલ કે ગીતાની જેમ સત્કાર કરે છે ને શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ એને કંઠસ્થ કરે છે.

૧૯૨૪માં ઉત્તર ચીનની પેકીંગ સરકારના વડાને સત્તા પરથી ઉથલાવી પાડવામાં આવ્યો અને મધ્યસ્થ સત્તાની સ્થાપના કરવાને ડૉ. સુનને આમંત્રણ મળ્યું. પરંતુ એની સ્થાપના થઇ શકે તે પૂર્વે કૅન્ટનના વેપારીઓએ ડૉ. સુનની અર્ધસામ્યવાદી સરકાર સામે બંડ જગાવ્યું. તે સમયે એ કૅન્સરના દર્દથી પીડાતા હતા. એ પેકીંગ ગયા તો ખરા, પણ વાટાઘાટો શરૂ થાય તે પૂર્વે ૧૯૨૫ના માર્ચની ૧૨મી તારીખે એમનો દેહ પડ્યો. કાર્ય અધૂરૂં રહ્યાનો અસંતોષ લઇને એ ગયા, પણ હતાશ થઈને ગયા નહોતા. પોતાના જીવનકાળમાં ચીને જે સિદ્ધ કર્યું હતું તે કંઇ ઓછું નહોતું, છતાં જે કામ બાકી હતું તે માટે એ ચીનની પ્રજા માટે પ્રેરક સંદેશો મૂકતા ગયા. ડૉ. સુનના 'વસિયતનામા'ના નામથી એ સંદેશો પ્રસિદ્ધ છે. **યશવન્ત શુકલ**

મનનાં પાંજરાં

અનંત કાણેકરની
નિબંધિકા



આ ચોમાસાની શરૂઆતમાં મેં બે રૂપિયામાં એક છત્રી વેચાતી લીધી. હા; બે રૂપિયામાં છત્રી ! સાદી છત્રીની કિંમત પણ આજકાલ તો દસબાર રૂપિયા થઈ છે, અરે ગુજરીમાં પણ પાંચછ રૂપિયા કાઢ્યા સિવાય છત્રી મળતી નથી, તોપછી બે રૂપિયામાં મને છત્રી મળી જ શી રીતે એની ઘણાને નવાઈ લાગશે. બીજાઓની વાત જ ક્યાં કરીએ? ખુદ ગુજરીવાળા દુકાનદારને પણ મેં જ્યારે એ છત્રી પસંદ કરી ત્યારે નવાઇ લાગી.

પહેલાં એક વાત સ્પષ્ટ કહી નાખું તો ઠીક. હું ચોમાસામાં છત્રી વાપરવાની વિરુદ્ધ છું. પણ છેવટે જ્યારે છત્રી લેવી જ છે એવું નક્કી કર્યું ત્યારે હું ગુજરીમાં ગયો અને એ દુકાનદારને ઓછામાં ઓછી કિંમતવાળી છત્રી બતાવવાનું કહ્યું. પાંચછ રૂપિયા સુધીની એણે મને બેચાર સારામાંની છત્રીઓ બતાવી. એમાંની એક હું લેવાનો પણ હતો. એટલામાં ખૂણામાં પડેલી એક છત્રીએ મારું ધ્યાન ખેંચ્યું. 'પે...લી છત્રીની શી કિંમત છે?' મેં પૂછ્યું.

'બે રૂપિયા, સાહેબ. પણ તમે એ લેશો નહિ. બધું પાણી તમારા ઉપર જ પડશે.' એણે કહ્યું.

'પણ ખૂણામાં જે ચીજ છે તે છત્રી જ છે ને? અને એ ઉઘાડીને બેચાર દિવસ માથા ઉપર ધરી શકાશે ને?' મેં પૂછ્યું.

'હા,' એ બોલ્યો, 'પણ સાહેબ—'

મેં એના તરફ બે રૂપિયા નાખ્યા ને એ છત્રી લઈ આવ્યો. આમ મેં બે રૂપિયામાં છત્રી લીધી; એટલું જ નહિ, પણ જે ઉદ્દેશથી આપણે ચોમાસામાં છત્રી લઇએ છીએ એ ઉદ્દેશ પણ પૂર્ણતઃ સફળ થયો.

ચોમાસામાં પાણીથી આપણું રક્ષણ કરવું એ જ છત્રી લેવાનો ઉદ્દેશ છે એવી ઘણાની માન્યતા છે. પણ એમાં તો આપણે આપણી જાતને છેતરીએ છીએ ! આપણે વગર છત્રીએ વરસાદમાં જેટલા પલળીએ છીએ એટલા જ—બલ્કે એથી વધારે આપણી પાસે છત્રી હોય ત્યારે પલળીએ છીએ! વળી વધારામાં, એ ખોવાઇ જાય, તૂટી જાય, ઊડી જાય કે કાગડો થઈ જાય ત્યારે કંઇકંઈ મનસ્તાપ કરીએ એ તો જુદું. છત્રી લેવામાં આપણો ખરો ઉદ્દેશ તો 'કેમ ભાઈ, કાંઈ ભીંજાતા ચાલ્યા છો? છત્રી નથી કે શું?' એમ કોઇ પૂછે નહિ, અથવા પલળીને પસાર થનારાની સામે બાકીના માણસો જેમ 'આ કોણ વિદ્વાન જાય છે!' એવી દૃષ્ટિથી એકીટશે જોઈ રહે છે, તેમ (અલબત્ત, એમની પાસે છત્રી હોવા છતાં એ પોતે તો પલળતા જ હોય છે) આપણી સામે કોઈ જુએ નહિ, એ જ હોય છે. મેં જે કહ્યું કે બે રૂપિયામાં પેલી છત્રી નામની ચીજ લેવાથી મારો ઉદ્દેશ પૂર્ણપણે સફળ થયો તે આ જ અર્થમાં. ખરું જોતાં તો આપણે છત્રી આપણે પોતાને માટે બિલકુલ લેતા જ નથી; એ બધી ખટપટ બીજાને માટે હોય છે!

મને લાગે છે કે સેંકડે નેવું વાતો આપણે આ રીતે કેવળ બીજાને માટે જ કરીએ છીએ. એક કરે એટલે બીજો કરે; બીજો કરે એટલે ત્રીજો કરે; અને પછી બધા જ એ વાત કરવા માંડે છે. એ વાતનો પોતાને ખરેખર કોઈ ઉપયોગ હોય છે અથવા એથી પોતાને કંઇ સુખ મળે છે એનો વિચાર કોઇ જ કરતું નથી.

પણ મારું કહેવું એમ નથી કે માણસે ફક્ત પોતાનો જ વિચાર કરવો, ને બીજાનો વિચાર બિલકુલ ન જ કરવો. હું તો ઊલટું એમ કહીશ કે જો બીજાને સુખ મળતું હોય, તો આપણે થોડું દુઃખ સહી લેવામાં પણ કંઈ વાંધો નથી. પણ આપણે એવી અનેક વાતો કરીએ છીએ કે જેથી આપણને તો કંઈ સુખ મળતું નથી જ, પણ બીજાને ય એનો કોડી જેટલો ય ઉપયોગ હોતો નથી. જે દુઃખ અપરિહાર્ય છે અથવા જે દુઃખ સહન કરવાથી બીજાને સુખ મળનાર છે એ સહન કરવું તો ઠીક છે; પણ વગર કારણે જ આપણા જીવને નકામો ઉકળાટ કરાવવો એનો શો અર્થ? એક પછી એક ખાડામાં ભુસકા મારતાં ઘેટાં અને માનવજાતિમાં પછી ફેર શો રહ્યો?

પરિસ્થિતિનાં પાંજરાં તોડી નાખ્યા સિવાય માનવની મુક્તિ થતી નથી એમ કહેવાય છે. સામાજિક, આર્થિક, રાજકીય વગેરે હરેક જાતનાં પાંજરાંમાં માનવી વ્યક્તિત્વ સુકાતું જાય છે, અને તેથી આ પાંજરાં તાબડતોબ તોડીફોડી નાખવાં જોઇએ એમાં તો શક જ નથી; પણ અંગ્રેજીમાં વપરાતી એક કહેવત પ્રમાણે જેમ 'દાનધર્મની શરૂઆત પોતાના ઘરમાં જ થાય' તેમ, આ જગતક્રાંતિની શરૂઆત પણ પોતાના જ મનનાં પાંજરાં તોડી નાખવાથી થાય તો સારું. જ્યાં સુધી મોટીમોટી વ્યક્તિઓ મોટીમોટી ક્રાંતિ કરી રહી છે ત્યાં સુધી આપણા જેવા નાના માણસોને 'છત્રી છાપરું મુર્દાબાદ'થી જ શરૂઆત કરવામાં શી હરકત છે?

અને એ કેટલું સહેલું છે? ગણતરી કરી બતાવું. ચોમાસું લગભગ ચાર મહિના એટલે એક સો ને વીસ દિવસનું હોય છે. એમાં સાઠ દિવસ તો વરસાદ જ નથી પડતો. એટલે બાકી રહ્યા બીજા સાઠ દિવસ. એમાંના ઓછામાં ઓછા ત્રીસ દિવસ તો રાત્રે જ વરસાદ પડે છે. બાકી રહ્યા ત્રીસ દિવસ. એમાં પણ વરસાદ કંઈ સતત પડતો નથી. આપણે ઘરમાં જ અથવા કોઈ કામને સ્થળે હોઇએ એમાં વરસાદના પંદર દિવસ તો જાય જ. એટલે રહ્યા ફક્ત પંદર દિવસ. જરીક જેવો જ વરસાદ હોય તો આવતાંજતાં પાંચ મિનિટ કોઈ ઝાડ નીચે કે કોઇ ખૂણામાં ઊભા રહી આપણે પલળ્યા વગર સહેલાઇથી ઘેર આવી શકીએ. આમાં સાત દિવસ નીકળી જાય. હવે ફક્ત આઠ જ દિવસ રહ્યા. આપણું જવુંઆવવું અને વરસાદનું જોરથી વરસવું એવો યોગાયોગ બહુ બહુ તો ચાર વાર થાય. આ રીતે ચાર મહીનામાં ફક્ત ચાર વખત આપણને છત્રીનો ઉપયોગ થાય. અને તેમાં પણ એટલા મોટા વરસાદમાં કે પાસે છત્રી હોવા છતાં યે આપણે પાછા પલળીએ તો છીએ જ! અને તે છતાં ગમે તે કિંમત આપી છત્રી લેવાની આપણે શી ધમાલ કરીએ છીએ! એ ખોવાઈ ગયા પછી શા નિશ્વાસ નાખીએ છીએ! એ ઊડી જાય ત્યારે પાણી ને કાદવમાં થઇને એની પાછળ ગાંડાની પેઠે કેવું દોડીએ છીએ! અને એ કાગડો થઈ જાય તો ભર રસ્તામાં આડાઅવળા શા કુદકા મારીએ છીએ!

ના ના; આવતા વર્ષથી 'છત્રી છાપરું મુર્દાબાદ!' **માલતી જોષી**

રસદર્શન કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો—લેખક

[૩૨] ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

કાર્લીનાં ગુફામંદિરો તો વરસતે વરસાદે જોયાં. એ અનુભવ રોમાંચક હતો. મુખ્ય સડકથી દોઢેક માઇલ એ મંદિરોની તળેટી સુધી ચાલતા જવાનું હતું. અને તે જ વખતે ધોધમાર વર્ષાદ પડ્યાં. ગિરિમાળા, ઝરણાં, વૃક્ષો ને ખેતરો પૂર બહારમાં ખીલ્યાં હતાં. પૃથ્વી લીલાં વસ્ત્રો ધારેલી નવવધૂ જેવી શોભતી હતી. કેટલી યે નદીઓનાં ઉગમસ્થાન અહીંથી થતાં અમે જોયાં.

ચડવાનો રસ્તો કંઇ સારો નહોતો, અને લપસવાનો પાર નહોતો. જેમ જેમ ઊંચે જતા ગયા તેમ તેમ દૃશ્યપ્રદેશ આકર્ષક ને ભવ્ય બનતો ગયો. આરણ્યકો, આશ્રમો ને ગુરુકુળોની સંસ્કૃતિની હાલનાં વિદ્યાકુળો સાથે સરખામણી કરતા તથા જૂના ચૈતન્યવાદનો હાલના જડવાદ સાથે મુકાબલો કરતા અમે બહુશ્રમે ગુફાના પ્રવેશચોક સુધી પહોંચ્યા.

બે હજાર વર્ષ પરની અદ્‌ભુત શિલ્પકળા, ભવ્ય સ્થાપત્ય ને અનુપમ મૂર્તિવિધાન જોઇ અમે મુગ્ધ થઈ ગયા. ગુફાની ઉપરના વળાંકની બંને બાજુએ સૂંઢો વાંકી વાળેલા મહાકાય હાથીઓની બે હાર દૂરદૂરનાં રાજરાણીને જાણે અહીંની યાત્રાએ લાવીને દબાદબાથી સુવ્યવસ્થિતરીતે ગોઠવાઇ હતી. રાજરાણી યૌવનની મસ્તીથી જાણે દાંપત્યજીવનની પૂર્ણ સ્વતંત્રતા ભોગવતાં લાગતાં હતાં. સામાન્ય યુવક યુવતીઓ પણ પૂજા અર્થે આવી મંદિરના દ્વાર પાસે અવનવા અંગમરોડથી ઊભાં હતાં એમના મુખ પર તન્દુરસ્તીની ઝલક સાથે ગંભીર ભક્તિભાવ કોરેલાં હતાં બુદ્ધ ભગવાન ઉપદેશ આપતા હોય એવી સ્થિતિમાં પાટ ઉપર, નીચે પગ નાખીને બેઠા હતા. દ્વાર પાસે ધર્મચક્રવાળા સિંહસ્તંભ હતા.

જળાશયો, મંજુલ નાદ કરતાં ઝરણ, વૃક્ષની ઘટાઓ અને વનરાજિની વચ્ચે મુખ્ય મંદિરની બાજુમાં સાધુ વિદ્યાર્થીઓ માટે અભ્યાસ અને ધ્યાન સારૂ નાના નાના ખંડો હતા. ત્યાંના સૌમ્ય પ્રકાશ, એકાંત ને શાંતિ આત્મજ્ઞાનને માટે બહુ જ અનુકૂળ લાગતાં હતાં મૌર્ય અને ગુપ્ત સમયની કલા-સમૃદ્ધિ સાથે સહ્યાદ્રિનું સૃષ્ટિસૌન્દર્ય તે દિવસે અમે આકંઠ પીધું ને ભારતમાતાને પ્રણામ કર્યાં.

પુનાથી મુંબાઇનો મોટર રોડ બહુ જ રળિયામણો છે. પહાડી માર્ગોના વળાંકભર્યા ચડાવ અને ઉતારથી એ દિવ્ય શોભા ધારણ કરે છે. એ રસ્તે આવતા ખપોલી ગામે અમે તાતાના હાઇડ્રોલિક કારખાનામાં જળધોધ દ્વારા ઉત્પન્ન થતી શ્રીકૃષ્ણની બહેન વીજળીને એના અથાગ બળ સાથે જોઇ. વીસમી સદીના કાળામાથાના માનવીની બુદ્ધિએ યોગરહિત વેરાઇ જતી એ વિદ્યુતશક્તિને અહીં અંકુશમાં લીધી છે. વાદળમાં ઊડતી વીજળીને કંસ તો નહોતો પકડી શક્યો, પણ વર્તમાન માનવરાજે એને પકડી છે. કરોડો મણ ભાર અને અસંખ્ય ઉતારૂઓને ખેંચી જતી રેલવેને એ દરરોજ ૪૦ વખત નિયમિતપણે પુનેથી મુંબાઈ ને મુંબાઇથી પુને લઇ જાય છે. હજારો પંખા, લાખો દીવા, સેંકડો કારખાનાં, પાણીના કોસ, યંત્રો ને ઘડિયાળો, અહીં એકત્રિત કરેલી વિદ્યુતશક્તિ દ્વારા ચલાવવામાં આવે છે. મુંબાઈ શહેરથી પાલગઢ સુધી ને વિક્ટોરિયા ટર્મિનસથી ઈગતપુરી સુધી આ વીજળી પોતાની સેવા આપે છે. ભૂતકાળ ભવ્ય હતો એમાં શંકા નથી; પરંતુ વર્તમાનકાળને પણ મેં આ ભૌતિક વિજ્ઞાનના પુરુષાર્થની સમીપ માનસિક પ્રણામ કર્યાં.

પુનાથી દસ બાર માઇલ દૂર દેહૂ ગામમાં તુકારામનાં વિઠોબા ને રૂક્માઇ વિરાજે છે. જ્ઞાનેશ્વરના આળંદી ગામવાળી જ ઇન્દ્રાયણી નદી અહીં વહે છે ને પર્વતો તથા ખેતરોનું સૃષ્ટિસૌન્દર્ય અહીં પણ હૃદયને ઠારે છે.

એક ગુજરાતી ગૃહસ્થે તંબુરાવાળા બુવાઓને વર્ષાસન બાંધી આપ્યું છે, તે દિવસરાત મંદિરના રંગમંડપમાં ધીમે સ્વરે ભજનોની સતત ધૂન ગાયા કરે છે. એથી વાતાવરણ પવિત્ર થતું હતું અને દૃષ્ટિ અંતર્મુખ થતી હતી. મંદિરની અગાસીમાંથી નદીના તરંગો, દૂરનાં ખેતરો ને સ્નાન કરતાં યાત્રાળુઓની શ્રદ્ધાભક્તિનાં દર્શન થતાં હતાં. જે ટેકરી પર તુકારામ ધ્યાન કરતા તે દૂર દેખાતી હતી, પણ નદી ભરપૂર હતી એટલે એ ઓળંગીને ત્યાં જવાય એમ નહોતું. સંતોનાં હૃદયનાં દ્વાર એક પછી એક કેમ ઊઘડતાં હશે તે આ સ્થળ જોતાં સ્પષ્ટ થતું હતું.

નદીને કિનારે, ગામમાં, તુકારામને ઘેર એમ બધે ફર્યાં. તુકારામની સ્ત્રીની મૂર્તિ, રામદાસ, શિવાજી ને તુકારામની મુલાકાતના પ્રસંગનું એક કાલ્પનિક દૃશ્ય, તુકારામનાં પુસ્તકો બ્રાહ્મણોએ ઇન્દ્રાયણીમાં નંખાવી દીધાં તેની રક્ષા કરતા ભગવાન શ્રીકૃષ્ણનું ચિત્ર, વગેરે ત્યાં જોયાં ને એ બધું વાતાવરણ જાણે સાથે બાંધીને ઘેર આવ્યા.

લોકમાન્યે સ્થાપેલા 'કેસરી' પત્રની ઑફિસની યાત્રા કરી ત્યારે ત્યાંથી સ્વ. રાનાડેનું લખેલું 'ધ રાઇઝ ઑવ મરાઠા પાવર'નું પુસ્તક લીધેલું. એમાંથી પુનાની ભૂગોળ સાથે મરાઠા રાજ્યના ઉદય અને પેશ્વાઇની પડતીનો આખો ચિતાર એક ચિત્રપટની માફક મનમાં અંકિત થઇ ગયો. એ પછી આધુનિક ઇતિહાસ માટે લોકમાન્યનું ઘર જોવા ગયો. એમનાં પૌત્રવધુ ઘેર હતાં એમણે આખું ઘર, લોકમાન્યનો ખંડ, એમના પિતા માતા તથા પત્નીની છબિઓ, એમની પાઘડી તથા વસ્ત્રો, એમનો ખાટલો, ટેબલખુરશી અને અગાશીમાંની એમની આરસની મૂર્તિ વગેરે બતાવ્યાં. સ્વ. ગોપાળ કૃષ્ણ ગોખલેએ જે ટેકરી પર સેવાની પ્રતિજ્ઞા લીધી હતી તથા પોતાના મિત્ર દ્રવિડ ને દેવધરને જ્યાં દેશસેવાની દીક્ષા આપી હતી તે 'સર્વન્ટ્સ ઑવ ઇન્ડિયા સોસાઇટી' પાસેની ટેકરીની પણ યાત્રા કરી. અને હિંદી સ્વાતંત્ર્યનો પ્રથમ ઉદ્‌ઘોષ કરનારા એ બંને મહારાષ્ટ્રી વીરોને તથા એ વાતાવરણને પ્રણામ કર્યાં.

પુનાની બાજુમાં ખેડ ને ચાકણ નામે બે ગામડાં છે શિવાજી મહારાજે મૂળ જુન્નર ને ચાકણ એ બેજ કિલ્લાથી પોતાની કારકીર્દિ શરૂ કરેલી. એ ચાકણના અવશેષો જોયા. લાલા લજપતરાયને મારનાર પોલીસનું ખૂન કરવાને કારણે ફાંસીની સજા ભોગવનાર રાજગુરુ (ભગતસિંહ અને રાજગુરુવાળા)નું ગામ ખેડ. ત્યાં જે ઘરમાં રાજગુરુ રહેતા હતા તે, ભીમા નદીને કિનારે આવેલા સ્વચ્છ માટીના નાના ઘરમાં હું રાત રહી આવ્યો. ભાટગર ડૅમ અને ખડગવાસલા ડૅમ વડે, વહી જતી નદીઓનાં પાણી બાંધીને આધુનિક ઈજનેરી વિદ્યાએ જે ફળદ્રુપતા આસપાસના સેંકડો એકરોને આપી છે તે જોયા. ભાટગર ડૅમ દોઢ માઈલ લાંબો છે ને તેને લીધે પહાડોની તળેટીમાં એકઠું થતું પાણી ૨૫ માઇલનો વિરાટ વિસ્તાર રોકે છે અને ૪૦ ફીટ ઊંડું રહે છે. એ બંધ ઉપર ફરવું, પાસેના બગીચાઓમાંથી એ વિશાળ જળાશયને નીરખવું, ધોધો પાસેથી પડતાં પાણી જોવાં એ જીવનનો એક લ્હાવો લાગ્યા.

સિંહગઢની યાત્રા એ પુનાની છેલ્લી પણ મોંઘી મુસાફરી હતી. આખો ગઢ જાણે ખુદ પ્રતાપી શિવાજી મહારાજ વિરાટ દેહે ઊભા હોય એવો ભવ્ય લાગે છે અને રાષ્ટ્રીય સરકાર ત્યાં લશ્કરી કૉલેજ કાઢવાની જે યોજના કરે છે તે સર્વ રીતે યોગ્ય જ છે. (ચાલુ)

Our Friends Abroad

આ પત્ર મેળવનાર : મનહર સી. પટેલ, પો. ઑ. ૭૧, મૉમ્બાસા

Felix Klebinoff A.
56, Herzal St. HAIFA (Palestine)

વહાલા મિત્ર, તા-૧૬-૬-૪૬

તમારો પત્ર તો થોડાં અઠવાડિયાં ઉપર મળ્યો હતો, પણ હું ખરેખર દિલગીર છું કે આજ સુધી તમને જવાબ ન આપી શક્યો. હાલમાં હું અત્યંત કામમાં રહું છું. પહેલાં તો એ કારણે કે હું જે.એસ.પી. (જ્યૂઇશ સેટલમેન્ટ પોલીસ)—યહૂદી વસાહત પોલીસ—નો સભ્ય હોઈ તેમાં મારે દિવસે ૧૨ કલાક અથવા રાત્રે ૮ કલાક કામગીરી બજાવવી પડે છે. તે પછી મારે મારા પિતાના આઈસ્ક્રીમના કારખાનામાં કામ કરવું પડે છે. હાલમાં અહીં ગરમી ખૂબ પડતી હોઇ આઇસ્ક્રીમની રત પૂર બહારમાં છે, એટલે તમને ખ્યાલ આવશે કે અમારે કેટલું કામ કરવું પડતું હશે.

તમે જે એસ.પી. વિષે લખવાની માગણી કરેલી એટલે થોડી લીટીઓ તેને વિષે લખું. જ્યૂઇશ સેટલમેન્ટ પોલીસ (અમારા 'હોમ ગાર્ડ')ની સરૂઆત ૧૯૩૬-૩૯નાં તોફાનો દરમિયાન થએલી, જે વેળા અમારી વસાહતો પરના અરબી ટોળીઓના હુમલા સામે ટક્કર ઝીલીને એણે બધા રસ્તાઓ સલામત રાખેલા. એ રક્તપાતનાં વર્ષો દરમિયાન ઘણા સ્વયંસેવકો એમાં ખપી ગયા. એ બધા પેલી 'નાઈટ ગાર્ડ્ઝ'ના નામથી જાણીતી ટુકડીના જ વીરો, જેઓ અહીં મેજર વિન્ગેઇટ (પાછળથી 'બર્માના વીર' જનરલ વિન્ગેઈટ તરીકે પંકાયો તે)ના હાથ નીચે તાલીમ પામેલા. યુદ્ધ સળગી ઊઠતાં આ ટુકડીઓએ પછી યુદ્ધ કામગરી શરૂ કરી દીધી...જનરલ રોમેલનું આક્રમણ જ્યારે પૅલેસ્ટાઇનને ડરાવી રહ્યું હતું તે વેળા આ બધી ટુકડીઓ સી.ઇન.સી. (કમાન્ડર ઇન ચીફ)ની સીધી હકુમત નીચે મૂકી દેવામાં આવી, જેમાં એમને સંપૂર્ણ લશ્કરી તાલીમ મળી ગઈ અને પૅલેસ્ટાઇનના બચાવ માટે ખરાખરીનો ભાગ ભજવવા તેઓ સજ્જ બની ગયા...

હવે તમારા સવાલો વિષે. હું વીસ વરસનો છું અને પરણ્યો નથી. મરજી હોય તો મારૂં સરનામું તમારા પત્રમિત્રોને મોકલી શકશો. હું તમારો ઘણો આભારી થઇશ... તમારો મિત્ર ફેલિક્સ

હિંદી પત્રમિત્રો

(૧) મોહમદઅલી ઇસ્માઇલજી શામ, વચલી ફળી, જામનગર; (૨) બાબુ સ્વ. શાહ, રૂમ ૪૦ કૃષ્ણનિવાસ, મસ્જિદ બંદર રોડ, મુંબાઈ–૩; (૩) રસિકલાલ મણિલાલ શાહ, સરસ્વતી એજ્યુ૦ સો. છાત્રાલય, હરગોવન ભુવન, સરખેજ રોડ, એલિસબ્રિજ, અમદાવાદ; (૪) એલ. વી. ગાંગર, માટુંગા જૈન બોર્ડિંગ, માટુંગા, મુંબાઇ–૧૯; (૫) જે. પી. દેઢીઆ, સી. વી. ઓ. જૈન બોર્ડિંગ, માટુંગા, મુંબાઈ–૧૯; (૬) શિવકુમાર કારાણી, શા હીરજી ભોજરાજ ઍન્ડ સન્સ જૈન બોર્ડિંગ, માટુંગા, મુંબાઈ–૧૯; (૭) હરિશંકર ચુનીલાલ ત્રિવેદી, C/o સુમંતપ્રસાદ સંતોકરામ ત્રિવેદી, ભાટિયા શેરી, બાજવાડા વડોદરા; (૮) સુરેશ એમ. પ્રધાન, શારદાશ્રમ, બોરડી–સ્ટેશન ઘોલવડ (બી.બી. સી. આઇ); (૯) મનસુખલાલ ગુલાબચંદ ગાંધી, વિજયનિવાસ, આગ્રારોડ, ઘાટકોપર; (૧૦) આઈ.એ. અમીર, તળાવ સ્ટ્રીટ જૂનાગઢ; (૧૧) એમ. જે. હરીશ, વણઝારી વાવ, જૂનાગઢ; (૧૨) મનુકુમાર C/o સી. કે. મોદી, તાલુકા સ્કુલ પાસે, વઢવાણ કૅમ્પ; (૧૩) રવીન્દ્ર સદાનંદ શુકલ, ભીમનાથ, શાહીબાગ, અમદાવાદ, (૧૪) ઈન્દુપ્રસાદ એચ. મહેતા, અર્જુનલાલની ખડકી પાસે, ખાડિયા, અમદાવાદ; (૧૫) સામંતસિંહ કે રાઠોડ, C/o કરસનજી ના. જમાદાર, ન્યૂ રાજપુર મિલ્સ, ગોમતીપુર, અમદાવાદ; (૧૬) ડૅનિયલ એમ. ક્રિશ્ચિયન, ધોરણ પાંચમું, એચ. ડી. હાઇસ્કૂલ, અમલસાડ; (૧૭) હરિદત્ત ગુલાબભાઈ દેસાઈ, ધોરણ ૭, એચ. ડી. હાઈસ્કૂલ, અમલસાડ; (૧૮) ગિરીશ એમ. ખાટસૂરિયા, વાદીપરા, વઢવાણ કૅમ્પ; (૧૯) પૂર્ણિમા, C/o ચમનભાઇ પંડયા, હરિજન આશ્રમ, સાબરમતી; (૨૦) શરદ એસ. ત્રિવેદી, ૫ ઍન્ડ્રૂઝ રોડ, જુહુ, મુંબાઇ, (૨૧) વિનોદચંદ્ર એસ મોદી, C/o ચીમનલાલ ત્રીકમલાલ મોદી, માંડવીની પોળમાં શેઠની પોળ, અમદાવાદ; (૨૨) બાબુલાલ જે. સુરતી C/o ઝીણાભાઈ અંબારામ સુરતી, ધોળેશ્વર મહાદેવ સામે, બાલાહનુમાન રોડ, ખાડિયા, અમદાવાદ; (૨૩) વલીમહમદ એ. જરદોશ, રાણીનો હજીરો, માણેકચોક, અમદાવાદ; (૨૪) શિરીષચંદ્ર હરિલાલ દેસાઈ, C/o અશોક હરિલાલ દેસાઈ, બરફના કારખાના પાસે, નવરંગપુરા રોડ. એલિસબ્રિજ, અમદાવાદ; (૨૫) જીવન જી. ઝવેરી, ૭ર કેસરીભુવન, ઝવેરી બજાર. મુંબાઈ–૨; (૨૬) ફતેહચંદ એમ. ઝવેરી, ૩૧–૩૩ ખારાકુવા, ઝવેરી-બજાર, મુંબાઈ–૨; (૭) પ્રવીણચન્દ્ર નાથુભાઇ જોષી, ધોરણ ૭, બી. એ. બી. એસ. હાઇસ્કૂલ, બારડોલી; (૨૮) રતિલાલ સી. શાહ, સિડનહૅમ કૉલેજ હૉસ્ટેલ, ખંભાલા હિલ, મુંબાઈ–૨૬; (૨૯) હીરજી જી. પટેલ, પંચકોશી મામલતદાર, જામનગર; (૩૦) નલિનકુમાર આર. ગોહિલ, એજન્સી ક્વાર્ટર્સ, વઢવાણ કૅમ્પ; (૩૧) મધુકર પટેલ, પટેલકુંજ, વસો (નડિયાદ થઇને); (૩૨) આઈ. સી. મહેતા, C/o ચેતનલાલ જે. ભગત, ત્રણ બંગલા, હિંદુ ફ્રેન્ડ્ઝ સોસાઇટી, જોગેશ્વરી, મુંબાઇ; (૩૩) બ્હેન રોશન મેરાલી, પો. ઑ. ૨૨૦ મૉમ્બાસા, બ્રિ. ઇ. આફ્રિકા--બ્હેનો સાથેજ પત્રવ્યવહાર ઇચ્છે છે; (૩૪) દિવ્યાબ્હેન પંડિત, પો. કાકીરા, યુગાન્ડા–બ્રિ. ઇ. આ.–બહેનો સાથે જ પત્રવ્યવહાર ઇચ્છે છે. (૩૫) કાન્તિલાલ ચુનીભાઇ પટેલ, અને (૩૬) રસિકભાઈ ચુનીભાઈ પટેલ, બાકરોલ (આણંદ થઇને).

ધીરેન્દ્રકુમાર દફતરી, પો. ઑ. ૨૦૬૫ મુંબાઇ તરફથી નીચેનાં વિદેશી પત્રમિત્રોનાં સરનામાં મળ્યાં છે: (૧) Mrs. Emerald Ordiway, R.1 Andover N.Y. (U.S.A.) (૨) Harleston Archibald, 2 Mountain Cut, Freetown S.L. Africa; (૩) Bridget McCrossan, 10 Gretna St. Glassgow S.E. (Scotland); (૪) John B. Sylvia, 3 Stantan Court, New Bedford, Mass. (U.S.A.); (૫) Francisco L. Vidal Antok, 566 San Rafeal, Havanna (Cuba); (૬) Miss A.J Saider, 3 New St., Foulah Town, Freetown, S.L. Africa; (૭) Miss Marlene Myers, Newhall (U.S.A.); (૮) Princes M. Williams, 2 Macdonald St. Freetown, S.L. Africa; (૯) Mrs. Peggy Cunningham, 432 E 17 St. Oakland 6, Calif. (U.S.A.); (૧૦) Manuel Zammit, 206 Tower St., Musta, Malta (Europe); (૧૧) Miss Jean Bruce Rt. 6 Bord. Nashville-9, Teon. (U.S.A.); (૧૨) Scott Linticum, P.O. Box 187, Willow Brooklyn, Calif. (U.S.A.).



માધુકરી

અનેક અભિલાષ, આરઝૂ ઉરે વસ્યાં હો ભલે,
ભલે કરણ સિદ્ધિનાં સુલભ સર્વ હો સામટાં,
તથાપિ પુરુષાર્થન્યૂનથી વીંધાય ના લક્ષ્યને:
શરો સકલ વ્યર્થ જો પણછ તંગ ના ચાપની.—જયન્ત પાઠક

રા. બ. રણછોડલાલ છોટાલાલ સી. આઇ. ઈ.

ગયા અંકમાં જેમની જીવન-નાટિકા પ્રસિદ્ધ થઈ હતી ને રા.બ. રણછોડલાલ છોટાલાલનો જન્મ સંવત ૧૮૭૯ની ચૈત્રી અમાસ ને બુધવારે, ઈ. ૧૮૨૩ની ૨૯ મી એપ્રિલે અમદાવાદમાં સાઠોદરા નાગર જ્ઞાતિમાં થયો હતો. એમના પિતા છોટાલાલ પાટણમાં વિઠોબા દીવાનને ત્યાં કારભારી-બક્ષી હતા. તેમને ફારસી ભાષાનું સારૂં જ્ઞાન હતું. તે ઘણા પવિત્ર, શાંત, ધર્મિષ્ઠ ને સદ્‌ગુણી હતા અને એમનાએ સંસ્કાર રણછોડલાલના સંપૂર્ણ ઊતરેલા.

વડોદરેથી તે અમદાવાદ આવ્યા એ વેળા એમનાં એકનાં એક પુત્રી વિધવા થતાં એમને બહુ આઘાત થયો અને સંસારમાંથી રસ ઊડી જતાં પત્ની સાથે કાશીએ જઈ રહ્યા. ત્યાં એમને એક પુત્રી થતાં તે પાછા અમદાવાદ આવ્યા અને થોડા સમય બાદ બંને પુત્રીઓ સાથે ગિરનારની યાત્રાએ ગયા. પુત્ર ન હોવાને કારણે નિરાશ થએલા એ દંપતીને ગિરનારમાં કોઇ તપસ્વીએ પ્રતાપી પુત્ર થવાનો આશીર્વાદ આપ્યાથી રણછોડલાલનો જન્મ થયો.

છ વરસની ઉમરે, અમદાવાદના પ્રસિદ્ધ તુળજારામ મહેતાજીની ગામઠી નિશાળે એ ભણવા બેઠા; અને પ્રાથમિક અભ્યાસ પૂરો કરી પોતાના વંશમાં પરંપરાથી ચાલ્યો આવતો ફારસી અભ્યાસ ફૈઝુદ્દીન મુનશી પાસે કર્યો. એ પછી ભોળાનાથ દીવેટિયાના પિતા સારાભાઈ પાસે એ તથા ભોળાનાથ બંને સાથે ફારસી શીખતા. એ જ વખતે સારાભાઇએ એ બંનેને અંગ્રેજી પણ શીખવવા માંડ્યું. એ વેળા દેશમાં અંગ્રેજી વિદ્યાનો બીલકુલ પ્રચાર ન હતો અને જૂજ જૂજ માણસો જ અંગ્રેજી શીખતા. અંગ્રેજી નિશાળ તો અમદાવાદમાં હોય જ ક્યાંથી? પુનેથી કોઇ કંસારો અમદાવાદ આવેલો તેણે અંગ્રેજી નિશાળ માંડી હતી, ત્યાં ભોળાનાથ તથા રણછોડભાઈ ભણવા જતા. ત્યાર પછી ડી કસ્ટોઝા નામે પોર્ચુગીઝે અમદાવાદમાં સબસ્ક્રિપ્શન સ્કૂલ કાઢી ત્યાં એ બંનેએ પોતાનું અંગ્રેજી જ્ઞાન પાકું કર્યું અને મહાવરા તથા ખંતથી એ જ્ઞાન પાછળથી એટલું તો વિકસાવ્યું કે મોટા વ્યાપારી તથા રાજપ્રકરણી પત્રવ્યવહારમાં એ બાહોશ ગણાતા.

કેળવણી પૂરી થયા પછી ઈ. ૧૮૪૨માં ૨૦ વરસની ઉમરે રણછોડલાલે સરકારી કસ્ટમ ખાતામાં ૧૫ રૂપિયાની નોકરી લીધી. નોકરીના કામમાં તે ઘણા ચાલાક હતા અને પોતાની બાહોશીથી ઉપરીઓને ખુશ કરી નાખતા. આથી થોડી જ મુદતમાં તે બધાં સરકારી મંડળોમાં કાબેલ માણસ તરીકે જાણીતા થઇ ગયા, અને આઠેક વરસમાં તો ચોગળજો રેવાકાંઠાના પોલિટિકલ એજંટના દફતરદારની જગ્યાએ પહોંચ્યા. એ વખતે વડોદરામાં રેસિડેન્ટ તરીકે આઉટ્રામ નામે અંગ્રેજ હતો અને રણછોડલાલ પોતાના અંગ્રેજી જ્ઞાનને લીધે એ રેસિડેન્ટને કેટલીક મદદ તથા સલાહ આપતા. એ રેસિડેન્ટના દફતરદાર તરીકે રણછોડલાલની જ ન્યાતના નડિયાદના સાઠોદરા સૂરજરામ ગંગારામ નામના એક ખબરદાર અને ખટપટી માણસ હતા. તેણે દ્વેષથી રણછોડલાલ સામે દ્વેશ રાખી ખટપટ શરૂ કરી અને, લુણાવાડાની રાજગાદીનો નિર્ણય કરવામાં રણછોડલાલે આઠ હજાર રૂપિયાની લાચ લીધાનો આરોપ ઊભો કર્યો જેને પરિણામે રણછોડલાલની નોકરી ગઈ. જો કે પાછળથી એ આરોપની તપાસમાં રણછોડલાલ નિર્દોષ ઠર્યા.

આ માસ (નવેમ્બર)નું પંખી



ગરુડ

આપણે ત્યાં વિષ્ણુ ભગવાનના વાહન તરીકે, અને પશ્ચિમમાં જર્મની રશિયા ઇટાલી તથા અમેરિકાના રાજ્યપ્રતીક તરીકે-એમ માનવીએ વ્યાપકપણે બિરદાવેલા આ ગૌરવશાળી પંખીની ઘણી જાતો છે. એમાં સૌથી શ્રેષ્ઠ ગોલ્ડન ઇગલ, બે પાંખો પહોળી થતાં ૮–૯ ફૂટ થાય એવો વિશાળકાય. ગરદન પરનાં આછો સોનેરી ઝાંયવાળાં નારંગી રંગનાં પીછાંવાળો એ શોભાયમાન ગરુડ તથા તેનાથી ઊતરતો ઈમ્પીરીયલ ઇગલ હિંદમાં તો એ સિંધ પ્રદેશના વતની.

ગુજરાતનો અસલ વતની તો ટૉની ઈગલ. આપણે ત્યાં એને ઘોંળવો કહે છે. પહોળી પાંખો પાંચ–છ ફૂટ થાય. રંગ કપિલા ગાય જેવો ઘેરાશપડતો બદામી. માથું ને ગળું કાળાશપડતાં. છાતી પર આછાં છાંટણાં. પાંખોમાં બે આડા પટા. ચાંચ કઠોર, છેડે અણીદાર આંકડા જેવી વળેલી, જે રંગે ભૂરી ને છેડે કાળી. સાથળથી તે પગનાં આંગળાં સુધીના આખા પગ પીછાંથી ભરેલા. આંગળાં પીળાં. છેડે કાળા નખ. હિંદભરમાં યે સર્વવ્યાપક આ ગરુડ દેખાવે બીકલાગે એવો, પણ સ્વભાવે ખુશમિજાજ. શમળીથી યે ઊંચે આભમાં સ્થિર દેખાતી પાંખો પર ગૌરવભરી રીતે તર્યાં કરતો એને જોવો એ લ્હાણુ છે.

પણ દેખાવે ગૌરવશીલ આ પંખી ખોરાકે તદ્દન હલકું અને સ્વભાવે બહુ બીકણ છે. મૂએલું માંસ, સાપ, સસલાં, દેડકાં, કાચંડા કે નાનાં પંખીને હણી ખાનારું; અને શમળી બાજ તથા કાગડાથી પણ બીતું જણાયું છે.

આ ઉપરાંત તળાવ-સરોવરને તીરે રહેતા સ્પૉટેડ ઇગલ, પહાડની કરાળ ટેકરી ઉપર માળા બાંધતા ગીચ જંગલના વાસી સર્પેન્ટ ઈગલ (એનું ગુજરાતી નામ શાવળ) અને મહી નર્મદા કે દરિયાના કાંઠે રહેતા ફિશઈગલ એ ગરુડની બીજી જાતો જવલ્લેજ નજરે પડે છે.
(શ્રી 'વનેચર'ના લખાણ ઉપરથી સંપાદિત)

નોકરીમાં હતા ત્યારથી જ રણછોડલાલનું વલણ સ્વતંત્ર વેપાર તરફ પુષ્કળ હતું. આસિ. પોલિટિકલ એજન્ટ જેવી ભારે નોકરી પણ તેમને બંધન રૂપ લાગતી હતી અને એવા જ વિચાર થતા કે કોઇ એવો ધંધો કર્યો હોય તો સારૂં કે જેમાંથી મબલખ લાભ થાય. પહેલાં એમની નજર ખાંડ બનાવવાનાં કારખાનાં કાઢવા તરફ ગઈ, પણ એમાં સઘળો આધાર શેરડી પર, અને તે બારે માસ પહોંચે નહિ, તે પછી વિલાયતથી આવતા કાપડ ઉપર વિચાર ગયા. એમને થયું કે વિલાયતમાં રૂ પાકતું ન હોવા છતાં આ દેશમાંથી રૂ ત્યાં જઇને અહીં કાપડ રૂપે આવે છે અને છતાં જો એ લોકોને આટલો બધો નફો રહે છે તો અહીં જ કાપડ બનતાં તો બેશુમાર પેદાશ થાય.

અંતે ઈ. ૧૮૪૭માં તેમણે મિલ કાઢવાનો વિચાર કર્યો. પણ અમદાવાદના શ્રીમંતોની તેમાં સાથ આપવામાં હિંમત ચાલી નહિ. ૧૮૪૯માં વડોદરેથી અમદાવાદના સૌ પહેલા ચોપાનિયા 'વર્તમાન-પત્ર'માં એમણે એનો અડસટ્ટો છાપવા મોકલ્યો, પણ કોઈ જ એ ધંધામાં પડવા આગળ આવ્યું નહિ. પછી ૧૮૫૧માં એમણે ભરૂચમાં કપાસ લોઢવાનો સંચો ધરાવતા મિ. જેમ્સ લૅન્ડન નામના અમેરિકન સાથે પત્રવ્યવહાર કર્યો અને વડોદરાના થોડા શ્રીમંતોના સાથથી મિલ કાઢવાના કરારો કર્યા. પણ કરારોની કેટલીક બાબતોમાં વાંધો પડયો. અંતે ૧૮૫૯માં એમણે આપબળે પોતે અમદાવાદમાં મિલ કાઢવા કંપની જમાવી અને વિલાયતથી સાંચા મંગાવ્યા. તે આવતાં દરિયામાં ડૂબી ગયા. આથી જરા પણ હિંમત ન હારતાં બીજી વાર સાંચા મંગાવ્યા, અને રેલવેને અભાવે ગાડાંમાં નાખીને ખંભાત બંદરેથી અમદાવાદ લાવ્યા. એ સાંચા ચલાવવા માટે ડોલ નામના ઈજનેરને વિલાયતથી બોલાવેલો તે કૉલેરાથી અમદાવાદમાં આવતાં જ મરણ પામ્યો! આમ ઉપરાઉપરી વિપત્તિઓ આવતાં છતાં રણછોડલાલે હારી ખાધું નહિ. એમણે ખંત, ધીરજ, ઝીણવટ તથા પરિશ્રમથી ધંધાને પાકા પાયા પર મૂકી દીધો અને તેમાંથી અઢળક ધન કમાયા.

અમદાવાદના અગ્રણી નાગરિક તરીકે ઈ. ૧૮૬૯માં સરકારે એમને અમદાવાદ મ્યુનિસિપાલિટીના સભ્ય નીમ્યા અને ૧૮૮૩માં તેના ચેરમૅન તથા ૧૮૮૫માં પ્રમુખ તરીકે નિમણૂક કરી. એ સ્થાનેથી એમણે અમદાવાદને મિલઉદ્યોગના જેવી જ શુદ્ધ પાણી અને ગટરની યોજનાની ભેટ આપી. એ માટે પણ એમને જે શ્રમ અને લોકવિરોધ વેઠવાં પડયાં હતાં એ તો બહુ જાણીતી વાત છે.

એમનો ઉદ્યોગ, સખાવત, પરમાર્થ, તથા ઉત્તમ બુદ્ધિબળની કદર કરીને સરકારે એમને રાવ બહાદુર તથા ૧૮૮૯માં સી.આઈ.ઈ. ના માનવંતા ઈલકાબો આપ્યા.

આમ, અમદાવાદને ઉદ્યોગ અને આરોગ્ય આપીને તેને આબાદ કરનાર એ મહાન નર ઈ. ૧૮૯૮ના ઑક્ટોબરની ૨૬મી તારીખ ને બુધવારે ૭૫ વર્ષની વયે, એક પુત્ર, એક પૌત્ર અને એક પ્રપૌત્રી મૂકીને અવસાન પામ્યા. (સંકલિત)

વેજીટેબલ ઘી અને સેપરેટેડ દૂધ

દૂધ-ઘીની નદીઓવાળા ગણાતા આપણા આ દેશમાં યુદ્ધની પરિસ્થિતિએ ઊભી કરેલી અછતને કારણે જાહેર પ્રજાના જીવન ઉપર જે કારમી અસર થઈ છે તેને પહોંચી વળવા સામાન્ય જનતા આજે ન-છૂટકે વેજીટેબલ ઘી, મગફળીના તેલ ને સેપરેટેડ દૂધ તરફ વળી રહી છે. સેપરેટેડ દૂધમાં વિટામિનો અને અમુક પોષક તત્ત્વો રહેલાં હોવાની જાહેરાતો પણ થઈ રહી છે. સરકારી પ્રચારખાતા પાસે ડૉ. ઍક્રૉઇડનો અભિપ્રાય પણ પડેલો છે કે સેપરેટેડ–સ્કિમ્ડ–દૂધમાં પ્રોટીનો, બી–૨ ગ્રૂપનાં વિટામિન અને ઘણુંજ અગત્યનું પોષક તત્ત્વ કૅલ્સ્યમ હોય છે. વેજીટેબલ ઘીના ઉત્પાદકો પણ પ્રચાર કરી રહ્યા છે કે એમનાં ઘી વિટામિનોથી ભરપૂર છે. જોરશોરથી કરાતા આ પ્રચારની સાથેસાથે છેલ્લાં વર્ષો દરમ્યાન 'વનસ્પતિ ઘી'નું ઉત્પાદન વધારીને પ્રતિવર્ષે એક લાખ ટન સુધી લઈ જવામાં આવ્યું છે. હવે તે ઉત્પાદન વધારી ૩ લાખ ટન સુધી લઇ જવાની યોજના થઇ રહી છે. આ હેતુ પાર પાડવા રોજ સરેરાશ ૩૦ ટન માલ ઉત્પન્ન કરનારાં વનસ્પતિ ઘીનાં પંદર નવાં કારખાનાં ખોલવામાં આવશે એવી યોજના છે. તેથી શું તથ્ય છે એ જોવું અગત્યનું છે.

વનસ્પતિનાં તેલોમાંથી ઉદકજનક વાયુ(હાઇડ્રોજન) પસાર કરી તેને યાંત્રિક રીતે જમાવવાથી વનસ્પતિ ઘી બને છે. આ બનાવટમાં મુખ્યત્વે મગફળીનું તેલ વપરાય છે. સૌ પ્રથમ મગફળીના તેલને 'ફિલ્ટર' કરવામાં આવે છે. આ પીલાએલા તેલમાંથી રાસાયણિક ક્રિયાઓવડે ખટાશને ટાળી દઇ તેનાં રંગ ને વાસ દૂર કરવામાં આવે છે.

તે પછી આ વિશુદ્ધ સીંગતેલને નીકલ ધાતુની ઝીણી રજકણો અથવા તો તેની ગૂંચળાંવાળી જાળીમાંથી પસાર કરવામાં આવે છે. આ ધાતુમાં એવો ગુણ છે કે તેનામાં કશું પરિવર્તન થતું નથી, પરંતુ એના સંપર્કમાં આવતી વસ્તુમાં એ પરિવર્તન આણે છે. ક્રિયાદ્વારા તેલમાં હાઇડ્રોજન વાયુનો સંયોગ કરવામાં આવે છે. આ વાયુના સંયોગને પરિણામે તેલનો તરલ ભાગ ઘટ્ટ અને રવાદાર બને છે. પ્રવાહી તેલને ઘટ્ટ અને રવાદાર બનાવવાનો આ જ કીમિયો છે.

પરંતુ આ બધી ક્રિયા કરતી વેળા તેલને ૧૫૦થી ૨૦૦ સેંટીગ્રેડ ગરમી આપવી પડે છે. આ પછી તેલ ઠંડું પડે ત્યારે તેને ઘીના જેવો દાણો તથા રૂપરંગ પ્રાપ્ત થાય છે, અને તે નકલી ઘી બને છે. તે પછી તેમાં બનાવટી સુગંધ અને શાર્ક માછલીની ચરબીમાંથી કાઢવામાં આવેલાં બનાવટી વિટામિનો ભેળવવામાં આવે છે.

કોઈ પણ તૈલી પદાર્થનું ગલનબિંદુ ૩૭ અંશ સેંટીગ્રેડથી નીચું હોય તો જ તે સરળતાથી પચે તેવું ગણી શકાય. પણ આ વનસ્પતિ ઘીનું ગલનબિંદુ ચાળીસથી અડતાળીસ અંશ સેંટીગ્રેડ જેટલું ઊંચું રાખવું પડે છે; કારણકે નહિતર તે પંજાબ કે સંયુક્ત પ્રાંત જેવા ગરમ દેશમાં થીજું ને દાણાદાર રહી શકતું નથી. અને જો એવું થીજું ન રહે તો તેને ઘી તરીકે ખરીદે પણ કોણ? આથી તે પચવામાં ખૂબ જ ભારે બની જાય છે. પરિણામે હોજરીમાંના પાચક રસો તેના પર પૂરતું કામ કરી શકતા નથી અને તેથી તે પચ્યા વગરનું જ ઝાડા વાટે બહાર નીકળે છે. ઘણા હિંદી ડૉક્ટરો—ખાસ કરીને પંજાબ યુ.પી.માં–નો એ અનુભવ છે કે જ્યારથી વનસ્પતિ ઘીનો વાપર શરૂ થયો ત્યારથી આમજનતામાં કબજિયાતની ફરિયાદ વધી છે.

'વનસ્પતિ ઘી' અંગે એક દલીલ એવી કરવામાં આવે છે કે યુરોપી મુલકોમાં 'માર્ગરિન'—જે એક પ્રકારનું કૃત્રિમ માખણ જ છે એ—અતિ વિપુલ પ્રમાણમાં વપરાય છે તો પછી અહીં 'વનસ્પતિ ઘી' વાપરવા સામે શો વાંધો હોઈ શકે? પણ એ 'માર્ગરિન' ત્યાં અતિ ઓછા પ્રમાણમાં એ વપરાય છે. વળી રાસાયણિક દૃષ્ટિએ પણ કૃત્રિમ ખાદ્ય પદાર્થનું દ્રવણબિંદુ ક્યારેય ૩૦–૩૨ અંશ સેંટીગ્રેડથી વધવા ન પામે એવી એની બનાવટ વેળા કાળજી રાખવામાં આવે છે.

માણસ માત્રની પાચનશક્તિ માટે અનુકૂળ ને આર્થિક દૃષ્ટિએ પરવડી શકે એ દૃષ્ટિએ જુદાજુદા સ્નિગ્ધ પદાર્થોના ક્રમ યોજીએ તો સૌ પ્રથમ સ્થાન માખણનું આવે છે. તે પછી ચોકખું ઘી, કોપરેલ ને તલ અથવા સરસવનું તેલ, એ પછી સીંગનું તેલ, ડુક્કરની ચરબી અને મેદ તથા એ પછી છેક છેલ્લે વનસ્પતિ ઘી આવે છે.

આ રીતે જોતાં, તેમાં જે વિટામિનો હોય છે તે બધાં જ તેમાં હોવાનો એકવાર સ્વીકાર કરીએ તોપણ, એક હકીકત તો દીવા જેવી છે કે એ તેલમાં રહેલું ચરબીનું તત્ત્વ 'હાઈડ્રોજેનેટેડ' થતાં જ પચવામાં ભારે બને છે. એથી એને મુકાબલે કાચું તેલ સીધેસીધું જ વાપરવું વધુ સરળ પડે એમ છે. આપણા શરીરને જોઇતી ચરબીનું તત્ત્વ આપણને બે માર્ગે મળી શકે: પ્રાણિજ ચરબીમાંથી ને વનસ્પતિની ચરબીમાંથી. હવે, પ્રાણિજ ચરબી કરતાં વનસ્પતિની ચરબી પચવામાં સહેજ ભારે તો હોય જ છે; ને તેને પાછી વધુ ભારે બનાવીને ખાવી એનો કશો અર્થ નથી. આપણી શાકાહારી પ્રજાને પ્રાણિજ ચરબી પૂરી પાડનાર એકમાત્ર સાધન ઘી–માખણ કે દૂધની મલાઇ હતાં. એ જતાં રહેતાં પ્રજાને ચરબીનું તત્ત્વ મેળવવા માત્ર તેલ કે તેલને ફાડીને બનાવેલા આ વનસ્પતિ ઘી ઉપર જ આધાર રાખવો રહ્યો.

બીજી બાજુએ ડૉ. પટવર્ધને આ બનાવટી ઘીના પશુઓ ઉપર અખતરાઓ કરી સિદ્ધ કર્યું છે કે આ ઘીના ઉપયોગથી પશુઓની વૃદ્ધિ અને ઉત્પાદક શક્તિ બન્ને અટકે છે. ઉંદરો ઉપરના પ્રયોગોથી પુરવાર થયું છે કે જે ઉંદરોને એમના આહારમાં તેલની જગ્યાએ આ બનાવટી ઘી આપવામાં આવેલું તેમાં બચ્ચાંનું મરણપ્રમાણ ખૂબ વધેલું જોવામાં આવ્યું છે અને જે થોડાં બચી ગયાં તે પણ મરવાને વાંકે જ જીવતાં હતાં. પશુઓ ઉપરના પ્રયોગોમાં જોવામાં આવતી આવી અસરો માનવ ઓલાદ માટે હાલ તુરત નહિ તો નજીકના ભવિષ્યમાં એકાદ પેઢીમાં નહિ જોવામાં આવે એની શી ખાતરી? હાલ પણ આ બનાવટી ઘી વાપરનારા ઉપર આની અસર સૂક્ષ્મદર્શીઓને જણાયા સિવાય નથી જ રહેતી. આથી સમગ્ર હિંદી પ્રજાની દેહવૃદ્ધિ, વંશવૃદ્ધિ ને આરોગ્યવૃદ્ધિને અર્થે તેના વપરાશ પર પ્રતિબંધ કરતો કાયદો કે તેને શુદ્ધ ઘીમાં ભેળવી ન શકાય તે અર્થે તેમાં ફરજિયાત રંગ નાખવાનો કાયદો કરવાની ખૂબ જ અગત્ય છે.

હવે સેપરેટેડ દૂધની વાત લઈએ. શુદ્ધ દૂધમાંથી મલાઇ નીકળી જતાં તેની સાથે જ વિટામિન 'એ' અને 'ડી'નાં બધાં તત્ત્વો જતાં રહે છે અને બાકી ત્રણ વસ્તુઓ—પ્રોટીન, બી વિટામિન અને કૅલ્શ્યમ–વધે છે. દૂધની મલાઈ એ જ ઘીનું તત્ત્વ. બાળકો ને કિશોરોને દેહ તથા મનની વૃદ્ધિ માટે વિટામિન 'એ' ઘણું જ અગત્યનું છે. એને અભાવે દેહની વૃદ્ધિ શકય જ નથી. એથી તો ડૉ. ઍક્રૉઇડના મત મુજબ સ્કિમ્ડ દૂધ માત્ર પુખ્ત ઉમરનાં માણસોને જ આપી શકાય તેવું છે. છતાં કઈ ઉંમરે માણસનાં દેહ અને મન પ્રગતિ કરતાં અટકી જઇ બંધાઈ જાય છે એ કળવું મુશ્કેલ છે. એથી વિટામિન 'એ' વગર પુખ્ત વયનાં માણસો ચલાવી જ શકે એ ભરોસે રહી તો શકાય જ નહિ.

બીજી બાજુએ જોતાં વિખ્યાત વનસ્પતિશાસ્ત્રી થૉર્પના અભિપ્રાય મુજબ વિટામિન 'એ' માત્ર પ્રાણિજ દ્રવ્યોમાં જ માલૂમ પડયું છે. વનસ્પતિમાં એનો સદંતર અભાવ છે. આ રીતે જોતાં જે પ્રજાને માંસ કે ઇંડાં ન ખપી શકે અને જેનો વિટામિન 'એ' મેળવવાનો એકમાત્ર આધાર ચોખ્ખું દૂધ, મલાઇ, માખણ અને ઘી ઉપર જ હોય તે પ્રજાને એનાથી વંચિત રાખવી એ એક ગુનો જ છે.

ડૉ. ઍક્રૉઇડે સ્કિમ્ડ દૂધમાં વિટામીન 'એ-કૉન્સેન્ટ્રેટ' મેળવીને અખતરો કરી જાહેર કરેલું કે એ રીતે એ દૂધ ગરીબ માતાઓનાં બાળકોને માટે લાભદાયી નીવડયું છે. છતાં એની સામે વર્જિનિયાની ઍગ્રિકલ્ચરલ કૉન્ફરન્સનો મત જોઇએ તો, 'વિટામિન કૉન્સેન્ટ્રેઇટનો અણઘટતો ઉપયોગ નુકસાનકારક જણાયો છે.' વળી વિટામિન 'એ'ના અભાવવાળા ખોરાક (સેપરેટેડ દૂધ) ઉપર ઊતરેલી ડેન્માર્ક અને જાપાનની પ્રજા ઝેરોથેલ્મિયા અને આંખનાં દરદોની ભોગ થઈ પડયાનો અહેવાલ પણ બહાર આવ્યો છે. ખુદ ડૉ. ઍક્રૉઇડે પણ હિંદની 'ન્યૂટ્રીશન ઍડવાઈઝરી કમિટી' આગળ કરેલા રીપોર્ટમાં આ ત્રણ રજૂઆતો મૂકી છે: (૧) વિટામિન 'એ' માત્ર પ્રાણિજ ઉત્પત્તિનું જ તત્ત્વ છે; (૨) હિંદની મોટા ભાગની શાકાહારી પ્રજાને પૂરતી મલાઇવાળું દૂધ જ વિટામિન 'એ' આપનારું સાધન છે; અને (૩) વિટામિન 'એ'ના સદંતર અભાવે ઝેરોથેલ્મિયા, આંખના દૃક્પટમાં શુષ્કતા, ટોડ સ્કિન, પાયોરિયા અને ડર્મેટિટિસ થવાનો સંભવ ખરો.

હવે એ દૃષ્ટિએ સેપરેટેડ દૂધનાં બાકી વધતાં તત્ત્વોનો અભ્યાસ કરીએ તો એ તત્ત્વોમાંનું વિટામિન બી અને કૅલ્શ્યમ (ચૂનો) તો વનસ્પતિના બીજા ખોરાકોમાંથી પણ મળી રહેવાનો પૂરો સંભવ છે. કૅલ્શ્યમનું સારૂં પ્રમાણ તો હિંદીઓને પાનપટ્ટીમાં વપરાતા ચૂનામાંથી યે મળી રહે તેમ છે. પરંતુ મેજર જનરલ સર રૉબર્ટ મૅકકેરીસનનો અભિપ્રાય છે કે 'દરેક જાતના ક્ષારોને પચાવવા ચરબીની જરૂર પડે છે. જો ખોરાકમાં ચરબી ન હોય તો કૅલ્શ્યમ પચતું જ નથી.' આ દૃષ્ટિએ જોતાં કૅલ્શ્યમ પચાવવાના એકમાત્ર આધાર ઘી કે દૂધની મલાઈ વગર બાકી રહેતું કૅલ્શ્યમ પણ શા ઉપયોગનું રહે?

હિંદના વનસ્પતિ-આહારીઓએ હવે કોઇ પણ ભોગે ચોખ્ખા દૂધ માટે વ્યવસ્થા કરી લેતાં શીખી જ લેવું જોઇએ. જેમને ઘેર જમીનો હોય તેઓ તો મોટરોને સ્થાને ગાયને રાખવાની સગવડ કરી લે. તો જ એમની ભાવિ પ્રજા બરબાદ થતી અટકશે.

કાચમાં નવીનતા

બરડ છતાં સખતમાં સખત અને પારદર્શક પદાર્થ તરીકે કાચ આજે ચાર હજાર વર્ષ થયાં માનવીની સેવા બજાવી રહ્યો છે. તે બરડ હોવાથી અત્યાર સુધી તેની વપરાશ મર્યાદિત હતી, પણ યુદ્ધકાળની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જે નવી શોધખોળો અને સંશોધનો હાથ ધરાયાં તેમાં ગુણધર્મે અદ્ભુત અને ઔદ્યોગિક ક્ષેત્રમાં ક્રાંતિ આણે એવો નવીન જાતનો કાચ પણ પેદા કરવામાં આવ્યો છે.

એ લાકડાની પેઠે વહેરી શકાય એવો, ખૂંટીઓ મારી શકાય તેવો, પાણીમાં તરી શકે ને રબ્બરની પેઠે વાળી શકાય એવો તથા સૂતરની પેઠે કાંતી અને રેશમની પેઠે વણી શકાય એવો હોય છે.

એ કાચનું કાપડ પણ બને છે. કરોળિયાની જાળના તાર જેવા બારીક અને મુલાયમ કાચના તારનું, પ્લાસ્ટિકના મિશ્રણ દ્વારા બનાવેલું એ કાપડ બીજા કોઇ પણ પદાર્થ કરતાં ચડિયાતું ને ગોળીથી ન વીંધાય તેવું બને છે. કૃત્રિમ હાથ-પગની બનાવટ માટે તેમજ ટેભા મારવાના દોરા તરીકે પણ આ નવી જાતના કાચનો વપરાશ થાય છે.

આમ તો કાચ બરડ હોય છે; પણ આ નવી બનાવટમાં તેને એટલો તો સ્થિતિસ્થાપક બનાવવામાં આવ્યો છે કે એ કાચના કાપડના કકડાને હાથમાં લઈ તેને ગમે તેટલો વાળીએ અને પછી છૂટો મૂકી દઇએ તો તેના ઉપર જરાયે ગડ કે કરચલી પડયા વગર તરત સીધો થઈ જાય છે. એ કાચના જાડા રૂને સુંવાળા કાચના કાપડ સાથે મિલાવી એવી જાતના તકતા બનાવવામાં આવ્યા છે કે જેને લાકડાની પેઠે વહેરી શકાય છે ને તેમાં ખીંટા પણ ઠોકી શકાય છે. આ કાચ અવાજને ખાળનાર તેમજ અગ્નિથી સળગી ના ઊઠે તેવો હોઇ તેનો વપરાશ સ્ટીમરોથી માંડી ઘરની સજાવટમાં થવા માંડયો છે.

ફોમ-ગ્લાસ એ કોલસારંગી છિદ્રાળુ કાચની જાત છે. તે બૂચથી યે હલકો, છિદ્રમય ને તરી શકે તેવા ગુણધર્મવાળો હોવાથી તેનો ઉપયોગ લાઇફ-બેલ્ટ વગેરે બનાવવામાં તેમજ યુદ્ધવિષયક સરંજામ બનાવતાં કારખાનાંઓમાં ઈંટો તરીકે થઇ રહ્યો છે.

ઍરોપ્લેનની બનાવટમાં પણ આ કાચનો વપરાશ શરૂ થયો

છે. આ કાચનું એરોપ્લેન, ઍલ્યુમીનિયમના એરોપ્લેન કરતાં વજનમાં અરધું હલકું પણ તેના કરતાં બમણું મજબૂત, ઝડપથી ઊડી શકે તેવું, સાદું અને લાંબા વખત સુધી કામ આપી શકે એવું હોય છે.

પાયરેક્સ કરતાં પણ ચડિયાતો એક સુપર-પાયરેક્સ કાચ બનાવવામાં આવ્યો છે. આ કાચ ૧૬૫૦ અંશ સુધીની ગરમી સહન કરી શકે તેવો તથા બીજા પદાર્થોને ખાઇ જાય તેવાં રસાયણો ભરવામાં આવે તોપણ ફાટી ના જાય તેવો છે. રસાયણો અને તેજાબ બનાવવાનાં કારખાનાંઓમાં એ કાચના પમ્પ અને નળીઓ વપરાવા માંડ્યાં છે. અગાઉ જ્યાં પોલાદની નળીઓ આઠ દિવસમાં ખવાઇને ખતમ થઇ જતી ત્યાં આ કાચના પમ્પ અને નળીઓ ત્રણ વર્ષ ઉપરાંત સુધી ઘસાયા વગર કામ આપ્યા કરે છે. —શિવપ્રસાદ ત્રિવેદી

મકાઇ

અનાજની અછતને કારણે રૅશનિંગમાં અપાતી ફરજિયાત મકાઈ સામે ઘણાને અણગમો છે, અને ખોરાકમાં તેના ઉપયોગ વિષે શંકા પણ સેવાય છે. પરંતુ આપદ્ધર્મ તરીકે અપનાવવી પડતી દરેક વસ્તુનો સદુપયોગ બુદ્ધિમાન પ્રજા હમેશાં શોધી કાઢે છે. મકાઇનાં ગુણતત્ત્વો તપાસીને તેનો યથાર્થ ઉપયોગ કરવાનું જો મન પર લેવામાં આવે તો ખોટો અણગમો એની મેળે દૂર થઈ જશે.

મકાઇ ખોરાક તરીકે ઘણે સ્થળે પ્રચલિત છે. આપણે ત્યાં પંચમહાલ જિલ્લામાં લોકો ઘઉંને બદલે મકાઇના લોટના જ રોટલા ખાય છે. ઘઉંની સાથે મકાઇને ખોરાક તરીકે સરખાવી જોઇએ તો એમાં ખાસ ધ્યાન ખેંચે તેવી માત્ર એક ખામી દેખાય છે: વિટામિન 'એ' અને 'બી' મકાઈમાં નથી અને ઘઉંમાં છે. બાકી કૅલરીઝની અને બીજાં તત્ત્વોની દૃષ્ટિએ બંનેમાં બહુજ ઓછો તફાવત છે. જુઓ:

તત્ત્વો	ઘઉંમાં	મકાઇમાં	તત્ત્વો	ઘઉંમાં	મકાઈમાં
ભેજ	૧૨.૨૮	૧૪.૯	ચૂનો	૦.૦૫	૦.૦૧
પ્રોટીન	૧૧.૮	૧૧.૧	ફૉસ્ફરસ	૦.૩૨	૦.૩૩
ચરબી	૧.૫	૩.૬	'એ' વિટામિન	૧૦૮	—
ખનીજ	૧.૫	૧.૫	'બી' વિટામિન	૧૮૦	—
રેસા	૧.૨	૨.૭	'સી' ,,	—	—
કાર્બોહાઇડ્રેટ	૭૧.૨	૬૬.૨	ઔંસમાં કૅલરી મૂલ્ય	૯૮	૯૭

ઘઉંને બદલે મકાઇ ખોરાક તરીકે વાપરીએ ત્યારે જો સારા શાકભાજી ને દૂધ કંઇક વધારે વાપરીએ તો ખૂટતાં તત્ત્વો મળી રહે.

મકાઈમાં ઘઉં જેવો સ્વાદ નથી; પણ શોધક વૃત્તિ હોય તો મકાઈની યે કેટલીક સ્વાદિષ્ટ વાનીઓ બની શકે છે. ઘઉંના લોટ સાથે મકાઇનો લોટ ૨ : ૧ના પ્રમાણમાં ભેળવીને ભાખરી, પૂરી, ખારીપૂરી, સક્કરપારા વગેરે બનાવવામાં આવે તો તે ઘણું જ ફરસું ને સ્વાદિષ્ટ બને છે. મકાઈના લોટને કરકરો દળાવી, છાશમાં એક દિવસ પલાળીને તેનાં ઢોકળાં સરસ બની શકે છે. એ ઢોકળા પોચાં ને ખાવામાં પણ સ્વાદિષ્ટ બને છે. એકલા મકાઇનાં ઢોકળાં પસંદ ન પડે તો ચોખાની કણકી અને દાળોના કકડા ભેગા દળાવવાથી પણ સારો આથો આવે છે. એ જ રીતે મકાઇનાં પકોડાં તથા વડાં પણ બને છે. ત્રણેક કલાક આગળથી મકાઇનો જાડો કરકરો લોટ છાશમાં પલાળી રાખવામાં આવે ને પછી તેમાં આદુ, મરચાં, કોથમીર, તલ વગેરે નાખીને ભજીયાંની જેમ તળવાં. ઢોકળાં ને પકોડા વધારે પોચાં બનાવવા સોડા બાઈ કાર્બ નાખવામાં આવે છે; પરંતુ બને ત્યાં સુધી એનો ઉપયોગ ઓછો કરવોએ વધારે સારૂં છે. આખા મકાઇને ૨૪ કલાક પલાળીને કોઈ કઠોળનું શાક કરીએ તેવી રીતે તેનું શાક પણ થઈ શકે છે. શાકને ઉતારતાં પહેલાં તેમાં થોડું દૂધ નાંખવાથી મકાઇમાં ખૂટતાં કેટલાક તત્ત્વો મળશે અને સાથેસાથે સ્વાદિષ્ટ પણ બનશે. આખા મકાઇની ધાણી પણ બને છે. બપોરના નાસ્તા વખતે છોકરાંઓને આપવામાં કશો જ વાંધો નથી. મકાઈની સાથે લીલાં શાકભાજી અને દૂધનું પ્રમાણ કંઈક વધારવામાં આવે તો મકાઈ લગભગ ઘઉં બની જશે. ('ગુજરાત સમાચાર'માંથી તારવીને)

આ માસ (નવેમ્બર) ઈતિહાસમાં

તા. ૧ હિંદની પ્રથમ સામ્રાજ્ઞી તરીકે વિક્ટોરિયાનો ઢંઢેરો, ૧૮૫૮

તા. ૩ મુંબાઇમાં મહાનાશઆણનારો ધરતીકંપનો આંચકો, ૧૮૫૪.

તા. ૪ કોંગ્રેસના શ્રેષ્ઠી જમનાલાલ બજાજનો જન્મ, ૧૮૮૯.

તા. ૫ બંગીય રાષ્ટ્રપુરુષ દેશબંધુ ચિત્તરંજન દાસનો જન્મ, ૧૮૭૦.

તા. ૭ છેલ્લા (કેદી) મુઘલ બાદશાહ બહાદુરશાહ ઝફરનું મૃત્યુ, ૧૮૬૨.

તા. ૧૧ પહેલા યુરોપીય મહાયુદ્ધની તહકૂબી, ૧૯૧૮.

તા. ૧૨ ચીનના તારણહાર રાષ્ટ્રપિતા સુન-યાત-સેનનો જન્મ, ૧૮૬૬.

તા. ૧૪ શોધસફરી બ્રૂસે બ્લુનાઇલનો પ્રવાહ શોધી કાઢ્યો, ૧૭૭૦.

તા. ૧૫ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના, ૧૯૨૦.

તા. ૨૦ મહાન રશિયન ચિંતક ટૉલ્સ્ટૉયનું અવસાન, ૧૯૧૦.

તા. ૨૪ ફ્રેન્ચની વિચારક્રાન્તિના જનક વૉલ્તેરનો જન્મ, ૧૮૩૫.

તા. ૩૦ ખ્યાત અમેરિકન હાસ્યલેખક માર્ક ટ્વેઈનનો જન્મ ૧૮૩૫.

આ માસની વ્યક્તિવિશેષ

પંડિત જવાહરલાલ નહેરૂ



ભારતદેશના જનગણમનમાં અધિદેવ રાષ્ટ્રપુરુષ તરીકે તથા દુનિયાભરમાં હિંદુસ્તાનના રાજપુરુષ તરીકે મહાત્મા ગાંધીજી પછી બીજું જ સ્થાન ધરાવનાર, ને દેશની આગામી સ્વાતંત્ર્યની ઉષારૂપ પહેલી રાષ્ટ્રીય સરકારના મોવડી પંડિત જવાહરલાલ નેહરૂનો જન્મ ઇ. ૧૮૮૯ના નવેમ્બરની ૧૪મી તારીખે અલ્લાહાબાદના અગ્રણી અને ગર્ભશ્રીમંત નાગરિક તથા વકીલ પંડિત મોતીલાલ નેહરૂને ત્યાં થયો હતો. મોટાં ભાગનું શિક્ષણ ઈંગ્લંડમાં હૅરો અને કૅમ્બ્રિજમાં લઈ તે એમ. એ. (કૅન્ટાબ) અને બૅરિસ્ટર થયા; પણ પિતાના ધંધાની સૂત્રરેખા આગળ લંબાવવા માટે હિંદમાં આવીને વકાલત શરૂ કરતાંમાં તો દેશના જાગૃત રાષ્ટ્રપ્રાણના ધબકારે એમને સ્પર્શ્યા; અને ૧૯૧૮માં કૉંગ્રેસની મહાસમિતિમાં ચુંટાયા પછી દેશકાર્યમાં જ ડૂબી ગયા. એ કૉંગ્રેસના મહામંત્રી થયા, દેશની સ્વાતંત્ર્યવેદી પર પિતાની સાથે સર્વ જન્મજાત અમીરી હોમી દઇને અસહકાર તથા તે પછીની બધી જ રાષ્ટ્રીય લડતોમાં મોખરે રહી અનેક વાર જેલ ગયા, અને સત્યનિષ્ઠ ભાવનાભક્ત તથા ઉગ્ર-તેજસ્વી વ્યક્તિત્વવાળા એ યુવાન નેતા દેશના તરુણવર્ગની મનોમૂર્તિ અને સાક્ષાત સ્વાતંત્ર્યમૂર્તિ બની ગયા. ૧૯૨૯–૩૦થી માંડીને આજ સુધીમાં પાંચેકવાર એ કૉંગ્રેસના પ્રમુખ થયા છે અને આજે પહેલી રાષ્ટ્રીય સરકારના વડા સ્થાન પર પણ સ્વાભાવિક રીતે એ જ આવ્યા છે. જેલવાસ દરમ્યાન લખેલી પોતાની આત્મકથા તથા જગતના ઇતિહાસનું રેખાદર્શન વગેરે અનેક પુસ્તકોથી એ વિદેશોમાં પણ ખ્યાત થયા છે; અને પોતાના યુરોપવાસ દરમિયાન રશિયાની અને તે પછી ઈ. ૧૯૩૯માં કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકે ચીનની સફરોમાં ત્યાંનો સંપર્ક પામી આવનાર એ નેતા આ દેશના વિદેશ સાથેના સંબંધોના સૌથી વધુ જ્ઞાત પુરુષ હોઇને નવી સરકારમાં વિદેશ પ્રધાન તરીકેનું નાજુક અને મહત્ત્વનું સ્થાન પણ એ જ સંભાળે છે.

—સોરઠા—

દેખી દોષ લગાર ગુણીને અવગણવું નહિ
સુંદર ખુશબોદાર ગુલાબને કાંટા ન કર્યાં?

—પૂજાલાલ—

એકવાર રા.બ.રણછોડલાલે એક ગૃહસ્થના સમાચાર પૂછ્યા. જવાબ મળ્યો કે 'માણસા છે, ત્યાંથી કાલે સગરામમાં આવશે.' એમણે પૂછ્યું: 'સગરામમાં શેના? આગગાડી છે ને?' આ બાબતમાં માણસાને બદલે મેસાણા સમજવામાં એમનું સ્ખલન થયું હતું. જવાબ આપનારે સભ્યતાથી કહ્યું, 'રેલવે સ્ટેશન છે તે તો મેસાણા, માણસા નહિ.' તરત રણછોડભાઇનો હાથ પોતાના ગાલ પર પડ્યો: 'આ શું? હું ભૂલ્યો?!' એમ એ ચોક્સાઈના ભક્તે પોતે પોતાને સજા કરી.

કહેવતોના અર્થ: 'ઠોઠ નિશાળિયાને વતરણાં ઘણાં.'—ઓછી આવડતવાળા માણસો પોતાનું અજ્ઞાન છુપાવવા માટે અથવા આત્મસંતોષ માટે ખોટો ડોળ કે ઠાઠ વધુ રાખે તે દર્શાવવા માટે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવતો પણ છે: 'અણકસબી હજામને અસ્રા ઘણા'; 'ઠાલો ઠાઠ ને ઠમકો ભારે'.

અનેકાર્થી શબ્દ: **ગુંજ**=ગણગણાટ; છૂપી વાત કે ભેદ; ચણોઠી, ચણોઠીનું ઝાડ; ચણોઠી જેટલું વજન, રતી; ગાંઠ.

હિંદની ૧૯૪૧ની વસતિગણત્રી વખતે પુછાએલા ૨૨ સવાલો પૈકી જો કોઇ પણ પ્રશ્નનો જવાબ સૌથી મુશ્કેલ બન્યો હોય તો તે માણસોની 'ઉંમર' વિષેનો હતો! દેશવ્યાપી અભણતાને કારણે આ દેશના ૩,૮૯,૦૦૦,૦૦૦ લોકોના ૭૫ ટકા ભાગની ઉંમર તો વસતિગણતરી કરનારાઓએ ગયા ૮૦ વરસમાં બનેલા બનાવોને લગતા પ્રશ્નો પૂછીને તે પરથી અટકળે મૂકેલી! દાખલા તરીકે કોઇને ૧૯૦૧માં થએલ મહારાણી વિક્ટોરિયાનું અવસાન યાદ હોય પણ ૧૮૯૮નો દુકાળ યાદ ન હોય, તો કલ્પી લે કે એનો જન્મ લગભગ ૧૮૯૪-૯૫માં થયો હશે.



તામિલ દેશમાં થએલા પાંડ્ય રાજવંશે ૭થી૧૨મા સૈકા સુધીમાં, બહુ તડકીછાંયડી જોએલી. તેના સિક્કા પર ચિત્રવિચિત્ર આકૃતિઓ મળી આવે છે. પણ પાછળથી બૌદ્ધ ધર્મ છોડીને બ્રાહ્મણ ધર્મ અંગીકાર કર્યા પછીના કાળના બધા સિક્કાઓમાં માછલીની આકૃતિ હોય છે. ઉપર આપેલા સોનાના સિક્કાની એક બાજુ ચંદરવા નીચે બે માછલીઓ છે, જેને જમણે પડખે દીપક અને ડાબે પડખે ચામરનું ચિત્ર છે. સિક્કાની પાછલી બાજુ અણઉકેલ લિપિમાં કૈંક લખાણ છે. કેરળના ચેરા વંશનો તો આજ સુધી માત્ર એક જ સિક્કો મળી આવ્યો છે જેની બંને બાજુ નાગરીમાં લખાણ છે.

ઝાંખા પડી ગએલા ગાલીચા ધોવા માટે કોકરવરણા પાણીમાં થોડું ટર્પેન્ટાઈન નાખીને ધોવાથી ચમક આવશે.



દુનિયાનો મોટામાંમોટો મહાસાગર પાસિફિક, વિસ્તારમાં એવડો જંગી છે કે પૃથ્વીના ગોળા ઉપર તેના કોઈ પણ બે આત્યંતિક કિનારા એકીસાથે જોઈ શકાતા નથી.

ગણિત–ગમ્મત

$$૧^{૩} = ૧= ૧^{૨}=(૧)^{૨}$$
$$૧^{૩}+૨^{૩} = ૯= ૩^{૨}=(૧+૨)^{૨}$$
$$૧^{૩}+૨^{૩}+૩^{૩} = ૩૬= ૬^{૨}=(૧+૨+૩)^{૨}$$
$$૧^{૩}+૨^{૩}+૩^{૩}+૪^{૩} =૧૦૦=૧૦^{૨}=(૧+૨+૩+૪)^{૨}$$
$$૧^{૩}+૨^{૩}+૩^{૩}+૪^{૩}+૫^{૩} =૨૨૫=૧૫^{૨}=(૧+૨+૩+૪+૫)^{૨}$$
$$૧^{૩}+૨^{૩}+૩^{૩}+૪^{૩}+૫^{૩}+૬^{૩} =૪૪૧=૨૧^{૨}=(૧+૨+૩+૪+૫+૬)^{૨}$$
$$૧^{૩}+૨^{૩}+૩^{૩}+૪^{૩}+૫^{૩}+૬^{૩}+૭^{૩} =૭૮૪=૨૮^{૨}=(૧+૨+૩+૪+૫+૬+૭)^{૨}$$


અને એ પ્રમાણે આગળ તમે ચાહો તેટલું વધારી શકાય. —મ. ના. ખત્રી

આપણો પ્રાણ ભૂતકાળમાં સચવાએલો છે. તે ભૂતકાળના કોઠારમાં જ રાખી મૂકવાથી કશો લાભ નથી. તેને વર્તમાનકાળની ભૂમિમાં વાવીશું તો જ ભવિષ્યકાળનો પાક આપણે હાથ લાગશે. —કાલેલકર

પત્ની: પુરુષો મગજને બહુ તકલીફ આપે છે તેથી જ એમને માથે તાલ પડતી લાગે છે.

પતિ: અને સ્ત્રીઓ મોંને વધુ તકલીફ દે છે તેથી જ તેમને મૂછો નહિ ઊગતી હોય?


દાકતરો પેટના કૃમિ પર સૅન્ટોનીન નામની જે દવા આપે છે તે આંખ ઉપર બહુ વિપરીત અસર કરે છે, ને કમળાની માફક પદાર્થો પીળા દેખાવા માંડે છે; માટે કોઈ નિષ્ણાતની સલાહ વિના તેનો ઉપયોગ ન કરવો.



મલય દેશમાં સિક્કા આમ એકસામટા જોડેલા પાડવામાં આવે છે. જરૂર પડે તેમ ભાંગીભાંગીને વાપરવાના!


અમેરિકાની ટિકિટો પર જો કોઇપણ પૂર્વદેશની વ્યક્તિની છબિ આવી હોય તો તે ડૉ. સુન યત સેનની–ઈ. ૧૯૪૨માં ચીનના સ્મરણમાં અમેરિકાએ કાઢેલી ટિકિટ પર.

યુદ્ધમાં બહાદુરી માટે અપાતો વિક્ટોરિયા ક્રૉસ ચન્દ્રક હમણાં સુધી ક્રીમિયન યુદ્ધમાં પકડાએલી તોપોની ધાતુઓમાંથી બનાવવામાં આવતો. એ હવે ખૂટી જવાથી શાહી ટંકશાળ ગનમેટલમાંથી તે બનાવે છે.



એક પૂલ નીચેથી જતા રેલ્વેના પાટાના આ દૃશ્યમાં આ બાજુ જે બે એકલા છેડા જણાય છે તે નરી આંખે દેખાય છે તેમ બહારના પાટાના નહિ, પણ અંદરનાં પાટાના છે. દૃષ્ટિભ્રમનો એક વધુ નમૂનો.





ભારતીય કળામાં વિસ્તૃતિ-દર્શનની પદ્ધતિ

ડાબી બાજુથી : (૧) સાંચીના સ્તૂપ પરની તકતીમાં મહાકપિ જાતકની કથા; (૨) પ્રાચીન ગુજરાતી ચિત્રકલામાં રાધા-કૃષ્ણનો પ્રસંગ; (૩) વૈષ્ણવી સંપ્રદાયમાં ઠાકોરજી પાછળ ધરાવાતી પિછવાઇ.

ચિત્રમાં ચીતરવાના કોઇપણ વિષયની વિસ્તૃતિ ત્રણ પ્રકારની હોય: લંબાઈ, પહોળાઈ અને ઊંડાઇ. પણ ચિત્ર ચીતરવાના કાગળને તો બે જ વિસ્તૃતિ હોય છે: લંબાઇ અને પહોળાઇ; ઊંડાઇ એને હોતી નથી. આથી ચિત્રમાં ઊંડાણનો, ઘનત્વનો કે દૂરત્વનો આભાસ કરાવવા માટે જુદાજુદા દેશના ચિત્રકારોએ જુદીજુદી પદ્ધતિ અખત્યાર કરી છે. પશ્ચિમના ચિત્રકારો છાયા અને પ્રકાશના પટ વડે ચિત્રવસ્તુને ઘનત્વ આપે છે, અને દૃશ્યચિત્રોમાં, વસ્તુ જેમજેમ આઘેની હોય તેમતેમ પર્સ્પેકટિવ (યથાદર્શન)ના નિયમો પ્રમાણે તેને નાનીનાની બતાવતા જઇને દૂરત્વનો આભાસ કરાવે છે. પણ પૂર્વના (હિંદ અને ચીનના) કલાકારોએ આ દૂરત્વ કે ઊંડાણ દર્શાવવા માટે જુદી જ રીત અખત્યાર કરી છે. જે વસ્તુ જેટલી પાછળ હોય તેટલું ઊંચે તેને ચિત્રપટમાં સ્થાન આપવામાં આવે છે. ધારો કે એક ચિત્રમાં એક માણસની પાછળ ઝાડ અને એ ઝાડની પાછળ મંદિર બતાવવું હોય, તો ચિત્રપટમાં માણસ સૌથી નીચે, પછી તેથી ઊંચે ઝાડ, અને તેથી ઊંચે મંદિર ચીતરવામાં આવે છે. (જુઓ આ અંકમાં પૃ. ૨૪૭ ઉપરની આકૃતિ તથા વિવેચન) આમ, પશ્ચિમના ચિત્રકારો 'દૃષ્ટિને' વફાદાર રહે છે,–એટલેકે જેવું દેખાય તેવું ચીતરે છે; જ્યારે પૂર્વના કલાકારો ચિત્રવસ્તુના ભાવને તથા તેમાંની ક્રિયાના વર્ણનને તેમજ તે વસ્તુઓના પરસ્પરના સંબંધને આલેખવાનો પ્રયત્ન કરે છે. વળી, પશ્ચિમના ચિત્રકારો યથાર્થ દર્શન કરાવવા દૂરની વસ્તુઓને પ્રમાણમાં નાની ને નાની ચીતરતા જાય છે તેમ પૂર્વના કલાકારો કરતા નથી. તેઓ પોતાના ચિત્રવિષયનાં કદ, તેમના દૂરત્વ અનુસાર યથાદર્શન નાનાં-મોટાં કરતાં નથી, પણ ચિત્રમાંનાં પાત્રોની મહત્તાના પ્રમાણમાં તે નાનાં-મોટાં કરે છે. અજંતાની ગુફામાંનું બુદ્ધ યશોધરા અને રાહુલનું વિખ્યાત ચિત્ર જેમને યાદ હશે તેમને સમજાશે કે તેમાં બુદ્ધનું પાત્ર આખું ચિત્ર ભરાઈ જાય એવડું મોટું ચીતર્યું છે તે આ જ દૃષ્ટિએ. આ ઉપર આપેલાં ચિત્રો પૈકી વચલા ચિત્રમાં રાધા અને સખિઓ દૂર હોવા છતાં કૃષ્ણના કદનાં જ ચીતરેલાં છે; અને પિછવાઈના ચિત્રમાં બધી ગાયો એકસરખી, અને બંસીધરના કરતાં પણ કદમા નાની દર્શાવી છે. ઉપરનું પહેલું ચિત્ર સાંચી (મધ્યભારત)ના પ્રાચીન સ્તૂપના એક સ્તંભ ઉપરની તકતીમાં કોરેલા ઈ. સ. પૂર્વેની પહેલી સદીના ભાસ્કર્યનું છે, જેમાં ભગવાન બુદ્ધના પૂર્વજન્મની જાતકકથાઓ પૈકી મહાકપિજાતકની વાર્તાનું આલેખન છે. કથા એવી છે કે એક જન્મે ભગવાન બુદ્ધ ગંગાકિનારા પરના એક આંબાના ઝાડમાં રહેતા વાનરોના ટોળાના કુલપતિ હતા. એ આમ્રવૃક્ષનાં મધુર ફળોની આકાંક્ષાથી કાશીરાજ બ્રહ્મદત્તે સૈનિકો લઇને ઝાડને ઘેર્યું ત્યારે કુલપતિ મહાકપિએ પોતાના દેહનો પૂલ બનાવીને તે પર ચલાવી બધા વાનરોને ગંગા પાર કરી દીધા. એમ કરતાં દુષ્ટ દેવદત્ત, જે તે વખતે વાનરો પૈકીના એકના અવતારમાં હતો તેણે મહાકપિના દેહ પર જોરથી ભુસ્કો મારી તેમનું મરણ નિપજાવ્યું છતાં મહાકપિની મહાનુભાવતા જોઈ રાજા બ્રહ્મદત્તને પશ્ચાત્તાપ થયો અને મૃત્યુ પામતા મહાકપિએ તેને રાજધર્મનો બોધ કર્યો. આ પ્રસંગનું નિરુપણ ઉપરના ભાસ્કર્યમાં પૂર્વની આલેખન પદ્ધતિએ કરેલું જણાશે. એટલા નાના પટમાં આમ્ર વૃક્ષ, નદી, (તેમાંનાં માછલાં) નદી પર દેહ પાથરી રહેલા મહાકપિ, નીચેના ભાગમાં સૈનિકો અને જમણી તરફ નદીના સામા પારનું દૃશ્ય—જેમાં ટેકરીઓ, ઝાડ, સૂતેલું હરણ વગેરેથી જંગલનું સૂચન કરેલું છે—એ બધાંનું સંયોજન જોતાં પશ્ચિમની યથાદર્શન પદ્ધતિથી તે તદ્દન જુદી જ રીતનું જણાશે. આમ્રવૃક્ષની નીચે, વળી પાછું, આ વાર્તાના બીજા પ્રસંગનું આલેખન છે, જેમાં મહાકપિ રાજાને બોધ કરે છે. વચલું ચિત્ર સોળમા સૈકાની અસલ ગુજરાતી ચિત્રકારીનો નમૂનો છે જેમાં રાધા, ઉદ્યાનમાં નક્કી કરેલા મિલનસ્થાને રાહ જોતા કૃષ્ણને મળવા આવતી ચીતરી છે. ત્રીજું ચિત્ર પંદરમા સૈકાની પિછવાઈનું છે, જેને વિષે આ અંકના મુખચિત્રમાં વિગતવાર સમજણ આપીને તેનાં આકર્ષક સૌન્દર્યતત્ત્વોનું નિદર્શન કરાવ્યું છે.